શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૦મું
ઓક્ટોબર - ૨૦૧૭ • અંક : ૪
પાના નં.-૧ • (કુલ પેજ : ૫૦)

૧૫ ઓક્ટોબર, ૨૦૧૭ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૧૦-૨૦૧૭ કિંમત : રૂા. ૧૮/-




તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) • દિનેશભાઈ આર. મહેતા • ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ - ૩૮૦૦૦૬. • ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

Girlie™

Ladies Bag | Ladies Foot Wear

Unit-1, Ground Floor, Urja House, Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.

મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૪૦૦૯૬૯-૭૦

- ફિક્સ ડીપોઝિટ ઉપર આકર્ષક વ્યાજદરો
- બચત તથા કરંટ ખાતા માટેની યોજના
- રૂા. ૧ કરોડ સુધીની લોન ધિરાણની વિવિધ યોજનાઓ અને વ્યાજનો દર

FD ના ખાતેદાર માટે ૯૦ થી ૯૫% સુધી OD માત્ર ૧ % વધુ વ્યાજ થી તેમજ થર્ડ પાર્ટી OD માટે પણ માત્ર ૧% વધુ વ્યાજ.
વિવિધ સાઈઝના લોકર ફક્ત ગ્રાહકો માટે વગર વ્યાજની ડીપોઝિટથી



SILICON®
ZERO MAINTENANCE LAMINATE

RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

Navinbhai Patel
Director
Mob. : 9825034905

Ramjibhai Patel
Ratanshibhai Patel

PATIDAR

PATIDAR PACKERS PVT. LTD.

Wooden Boxes Crafts & Pallets.
Mfrgs. & Specialist in Seaworthy Packaging.

Opp. Ahmedabad Steel Craft, Near G.V.M.M., Odhav Road, Ahmedabad - 382 415.
Ph.: 079 - 22901233, 22902433, 22900933

Aashish Dinesh Mehta

Vikas Infrastructure
Land Developers & Investors

804, Aakridi Heights, Opp. Aangan Party Plot,
Nr. Prerna Tirth Derasar, Satellite, Ahmedabad-15.

(M) : 93741 31715, 94288 26997

Email : vikas_infra@rediffmail.com

હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004

પ્રેરણા સ્રોત
- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ

jaymahaparishad@gmail.com
shreeraghuvansham@gmail.com

મહેમાનોનું માન, સ્નેહીઓનું સન્માન... કર્ણાવતીની દાબેલી થી જ શોભે...

મણીનગરના પ્રખ્યાત
કર્ણાવતી™ દાબેલી સેન્ટર



Our Main Branch
Maninagar
1, Radhamandir Complex, Opp. Hirabhai Tower,
Uttamnagar, Maninagar, Karnavati - 380 008.
Drive-In-Road
LL /12, Indraprastha Tower, Nr. Himalaya Mall, Drive - In - Road, Bodakdev, Ahmedabad- 380052.
Bopal
A -01 & 02, New York Arcade, Nr. Bhavya Park, Opp. Inductherm, Bopal, Ahmedabad.
★ Food's Regent Spice Products (Mfg. Dabeli Instant Masala)
6,7,8, Ground Floor, Karmam Avenue, Opp. Surya City,
B/h.Hirabhai Tower, Maninagar, Ahmedabad.

Mahendra Sangoi
Chairman, M.D.

RAMDEV
GROUP

Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers

Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E), Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

વર્ષ-૩૨ ● અંક - ૪
૧૫ ઓક્ટોબર, ૨૦૧૭

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com
●
Kutchshruti Available on
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧ :-

**તંત્રી લેખ**
- ગુજરાતની નર્મદા યોજના પર એક દૃષ્ટિપાત ................................ **અશોક મહેતા**....૫
- શ્રદ્ધાંજલિ
  સાર્થક જીવનના એક સમર્થ સંસ્કારી માનવ શ્રી ચંદ્રકાંત સંઘવીની ચીર વિદાય .......... ....૮

**સાંપ્રત**
- બુલેટ ટ્રેઈન – (૧)
  અત્યાધુનિક યુગ પ્રવેશની ભારતની હરણફાળ .............................. **પ્રવીણચંદ્ર શાહ**....૯

**અતીતમાં નજર**
- અતીતની અટારીએથી – ૬ ........................................ **ભાવાનુવાદ : ભરત ભટ્ટ**....૧૩

**ઉત્સવ**
- લાગણી સમજવા શબ્દોની ક્યાં જરૂર છે?
  વાંચતા આવડે તો આંખ પણ કાફી છે! ............................ **ભોલાભાઈ ગોલીબાર**....૧૫

**અરમાન**
- ઓજસ ................................................................ **પુષ્પાબેન વૈદ્ય 'અમી'**....૧૬

**હાસ્ય રસ**
- શહાદતની સાલગીરા! ........................................................... **ચિત્રસેન શાહ**...૧૭

**સ્વાસ્થ્ય**
- વારંવાર હાથ ધોવા – (૨) ............................... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**....૧૮
  **ડૉ. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક**
- ભૂ લોકનું અમૃત 'ગાયનું દૂધ' ................ **ડૉ. (વૈદ્ય) લલિતભાઈ એમ. ચૌહાણ**...૨૧

**વાર્તા**
- વાતવાતમાં : રામાવતાર... કૃષ્ણાવતાર પર ભારી................. **બલવીરસિંહ જાડેજા**.....૨૩
- બે રૂપિયા ............................................................. **રમીલા પી. મહેતા**.....૨૫
- "વિમાસણ" ...................................................... **સોની મિનાક્ષી ભાઈલાલ**.....૨૭


**વિવિધતા**
- પ્રતિભાવ ● અન્ય સંસ્થાના સમાચાર ........................................................ ૩૧
- શબ્દ શોધ : ક્રમાંક - ૬૫ ..................................................... ...**પ્રદીપ જોશી**....૩૪
- 'રજનીગંધા' વાર્તા સંગ્રહનું લોકાર્પણ ● પુસ્તક પરિચય ........................................ ૩૫
- માઈક્રો ફિક્શન : મલકાટ ................................................ **શંકર ન. ઠક્કર**....૩૬

**મેઘ ધનુષ**
- સમી સાંજનો તડકો ................................................... **રમીલા પી. મહેતા**....૩૭
- ઈંગિત ........................................................... **નવીન ત્રિપાઠી 'અલ્પ'**....૩૭
- લેર લખપતજી ........................................................ **પ્રભુલાલ સિધ્ધપુરા**....૩૭
- પાંજો ભોજીઓ............................................... **દિલીપ આચાર્ય 'દિલકશ'**....૩૭
- વધુ શું જોઈએ? ................................................. **નવીન ત્રિપાઠી 'અલ્પ'**....૩૮
- સ્મૃતિ ........................................................... **ભાવના સૂર્યકાંત ભટ્ટ**...૩૮
- સરકાર : **ચંદ્રકાંત બક્ષી** ● ગઝલ : **મુરજી ચાવડા પ્રેમ**. ........................................ ૩૮

## વિભાગ-૨ :-

- સમાજ સમાચાર ............................................................................ ૪૧-૪૬
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ............................................ ૪૭

## શુભ દીપાવલીના પ્રસંગે
## આપ સૌ પરિવારજનોને શુભકામના
## તથા નૂતન વર્ષના હાર્દિક અભિનંદન સાથે
## સુખ, સંપત્તિ અને સમૃદ્ધિની શુભેચ્છા



**ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિના સર્વે સભ્યશ્રીઓ**

**તથા 'કચ્છશ્રુતિ' પરિવાર**

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
**ફોન : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪**

---

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

*કોઈપણ વ્યક્તિ, સુજ્ઞ વાચકવર્ગને શ્રી કચ્છી સમાજ-અમદાવાદના કાર્યાલયમાં અગર કોઈપણ ખાતા અથવા વિષયની રકમ બેંક ખાતામાં જમા કરાવવી હોય તો સમાજના બેંક ખાતાની વિગત અત્રે જણાવેલ છે.*

| | |
|---|---|
| નામ / Name | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kutchhi Samaj – Ahmedabad.** |
| બેંક | : **ભારતીય સ્ટેટ બેંક,** પાલડી બ્રાંચ, બોની ટ્રાવેલ્સની બાજુમાં, અમદાવાદ-૩૮૦૦૦૬. |
| **Bank** | : **State Bank of India,** Paldi Branch, B/s. Bony Travels, Ahmedabad-380006. |
| ખાતા નંબર | : **૧૦૦૧૧૩૧૫૦૩૯ - A/C No. : 10011315039 • Bank Phone : (079) 26577952** |
| આઈએફએસ કોડ | : **IFS Code : SBIN0005306** |

*ઉપર મુજબ કાર્યવાહી બાદ તે ટ્રાન્ઝેક્શનની વિગત આ સમાજને **SMS,** વોટસ-અપ, પત્ર અથવા ઈ-મેઈલ દ્વારા કરવી જરૂરી છે.*

**Tel : (079) 26576184, 40076184 • Email : Kutchhisamaj@gmail.com**

**કાર્યાલયનું સરનામું : શ્રી કચ્છી સમાજ-અમદાવાદ** : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. **વોટ્સઅપ : ૯૬૦૧૨૭૫૦૭૮**

તંત્રીલેખ

# ગુજરાતની નર્મદા યોજના પર એક દૃષ્ટિપાત



અશોક મહેતા

સરદાર વલ્લભભાઈ પટેલે જે બંધની આછેરી પરિકલ્પના છેક ૧૯૪૬માં કરેલ હતી એ સરદાર સરોવર બંધનું લોકાર્પણ તેની પરિકલ્પનાના ૭૧ વર્ષ બાદ એટલે કે ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

સરદાર સરોવર બંધની પરિકલ્પના અને તેના લોકાર્પણની વચ્ચેના ૭૧ વર્ષના ગાળામાં તે યોજનાને જે અવરોધોનો સામનો કરવો પડ્યો તેટલા અવરોધો દુનિયાની કદાચ કોઈ પણ સિંચાઇ યોજનાને નહીં નડ્યા હોય. માત્ર અને માત્ર ગુજરાત રાજ્યના જે-તે સમયના સંચાલકોએ એકજૂટ રહીને આ યોજનાને આગળ ધપાવવાના જે સઘન પ્રયાસો કર્યા તેના કારણે આ યોજના ફળીભૂત થવા પામેલ છે.

આ યોજનાનો ઈતિહાસ નોંધી રાખવા જેવો છે.

૧૯૪૬માં આ યોજનાની પરિકલ્પનાની વાતો બહાર આવી અને તેના પ્રયાસો આદરી દેવામાં આવ્યા. ગુજરાત રાજ્યની સ્થાપના પછી ૧૯૬૧માં તત્કાલીન વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુના વરદ્ હસ્તે તેની શિલારોપણ વિધિ કરવામાં આવી. ત્યારબાદ તેના બાંધકામ આડે અનેક વાંધા વચકા ઊભા કરવામાં આવ્યા. આ યોજનાના સંલગ્ન ૪ રાજ્યો વચ્ચે પણ મત-મતાંતરો ઊભા થયા. છેવટે ૧૯૬૯માં તેના અસરકર્તા ૪ રાજ્યો – ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન વચ્ચે ઉકેલ લાવવા સ્પેશિયલ ટ્રીબ્યુનલની રચના કરવામાં આવી. ૧૯૭૯માં ટ્રીબ્યુનલે ચુકાદો આપ્યો. આ ચુકાદા પ્રમાણે ગુજરાતને નર્મદા નદીના ૯ એમ.એ.એફ. પાણી ફાળવવામાં આવ્યા અને ઉત્પાદન થતી વીજળીમાં ૧૬ ટકા હિસ્સો મળ્યો. વધારાના પાણી (કે જેનો જથ્થો અંદાજિત ૩ એમ.એ.એફ. હોવાની ગણના કરવામાં આવી.) પણ ગુજરાત વાપરી શકે તેવું આ ચુકાદામાં ઠરાવવામાં આવ્યું. પરંતુ કાશી હજી દૂર હતું. આ ચુકાદા બાદ અનેક અવરોધોના કારણે બંધનું કામ શરૂ ના કરી શકાયું. ત્યારબાદ ૧૯૮૭માં તત્કાલિન વડાપ્રધાન રાજીવ ગાંધીએ પર્યાવરણની મંજૂરી આપી. તે ચુકાદા સામે વિરોધીઓ સુપ્રીમ કોર્ટમાં ગયા. મેઘા પાટકરે વિસ્થાપિતોના પુનઃ વસવાટના પ્રશ્નો ઊભા કર્યા. છેક ૧૯૯૮માં સુપ્રીમ કોર્ટે દરેક સ્ટેજે વિસ્થાપિતોના પુનર્વસવાટની વ્યવસ્થા ઊભી થયાની ખાતરીના ધોરણે બંધની ઊંચાઈ વધારવાની પરવાનગી આપી. ત્યારબાદ આ કામ શરૂ થઈ શક્યા. ૬ વર્ષના ગાળામાં એટલે કે ૨૦૦૪માં ૧૧૦.૬ મીટરની ઊંચાઈએ પહોંચી શકાયું અને ત્યાર પછીના બે વર્ષમાં એટલે કે માર્ચ-૨૦૦૬માં ૧૨૧.૯૬ મીટરની ઊંચાઈ સુધી જવાની પરવાનગી મળી અને ત્યારબાદના સમયમાં ત્યાં સુધીનું કામ પૂરું પણ કરી દેવામાં આવ્યું. આ ઊંચાઈએ પહોંચ્યા બાદ બંધના દરવાજા ફીટ કરવાની કામગીરીનો આરંભ કરી શકાય. પરંતુ ફરી વિસ્થાપિતોના નામે અવરોધો ઊભા કરવાનું બંધના વિરોધીઓએ શરૂ કર્યું. ૨૦૧૪માં વડાપ્રધાન પદે શ્રી નરેન્દ્ર મોદી આરૂઢ થયા બાદ માત્ર ૧૩ દિવસમાં તેઓએ આ બિનવ્યાજબી દખલગીરી બંધ કરાવી બંધના કામકાજમાં આગળ વધવાની પરમિશન અપાવી અને જોતજોતામાં ૧૨૧.૯૬ મીટરથી ૧૩૮.૩૮ મીટરની નિયત ઊંચાઈ સુધી બંધના ૩૦ દરવાજા ફીટ કરવાના કાર્યોનો આરંભ થઈ શક્યો અને ત્યારબાદ તે કામગીરી પરિપૂર્ણ કરી લેવામાં આવી. ત્યારબાદ ૧૬ જૂન, ૨૦૧૭ના નર્મદા કંટ્રોલ ઓથોરીટીએ આ દરવાજા બંધ કરવાની પરવાનગી આપતા બંધમાં પાણી ૧૩૮.૩૮ મીટની નિર્ધારીત ઊંચાઈ સુધી સંગ્રહિત કરી શકાયું અને ત્યારબાદ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૭ના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વરદ્ હસ્તે તેનું લોકાર્પણ કરવામાં આવ્યું.

આમ આપણે જોઈ ગયા કે ૧૯૬૧થી ૧૯૯૮ સુધી વિવિધ અવરોધોના કારણે વ્યવહારમાં નોંધપાત્ર કોઈ કાર્યો કરી શકાયા નહીં. બંધના કાર્યો ૧૯૯૮ પછી જ શરૂ થઈ શક્યા. ૧૯૯૫માં ભાજપ સરકાર ગુજરાતમાં સત્તા પર આવી. જોગાનુજોગ ત્યારબાદ જ લીલી ઝંડી મળવાના કારણે આ યોજનાના મોટાભાગના કામો શરૂ કરી શકાયા.

૧૯૭૯ના ટ્રીબ્યુનલના ચૂકાદા પ્રમાણે નર્મદા નદીના ૨૮ એમ.એ.એફ. નિયમિત પાણીમાંથી ગુજરાતને ૯ એમ.એ.એફ. પાણી ફાળવવામાં આવેલ હતા કે જેનો ૮૮ ટકા પાણીનો હિસ્સો (૭.૯૨ એમ.એ.એફ.) સિંચાઈમાં, ૧૦ ટકા પાણી (૦.૯ એમ.એ.એફ.) પીવાના વપરાશ માટે અને માત્ર ૦.૨ ટકા પાણીનો હિસ્સો (૦.૧૮ એમ.એ.એફ.) ઉદ્યોગોના વપરાશ માટે નક્કી કરવામાં આવેલ હતો.

ગુજરાતને ફાળવાયેલ ૯ એમ.એ.એફ. પાણીમાંથી સિંચાઈ માટે ૭.૯૨ એમ.એ.એફ. જેટલા પાણી ફાળવવામાં આવે તો ૨૦ ઈંચના ડેલ્ટાથી લગભગ ૪૫,૦૦,૦૦૦ એકર જમીન પર સિંચાઇ થઈ શકે. ૨૦ ઈંચના ડેલ્ટા એટલે ખેતીની જમીન પર અલગ અલગ દિવસે જે પાણી આપવામાં આવે તેની ટોટલ ઊંચાઈ ૨૦ ઇંચ થાય તો તે જમીન પર ૨૦ ઇંચ ડેલ્ટાથી પાણી આપવામાં આવ્યું એમ કહેવાય. સામાન્ય રીતે જુવાર, બાજરી, ઘઉં વગેરેની બિન નહેરની ખેતીમાં અમુક અમુક દિવસે કોસ દ્વારા જે પાણી આપવામાં આવે છે તે એક વખતનું પાણી એટલે કે ૨ ઈંચ ઊંચાઈનું પાણી. એક પાક માટે આ રીતે ૧૦ વખત પાણી આપવું પડે. ઉપરોક્ત ગણનામાં ચોખા અને શેરડીના પાકને બાકાત રાખવામાં આવેલ છે કેમકે આ પાકોને સામાન્ય રીતે ૬૦ ઈંચના ડેલ્ટાથી પાણીની જરૂરિયાત રહે અને એટલું પાણી તે પાકોને નર્મદાના ફાળવવામાં આવેલ પાણીથી ગુજરાત ફાળવી ના શકે.

નર્મદા નદીના ગુજરાતને ફાળવવામાં આવેલ પાણીના વિતરણ માટે આયોજન મુજબ ૪૫૮ કિ.મી. લાંબી એક મુખ્ય કેનાલ બનાવવામાં આવેલ છે કે જે નર્મદા બંધથી રાજસ્થાનની સરહદ સુધી જાય છે. આ મુખ્ય કેનાલમાંથી ૩૧ જેટલી બ્રાંચ કેનાલો અને તેની સબ કેનાલોના મોટાભાગના કાર્યો પૂર્ણ કરવામાં આવેલ છે કે જેની ટોટલ લંબાઈ અંદાજિત ૪૮,૫૦૦ કિ.મી. જેટલી થવા જશે. આ રીતે શાખા અને પ્રશાખા બાદ માઇનોર કેનાલ અને સબ માઇનોર કેનાલ એટલે કે પ્રપ્રશાખા અને વિશાખાઓ આવે કે જેની ટોટલ લંબાઈ અંદાજિત ૭૫,૦૦૦ કિ.મી. જેટલીના આયોજનો વિચારાયા છે કે જેના મોટાભાગના કાર્યો હજુ સુધી પરિપૂર્ણ થઈ શકેલ નથી અને તેના કારણે મોટાભાગની જમીનમાં આ પાણી પહોંચાડી શકાયા નથી. આ કામો પૂર્ણ થયે ગુજરાતના (૩૭ જિલ્લામાંથી) ૧૫ જિલ્લાના, ૭૩ તાલુકાના ૩૧૬૨ ગામોની આશરે ૪૫ લાખ એકર જમીનમાં સિંચાઈ થઈ શકશે અને પીવાના પાણીની પાઈપ લાઈન દ્વારા ૮૩૯૭ ગામો અને ૧૬૪ શહેરોના અંદાજે ૪ કરોડ નાગરિકોને (ગુજરાતની ટોટલ વસ્તી સાડા છ કરોડ) પીવાનું પાણી પ્રાપ્ત થઈ શકશે.

આ રસપ્રદ કથા થઈ સંપૂર્ણ યોજનાના અતિ સુંદર ડિઝાઇન અને આયોજનની. હવે આપણે વાસ્તવિક્તા તરફ નજર ફેરવીએ.

જ્યારે ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ સરદાર સરોવર ડેમનું લોકાર્પણ કરવામાં આવ્યું ત્યારે આપણે એવું સમજવાનું રહ્યું કે આ માત્ર બંધનું જ લોકાર્પણ છે, સમગ્ર યોજનાનું નહીં. સમગ્ર યોજનાના કાર્યો પૂર્ણ થયે તેનું લોકાર્પણ કદાચ ભવિષ્યમાં ફરી કરવામાં આવે. આજની તારીખમાં પ્રશ્ન એ વિચારવાનો છે કે સમગ્ર યોજના પૂરી થઈ કે નહીં? અને ન થયેલ હોય તો તે ક્યારે પૂરી કરવામાં આવશે? આ પ્રશ્નનો જવાબ ન તો સરદાર સરોવર નર્મદા નિગમ પાસે છે કે ન તો ગુજરાત સરકાર પાસે.

સત્ય હકીકત તો એ છે કે ૧૯૬૧માં મૂળ રૂા. ૬૦૦૦ કરોડની આ સમગ્ર યોજનાની સામે અત્યાર સુધી રૂા. ૪૬,૦૦૦ કરોડ વપરાઈ ચૂકેલ છે છતાં જે પાણી ખેતી માટે ગુજરાતની ૪૫,૦૦,૦૦૦ એકર જમીન પર પહોંચાડવાના હતા એ પાણી આજે સરકારશ્રી દ્વારા કદાચ ૮ લાખ એકર (૨૦ ટકાથી પણ ઓછી) જમીન પર પણ પહોંચાડી શકાયા નથી. અગર આ હકીકત સત્ય ના હોય તો સરદાર સરોવર નર્મદા નિગમ સાચા આંકડા

પ્રસારિત કરી શકે છે. તેઓ એ પણ પ્રસારિત કરે કે તેઓએ કયા વિસ્તારમાં કેટલા એકર જમીનમાં આ પાણી પ્રશાખા નહેરો થકી અથવા તો પાઈપલાઈન થકી પહોંચતા કરેલ છે. તેઓ પાણી પહોંચાડવાની કેટલા એકર જમીન પરથી નિયત પ્રમાણે તેનો ચાર્જ વસુલ કરે છે? જ્યારે આ પ્રશ્ન નિગમના કોઈ અધિકારીને પૂછવામાં આવે ત્યારે તે અધિકારી મૌન થઈ જાય છે અથવા તો તેના દ્વારા એવા આંકડા આપવામાં આવે છે કે જે જમીન પરની ખેતી, કેનાલ પર ગેરકાયદેસર ડીઝલ પંપ મૂકી પાણી ખેંચી જઈને કરી લેવામાં આવતી હોય તે ખેતીના આંકડા પણ પોતાની સિધ્ધિમાં ગણાવતા હોય છે.

એક ખૂબ જ સરસ યોજના કે જેની પાછળ પ્રજાના કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ હોય તેમ છતાં આ યોજના પરિપૂર્ણ કરવામાં ગુજરાત લગભગ કિનારે આવી ગયેલ હોવા છતાં કયા કારણોસર આ યોજના છેલ્લા ૫૭ વર્ષથી પરિપૂર્ણ કરવામાં આવતી નથી (બંધના બાંધકામમાં નડતર હતી પરંતુ કેનાલોના બાંધકામમાં કોઈ જ પ્રકારની અડચણ ન હોવાથી) અને કયા કારણોસર અટકી ગયેલ છે એ પ્રશ્નનો જવાબ સત્તાધારી પક્ષના કોઈ પણ નેતા તરફથી અથવા સરદાર સરોવર નર્મદા નિગમના કોઈ પણ અધિકારી તરફથી પ્રાપ્ત થઈ શકતો નથી. જ્યાં લગી ખેતર સુધી પાણી પહોંચે તેવી નાની નાની કેનાલો બનાવવામાં નહીં આવે અથવા પાઈપલાઈન નાંખવામાં નહીં આવે ત્યાં સુધી આ પાણીનો ઉપયોગ ગુજરાતના ખેડૂતો કરી શકવાના નથી. નર્મદા યોજનાનો હેતુ ખેતરે ખેતરે પાણી પહોંચાડી, ખેતીની ઉપજ વધારી, સમાજને સમૃધ્ધ બનાવવાનો હતો. કરોડો રૂપિયાના ખર્ચ પછી પણ ખેતરે ખેતર સુધી પાણી પહોંચાડી શકાય તેવી પરિસ્થિતિ ના હોય તો બંધ કે યોજનાનું લોકાર્પણ કરવાનો મતલબ શું હોઈ શકે છે? પ્રજા આ હકીકત ખૂબ જ યોગ્ય રીતે સમજે છે અને તેથી સત્તાધારી પક્ષની તેટલી પ્રતિષ્ઠા ઝંખવાય છે.

તાજેતરમાં જ સરકારશ્રી દ્વારા અખબારોમાં આખા પાના ભરીને જાહેરાત આપવામાં આવેલ હતી કે જેમાં રાજકીય રીતે એવો દાવો કરવામાં આવેલ હતો કે આ યોજનાના અત્યાર સુધીના રૂા. ૪૬,૦૦૦ કરોડના ખર્ચની સામે માત્ર ૭ ટકા ખર્ચ ગુજરાતમાં અન્ય પક્ષની સત્તા હતી ત્યારે કરવામાં આવેલ હતો અને ૯૩ ટકા ખર્ચ ગુજરાતમાં ભાજપની સરકારના સમયમાં કરવામાં આવેલ છે. એટલે કે આ યોજનાનું મોટાભાગનું કામ ભાજપ સરકારે પરિપૂર્ણ કરાવેલ છે. રૂા. ૪૬૦૦૦ કરોડના ૭ ટકા એટલે રૂા. ૩૨૦૦ કરોડના કાર્યો અન્ય પક્ષની સરકાર હતી ત્યારે અને ૯૩ ટકા એટલે રૂા. ૪૨૮૦૦ કરોડના કામો ભાજપ સરકારના સમયમાં કરવામાં આવેલ છે.

હવે પ્રશ્ન એ છે કે વર્ષ ૧૯૯૫થી ૨૦૧૭ એટલે કે છેલ્લા ૨૨ વર્ષથી ભાજપ સરકાર ગુજરાતમાં સત્તા પર હોવા છતાં અને આ યોજનાની પાછળ રૂા. ૪૨૮૦૦ કરોડ (રૂા. ૪૬૦૦૦ કરોડની ૯૩ ટકા રકમ) તેમના કાર્યકાળ દરમ્યાન ખર્ચાયા હોવા છતાં ૪૫,૦૦,૦૦૦ એકર જમીનમાં જે સિંચાઈના પાણી પહોંચાડવાના હતા તેના ૯૩ ટકા જમીન એટલે કે ૪૧,૮૫,૦૦૦ એકર જમીનમાં પાણી પહોંચાડવાના બદલે માત્ર ૮ લાખ એકર જમીનમાં જ પાણી પહોંચાડી શકાયા છે! આ પ્રશ્નનો સરકારશ્રી વહેલી તકે જાહેર ખુલાસો કરે એ ખૂબ જરૂરી છે. જનમાનસને પ્રશ્ન એ મુંઝવી રહેલ છે કે એક તરફ સરકારશ્રી દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલના નામનો ખૂબ જ મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે જ્યારે બીજી તરફ નર્મદા નદીના પાણી દ્વારા સમગ્ર ગુજરાત રાજ્યની ખેતીની પરિસ્થિતિ સુધારવાના સરદારના માનસમાં જે વિચારો ઘોળાતા હતા તેને તો કોરાણે જ મૂકી દેવામાં આવેલ છે.

આપણે રાહ જોઈએ કે ગુજરાતની હાલની સરકાર બાકી રહેતી કામગીરીના સત્વરે પગલા ભરે અને આ યોજનામાં બાકી રહેતી કચાશને દૂર કરી આ યોજના તેના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સંપૂર્ણ રીતે પૂર્ણ કરે. ગુજરાતની ૪૫ લાખ એકર ખેતીની જમીનમાં જ્યારે સિંચાઈના પાણી પહોંચશે ત્યારે જ ગુજરાતના જનમાનસમાં તેનું સાચું લોકાર્પણ ચિત્રિત થઈ શકશે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## શ્રદ્ધાંજલિ

### સાર્થક જીવનના એક સમર્થ સંસ્કારી માનવ
### શ્રી ચંદ્રકાંત સંઘવીની ચીર વિદાય



જીવન જીવવું અને જીવન જીવી જાણવું એ બંને વચ્ચે જમીન આસમાનનો તફાવત છે. જીવન જીવી જાણનાર વ્યક્તિ એક પ્રકારની લાક્ષણિક આંતરિક શક્તિ ધરાવનાર એટલે ઝરિયા સ્થિત ચંદ્રકાંત વીરજી સંઘવી. તેમનું તા. ૩-૧૦-૨૦૧૭ના રોજ કલકત્તાની એક હોસ્પિટલ ખાતે દુઃખદ નિધન થયાના સમાચારથી કચ્છી પ્રજાજનને આંચકો લાગ્યો છે. તેમની રૂટિન શારીરિક તપાસ કરાવવાના હેતુસર કલકત્તા લઈ જવામાં આવ્યા હતા પરંતુ ત્યાં જ તેમનું એકદમ અચાનક નિધન થયું હતું. તેઓ ચૈતન્યમયી લાક્ષણિક આંતરશક્તિ ધરાવનાર એક વિશિષ્ટ વ્યક્તિ હતા. તેમણે જીવનની તડકીછાંયડી જોઈ હતી. તડકાથી તેઓ નથી અકળાયા કે નથી દાઝ્યા. છાંયડીથી તેઓ કદાપિ છકી ગયા ન હતા. 'સુખ સમયમાં છકી નવ જવું, દુઃખમાં ન હિંમત હારવી' એવી કહેવત તેમણે જીવનમાં આત્મસાત્ કરી હતી.

તેમના પરિવારે સ્થાપેલી વીરજી બેંકે સમગ્ર ઝરિયા વિસ્તારમાં અનેક લાંબા સમય પૂર્વે પ્રખ્યાત થઈને સારી નામના હાંસલ કરી હતી, જેનું ઓજસ આજે પણ પ્રસરેલું છે. રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ તેની કામગીરીએ સિદ્ધિના શિખરો સર કરેલા છે.

તેમના પરિવારજનોએ મળીને ધનસુખલાલ વીરજી સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટની પણ સ્થાપના કરી હતી. ઝરિયા અને તેનાં આજુબાજુના વિસ્તારોમાં કચ્છ, ગુજરાત તેમજ દેશના અન્ય સ્થળોએ કોઈપણ જાતના ભેદભાવ વિના સામાજિક, સાંસ્કૃતિક, તબીબી, શૈક્ષણિક, આર્થિક, સાહિત્યના વિકાસ વગેરે ક્ષેત્રોમાં ઉન્નતિ અને સર્વાંગી ઉત્કર્ષ કરવાના હેતુસર સદરહુ ટ્રસ્ટમાંથી આર્થિક યોગદાન આપવા હંમેશાં અગ્રક્રમે રહેલ છે. જણાવેલ હેતુને અનુરૂપ કચ્છી વ્યક્તિ, પ્રજા અથવા સમુહને તેનો ઉત્કર્ષ થાય તે અર્થે સભાઓ, હરિફાઈઓ, પરિસંવાદ, મેળાવડા તથા છાત્રોને અભ્યાસમાં પ્રોત્સાહન મળે તે માટે સદ્ગત ચંદ્રકાંતભાઈ સંઘવી હંમેશાં તત્પર રહેતા. કામકાજમાંથી નિવૃત્તિના સમયમાં સમાજસેવા, વિકલાંગ જનસેવા, અંધજન સેવા જેવા અન્ય ક્ષેત્રોમાં પણ તેઓ પોતાનું ઉષ્માભર્યું હૈયું નિરંતર ખુલ્લું રાખતા હતા. આ બધી વિગત જોતાં કહી શકાય કે ચંદ્રકાંતભાઈ સંઘવી ખરેખર સાર્થક જીવનના એક સમર્થ સંસ્કારી માનવ હતા.


શ્રી કચ્છી સમાજ - અમદાવાદની શિક્ષણ ક્ષેત્રની યોજના સાથે આવતા દસ વર્ષ સુધી સંકળાયેલા રહેવા તેમણે સહર્ષ સહમતિ આપી હતી અને તે અન્વયે છેલ્લા બે વર્ષથી તેનો ક્રમ લગાતાર જાળવી રાખ્યો છે. આ અગાઉ પણ સમાજની આ પ્રકારની યોજનાઓ સાથે તેઓશ્રી સંકળાયેલા હતા. જે આ સમાજ માટે ગૌરવપ્રદ બાબત છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તેમના એક હિતેચ્છુ અને હમદર્દીને સલામ સાથે હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે તથા પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ આપે અને આપના પરિવારજનોને આ તીવ્ર આઘાત જીરવવાની શક્તિ બક્ષે એ જ પ્રાર્થના. ■

સાંપ્રત

## બુલેટ ટ્રેઇન (૧)

# અત્યાધુનિક યુગ પ્રવેશની ભારતની હરણફાળ



પ્રવીણચંદ્ર શાહ

સપ્ટેમ્બર '૧૭ના બીજા પખવાડિયામાં 'બડી ધામધૂમ કે સાથ' બે દેશોના પ્રાઈમ મિનિસ્ટરો - ભારતના નરેન્દ્ર મોદી અને જાપાનાના શીન્ઝો ઍબ - દ્વારા અમદાવાદ ખાતે પાયાવિધિ કરવામાં આવી. આપણા દેશના સામાન્ય જનસમાજનું ધ્યાન ખેંચાયું કે જાપાનના આર્થિક અને ટેકનિકલ ટેકાથી મુંબઈ - અમદાવાદ વચ્ચે દોડનારી 'બુલેટ ટ્રેઈન'ની યોજનાનો પ્રારંભ થયો છે. આ યોજનાના અમલીકરણમાં ૧ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થશે - એ જાણીને અનેકાઅનેક લોકો ઘડીભર આશ્ચર્યમુગ્ધ પણ થઈ ગયા હતા. મિનિટ - અડધી મિનિટ માટે કેટલાક લોકો અવાક્ પણ થઈ ગયેલા.

'બુલેટ ટ્રેઈન'નું પૂરું અંગ્રેજી નામ 'હાઈસ્પીડ રેલવે' છે. આ હાઈસ્પીડ રેલવેની ચોક્કસ વ્યાખ્યા નથી, પણ જે ટ્રેઈનના આંતરમાળખાની ગોઠવણ એવી હોય કે ટ્રેઈન, કલાકના ૨૫૦ કિ.મી.થી વધારે ઝડપથી દોડે તે હાઈ સ્પીડ ગણાય. પણ સાથે તેમાં એવી પણ જોગવાઈ હોય કે સલામતીના કારણસર ટ્રેઈનના રૂટના અમુક અમુક વિભાગોમાં આવી ટ્રેઈન ઓછી સ્પીડથી પણ ચાલી શકે.

વિશ્વના લગભગ ૧૮૦ દેશોમાંથી માત્ર ૧૬ જ દેશોમાં બુલેટ ટ્રેઈન દોડે છે. આ દેશોમાં ચીન, જાપાન, સ્પેન, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, તુર્કી, દક્ષિણ કોરિયા અને બીજા ૮ દેશોનો સમાવેશ છે. આ ૧૬ દેશોમાંથી સૌથી વધારે લાંબા અંતરની અને વધુ ઝડપ, ચીનની બુલેટ ટ્રેઈન છે જે ૨૬,૭૮૩ કિ.મી.નું અંતર ૩૫૦ કિ.મી./કલાકના વેગથી દોડે છે. બીજા દેશોના અંતર અને સ્પીડ અનુક્રમે આ પ્રમાણે છે :

જાપાન : ૩૦૪૧ - ૩૨૦, સ્પેન : ૨૯૩૮ - ૩૦૦, ફ્રાન્સ : ૨૬૯૬ - ૩૨૦, જર્મની : ૧૪૭૫ - ૩૦૦, ઇટાલી : ૯૮૧ - ૩૦૦, તુર્કી : ૬૮૮ - ૨૫૦, દક્ષિણ કોરિયા : ૬૫૭ - ૩૦૦ અને બીજા ૮ દેશોમાં બધા મળીને ૧૫૭૪ કિ.મી.ના પાટા અને કલાકના ૨૩૦થી ૩૦૦ કિ.મી.ની ઝડપ છે. અત્યારના તબક્કે આખી દુનિયાના બધા દેશો મળીને ૪૦,૮૩૩ કિ.મી.ના પાટા છે અને સરેરાશ સ્પીડ ૩૫૦ કિ.મી.ની છે.

- **હાઈ સ્પીડ ટ્રેઇનનો પ્રારંભ :**

હાઈ-સ્પીડ ટ્રેઈન ઉર્ફે બુલેટ ટ્રેઈનનો સૌથી પહેલો પ્રારંભ જાપાને કર્યો હતો. હમણાથી છેક ૫૩ વર્ષો પહેલા ૧૯૬૪માં જાપાને તેનો ટોકિયો અને ઓસાકા શહેરો વચ્ચેની બુલેટ ટ્રેઈનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આપણે કલ્પના કરવી રહી કે તેના માટેનો પહેલો વિચાર, તેનો વિમર્શ, તેની આર્થિક અને ટેકનિકલ તૈયારીઓ અને આ યોજનાના અમલીકરણમાં જાપાને કેટકેટલી શક્યતા - અશક્યતા, ધારેલી કે અણધારેલી મુશ્કેલીઓ અને વિટંબણાઓ વેઠી હશે? વૈજ્ઞાનિક કારણોસર આ ટ્રેઈનનો આકાર પીસ્તોલ - કે - રિવોલ્વરની બુલેટ જેવો રાખવો પડ્યો છે જેને જાપાનીઝ ભાષામાં શીનકાનસેન (Shinkansen) ટ્રેઈન તરીકે બોલાય છે. શરૂ શરૂમાં બુલેટ ટ્રેનની ઝડપ કલાકના ૨૧૦ કિ.મી.ની હતી. યુરોપમાં બુલેટ ટ્રેઈનની શરૂઆત ઇટલી દેશે કરી હતી અને ફ્લોરેન્સ - રોમ શહેરોની વચ્ચે ૨૫૦ કિ.મી. / કલાકની ઝડપ હાંસલ કરી હતી. આ અમલીકરણ ૧૯૭૭માં થયું હતું અને પૂરું ૧૯૯૨માં થયું હતું. ફ્રાન્સની ધ નેશનલ ફ્રેન્ચ રેઈલ કંપનીએ પેરીસ અને લ્યોન્સ શહેરો વચ્ચેની બુલેટ ટ્રેઈનની શરૂઆત સપ્ટેમ્બર, ૨૭, ૧૯૮૧થી કરી હતી, જેની ઝડપ ૨૬૦ કિ.મી./કલાકની હતી.

- **ચાલુ નોર્મલ પાટા પર ચાલી શકે?**


બુલેટ ટ્રેઈન ચાલુ નોર્મલ પાટા અને ગેજની વ્યવસ્થા પર ચાલી શકે છે, પણ બુલેટ ટ્રેઈનનું સંપૂર્ણ મેન્યુફેક્ચરિંગ વધુ મજબૂત શક્તિવાળા ઉપકરણોના હોવા જરૂરી છે. બુલેટ ટ્રેઈનમાં બે એન્જિનો હોય છે, એક સૌથી આગળ અને બીજું સૌથી પાછળ. આ ટ્રેઈનો તેની શક્તિ, ઉપરના મથાળાના પેન્ટોગ્રાફ્સ અને ઓવરહેડની પાવર લાઈનમાંથી પાવર મેળવે છે. બુલેટ ટ્રેઈનની ભારે ઝડપને કારણે તેના પાટા મોટેભાગે સ્ટ્રેઈટ લાઈન, સીધી દિશાના હોવા જરૂરી બને છે. આ વૈજ્ઞાનિક કારણે બુલેટ ટ્રેઈન તેના માટેના જ પાટા પર દોડે છે. કેટલાક પ્રકારની બુલેટ ટ્રેઈન ચીલાચાલુ - નોર્મલ પાટા ઉપર ચલાવી શકાય છે ખરી, પણ તો તેની સ્પીડ - ઝડપ ઓછી રાખવાની રહે છે.

● **માગ્લેવ ટ્રેઇન :**

હાઈ-સ્પીડ, બુલેટ ટ્રેઇનનો એક જુદો, વિશિષ્ટ પ્રકાર છે, જેને "માગ્લેવ" ટ્રેઇન કહેવામાં આવે છે. નોર્મલ ટ્રેઇનો, જેમાં આપણે બધા મુસાફરી કરતા રહ્યા છીએ તે ટ્રેઈનો તેના પૈડાં પર ચાલે છે. માગ્લેવ ટ્રેઈન પૈડાં પર ચાલતી નથી, પણ અંગ્રેજીમાં જેને 'મેગ્નેટીક લેવીટેશન' કહેવાય છે તેનાથી ચાલે છે. 'મેગ્નેટીક લેવીટેશન' એટલે સરળ ગુજરાતીમાં ગુરુત્વાકર્ષણના ચુંબકીય વિજ્ઞાનની રીતે ચાલે છે. ઇલેક્ટ્રો-મેગ્નેટ્સ ટ્રેઇનના પાટાથી સહેજ ઉપર, અધ્ધર ટૂંકા અંતર માટે ચલાવે છે. આ મેગ્નેટ (લોહચુંબક) ટ્રેઇનને આગળ ધપવા ઠેલા કે ધક્કો (Thrust) મારે છે. ચીલાચાલુ ટ્રેઈનો કરતાં માગ્લવે ટ્રઇનોમાં ઉત્તમ પ્રકારના કન્ટ્રોલ્સ (અંકુશ - સિસ્ટમ) હોય છે કારણકે તેના એક્સીલરેશન (આગળ ધપવાની સિસ્ટમ) અને બ્રેક સિસ્ટમ પાટા અને ટ્રેઈનનાં પૈડાં વચ્ચેના ઘર્ષણ ઉપર આધારિત નથી. માગ્લેવ ટ્રેઇન અત્યંત મોટું મૂડી રોકાણ માંગી લે છે જેના કારણે આખીય દુનિયાના બધા દેશોમાંથી માત્ર ત્રણ જ દેશ – જાપાન, ચીન અને દક્ષિણ કોરિયા – માં જ માગ્લેવ ધંધાદારી ટ્રેઈનો અમલી બનેલી છે. ચીનની શોધ હાઈ માગ્લેવ ટ્રેઇનની જંગી સ્પીડ ૪૩૧ કિ.મી. / કલાકની છે, જે ૩૦.૫ એટલે કે સાડા ત્રીસ કિ.મી.નું અંતર ૭ મિનિટ ૨૦ સેકંડમાં ઓળંગે છે. (જ્યારે ને ત્યારે, જ્યાં ને ત્યાં ખોટકાતી અને ઊંધી ચત્તી પડી, પાટાઓ છલાંગીને ભારે અકસ્માતો સર્જતી આપણા 'મેરા ભારત મહાન' દેશની ટ્રેઈનોની સરખામણી કયા દેશની, કઈ ટ્રેઈનો સાથે આપણે કરીશું?)

માગ્લેવ ટ્રેઈનની સ્પીડથી વધુ સ્પીડવાળી કોઈ જ ટ્રેઈન દુનિયાભરમાં ક્યાંય પણ અસ્તિત્વ ધરાવતી નથી કારણકે એથી વધુ ઝડપવાળી ટ્રેઈનની શોધ જ થઈ નથી. માગ્લેવ ટ્રેઇન સાથે મુળભૂત રીતે સંકળાયેલી શોધની અને તે પછીના તેના ક્રમિક વિકાસના તબક્કાઓની વિગતો રસપ્રદ છે અને વિજ્ઞાને માનવજાતને કેટકેટલી સહુલતો પ્રદાન કરી છે, તેનું ઉજળું ઉદાહરણ છે.

એકસો સીત્યાસી વર્ષો પહેલાં,



The Shinkansen bullet train in Tokyo


ઇ.સ. ૧૮૩૦માં એક પુરુષાર્થી વૈજ્ઞાનિક નામે રોબર્ટ સ્ટીફેન્સને રોકેટ સ્ટીમ લોકોમોટીવ, એટલે રોકેટની ગરમીથી ચાલતા એન્જિનની શોધ કરી. જેની સ્પીડ કલાકના ૫૦ કિ.મી.ની હતી. તેના પછીના લગભગ સિત્તેરેક વર્ષો દરમ્યાન આ દિશામાં વધુને વધુ પ્રયોગો અને અખતરાઓ થતા રહ્યા. ઇ.સ. ૧૯૦૩માં સિમેન્સ એન્ડ હાલ્સ્ક (Siemens & Halske) કંપનીએ ઇલેક્ટ્રિક રેલગાડીની ડીઝાઇન તૈયાર કરી અને તેના અખતરાઓ આગળ વધાર્યા. તેની પ્રતિસ્પર્ધી કંપની એઇજી (AEG)એ પણ એ જ પ્રમાણે પ્રયોગો ચાલુ રાખ્યા. વૈજ્ઞાનિકોના પુરુષાર્થ આગળ વધતા જ રહ્યા. ઇ.સ. ૧૯૬૪માં વિશ્વની સૌથી પહેલી હાઈસ્પીડ ટ્રેઇનની સિસ્ટમ જાપાન દેશે અમલી બનાવી જેને જાપાનીઝ ભાષામાં 'શીનકાનસેન' નામથી બોલાય છે. તે બુલેટ ટ્રેઈન, હકીકતમાં દોડતી કરી, જેની સ્પીડ કલાકના ૨૧૦ કિ.મી.ની હતી. યુરોપનું તે વખતના બે જર્મની (વેસ્ટ અને ઈસ્ટ)માંના વેસ્ટ જર્મનીએ ૧૯૭૩માં તેની TRO4 માગ્લેવ ટ્રેઇન ખડી કરી અને દોડતી કરી, જેની સ્પીડ કલાકના ૨૫૦ કિ.મી.ની હતી. વેસ્ટ જર્મનીના વૈજ્ઞાનિકો આનાથી સંતોષ માની જંપીને બેસી ન રહ્યા અને ૧૯૭૫માં સ્ટીમ રોકેટથી ઝડપ મેળવતી કૉમેટ માગ્લેવ (Komet Maglev)ને ૪૦૧ કિ.મી./કલાકની ઝડપે દોડતી - ઉડતી ટ્રેનને અમલી બનાવી. પણ જાપાન ગાંજ્યું જાય તેમ નહોતું. જાપાને ૧૯૭૯માં ML-500 R માગ્લેવ ટ્રેઇનને વાસ્તવમાં ઉડતી કરી જેની સ્પીડ કલાકના ૪૩૧ કિ.મી.ની પહોંચાડ્યા પછી પણ જાપાન આગળ ધપતું રહ્યું અને દુનિયામાં પહેલી જ વખત કલાકના ૫૦૦ (પાંચસો) કિ.મી.ની ઝડપ હાંસલ કરી. તે પછી પણ જાપાનીઝ વૈજ્ઞાનિકો, સરકારી વહીવટી તંત્ર અને પ્રજા પુરુષાર્થ કરતી જ રહી અને હવે, ૨૦૧૫ના વર્ષમાં L O માગ્લેવા ટ્રેઈને કલાકના ૬૦૩ કિ.મી.ની ઝડપે ટ્રેઇન ઉડાડવાની ચરમ સિધ્ધિ હાંસલ કરી છે! બ્રેવો જાપાન! શાબ્બાસ જાપાન! 'મેરા ભારત મહાન'કા સો સલામ, જાપાન!

- **મુંબઈ - અમદાવાદ બુલેટ આયોજન :**

મુંબઈ - અમદાવાદ વચ્ચે ૫૦૯ કિ.મી.નું અંતર છે. હમણાં જે વધુમાં વધુ ફાસ્ટ ટ્રેઈનો ચાલે છે તેને ૬થી ૭ કલાક લાગે છે. મુંબઈ - સાબરમતી (અમદાવાદ) વચ્ચે અમલી બનનારી બુલેટ ટ્રેઈનને આ અંતર પાર કરતા ૨ કલાક લાગશે. તેની વધુમાં વધુ ઝડપની કેપેસિટી (ક્ષમતા) ૩૫૦ કિ.મી.ની રખાશે, પણ અમલીકરણમાં, ઓપરેશનલ સ્પીડ ૩૨૦ કિ.મી./કલાકની રહેશે. દેશની આ સૌથી પહેલી ટ્રેઈન બનશે, જેનો અંદાજિત ખર્ચ રૂા. ૧.૦૮ લાખ કરોડનો એટલે કે સાદી ભાષામાં ૧ લાખ કરોડ રૂપિયાનો થવાનો અંદાજાયો છે. (અભ્યાસ કે અનુભવ દરમ્યાન આવી મોટી રકમને સમજવામાં મુશ્કેલી અનુભવતા સુજ્ઞ વાચકોની સરળતા માટે ૧ લાખ કરોડ કઈ કઈ રકમથી બને છે તેની ટૂંકી સમજણ : ૧ હજાર ૧૦-સો થી બને, ૧૦૦ હજારથી ૧ લાખ બને, ૧૦૦ લાખથી ૧ કરોડ બને અને ૧૦૦ કરોડથી ૧ અબજ બને. આ મહત્ત્વાકાંક્ષી બુલેટ ટ્રેઈનનું આયોજિત ખર્ચ ૧ અબજ ઉપર લટકાના ૧ લાખનો થશે. જો કે અમદાવાદી વેપારીઓ તો ગણિતમાં અધધધ પાવરધા હોય છે. એટલે આ સમજ બિન અમદાવાદી વાંચકોને વધુ ઉપયોગી થશે. (ટી.વી. પ્રોગ્રામોમાં ક્યારેક ક્યારેક થાય છે તેમ, ઈન્ટરપ્શન માટે ક્ષમા!)

- **બુલેટ ટ્રેઇનનો રૂટ :**

મુંબઈ (બીકેસી) બાંદ્રા - કુર્લા કોમ્પ્લેક્સથી ઉપડનારી ટ્રેઈનનો રૂટ હમણાં આ પ્રમાણે આયોજાયો છે : થાણા (જ્યાં થાણા ક્રીકથી વિરાર તરફના રસ્તે દરિયાની અંદર ટનલ બનાવાશે, જેમાંથી બુલેટ ટ્રેઈન પસાર થતી) વિરાર, વાપી, બીલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, નડિયાદ / આણંદ થઈને સાબરમતી (અમદાવાદ) પહોંચશે. થાણા - વિરાર વચ્ચે બનનારી દરિયાની




સપાટી અં-દ-રની ટનલ (ભોંયરામાંથી) ટ્રેઈન પસાર થઈ આગળ ધપશે. મુંબઈ - અમદાવાદ વચ્ચેના ૫૦૮ કિ.મી.નો ટ્રેન - રસ્તો ઉંચાણવાળા ટ્રેકના રહેશે, જેથી જમીન સંપાદનના કોયડા આડા નહીં આવે.

બે રાજ્યો, ગુજરાત અને મહારાષ્ટ્રના પ્રાદેશિક વિસ્તારમાં મહારાષ્ટ્રમાં ૧૫૬ કિ.મી. અને ગુજરાતના પ્રદેશમાં ૩૫૨ કિ.મી.ના ડબલ લાઈન પાટા - વ્યવહાર - માર્ગ બનશે. આ બે રાજ્યો ઉપરાંત દાદરા - નગરહવેલીના કેન્દ્રશાસિત વિસ્તારમાં ૨ કિ.મી.નો પણ ટોટલ રૂટમાં સમાવેશ થશે.

- **આયોજનના સંભવિત ફાયદા :**

આ બુલેટ ટ્રેઈનના થવાથી ભારતને શું ફાયદા થઈ શકશે તેની મોદી સરકારે જે ગણતરી ધારી છે તે આ પ્રમાણે છે : બાંધકામ ક્ષેત્રે ૨૦,૦૦૦ (વીસ હજાર) નવી નોકરીઓ (જોબ) પેદા થશે, ટ્રેઈન બાંધકામ માટે ૪૦૦૦ નવી નોકરીઓ પેદા થશે, ૨૦,૦૦૦ આડકતરી (ઇન ડાયરેક્ટ) નોકરીઓ પેદા થશે. આ ઉપરાંત શહેરી વિસ્તારો (અર્બન) અને ટ્રેઈન રૂટની અડખે - પડખે નવા ઉદ્યોગ - હુન્નરોને જોરદાર વેગ સાંપડશે. આ ટ્રેઈનના રૂટ ઉપર આવતા શહેરોના સ્ટેશનો આધુનિક બનશે. એ સ્ટેશન - શહેરોના સાંસ્કારીક અને વારસાઇ (હેરિટેજ) સિધ્ધિ - સમૃધ્ધિની અસર સ્ટેશનો ઉજાગર કરશે. દેશની સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેના સંઘર્ષ અને ભોગની છાપ પણ આ સ્ટેશનો પ્રદર્શિત કરી શકશે. આ યોજના સાથે સંકળાયેલા ઉચ્ચ અધિકારીઓએ એવી આશા - અપેક્ષા વ્યક્ત કરી છે કે આ સ્ટેશનોવાળા શહેરો પોતાના નામાંકિત વ્યક્તિઓ કે જુથોના પરિચય જાહેરમાં આણી શકશે. તેવી જ રીતે સ્ટાર (તારાંકિત) હોટેલોમાં કે ઍરપોર્ટ પર હોય છે તેવી સગવડો સ્ટેશનો પર મૂકી શકાશે.

● **હવે પછી ભવિષ્યમાં મુંબઈ - દિલ્હી બુલેટ :**

બુલેટ ટ્રેઈનના વિશાળ આયોજન સાથે સંકળાયેલા અધિકારીઓ એવી અપેક્ષા સેવે છે કે નજીકના ભવિષ્યમાં મુંબઈ - દિલ્હી માટેની બુલેટ અમલમાં મૂકી શકાશે. એવી ટ્રેઈન સંબંધિત સ્ટેશનોની ગણતરીઓ પણ અંદાજાઈ છે. તે જ રીતે દિલ્હી - કલકત્તા, મુંબઈ - ચેન્નાઈ, દિલ્હી - ચંદીગઢ, મુંબઈ - નાગપુર, દિલ્હી - નાગપુર બુલેટ યોજનાની પરિકલ્પનામાં છે. દિલ્હી - કોલકતા અને મુંબઈ - દિલ્હીની ટ્રેઈનો તેના અંતર ૬ કલાકમાં પૂરા કરી શકશે તેવી જન્મોતરીઓ દોરાઈ રહી છે.

● **ધંધાદારી કંપનીઓ દ્વારા ચલાવી શકનારી બુલેટ :**

મહત્ત્વાકાંક્ષાઓ સ્વપ્નોમાંથી પણ સર્જાય છે. 'અચ્છે દિન આયેંગે'ના સુત્રનું પેટન્ટ હમણાની મોદી સરકારે રજિસ્ટર કરાવેલું છે. આ સરકારનો એવો અંદાજ છે કે (પ્રાઈવેટ પાર્ટીઓ) એટલે કે ધંધાદારી વ્યાપારી કંપનીઓ પણ, યુરોપના અને જાપાનના આધુનિક મોડેલ (નમૂના) પ્રમાણે પોતાની માલિકીની બુલેટ ટ્રેઈનો ચલાવી શકશે. હમણાની મુંબઈ - અમદાવાદ બુલેટ ટ્રેઈન પાંચ વર્ષ ચાલી લે તે પછી ધંધાદારી કંપનીઓને આ ક્ષેત્રમાં પ્રવેશવાની છૂટ મળશે. આ માટેની ઈચ્છુક કંપનીઓ પોતાને યોગ્ય લાગે તેવા ડબ્બાઓની ડિઝાઈનો, અંદર પેસેન્જરો માટેની સવલતો ગોઠવી શકશે. વિમાનો ધંધાદારી રીતે ચલાવનારી કંપનીઓને જેમ કયા શહેરથી કયા શહેર વચ્ચે એરલાઈન્સ ચલાવવાના લાઈસન્સો અપાય છે તેમ બુલેટ ટ્રેઈન ચલાવવા ઈચ્છુક કંપનીઓને 'સ્લોટ્સ' - વિભાગીય પરવાનગી અપાશે, તેની લાઈસન્સ ફી લેવાશે અને સરકારે જંગી રોકાણો કરીને ઊભી કરેલી સવલતોના ઉપયોગ માટેના અંકુશોની જાળવણી કરવાની રહેશે. આ બધાના અમલીકરણની વ્યવસ્થા 'નેશનલ હાઈ સ્પીડ રેઈલ કોર્પોરેશન' (NHSRC) સંભાળશે. આ કોર્પોરેશન રચાઈ ચૂક્યું છે.

● **મૂડીરોકાણ :**

બુલેટ ટ્રેઈનના પ્રોજેક્ટ માટે થનારા રૂા. ૧ લાખ કરોડના બજેટના ૮૦ ટકાની રકમ, ભારત સરકારને જાપાનની સરકાર ૫૦ વર્ષની મુદતની સાવ જ સસ્તા, નજીવા ૧/૪ (પા ટકા) (૧ ટકાનો ચોથો ભાગ)ના વાર્ષિક વ્યાજવાળી લોન આપશે. આયોજનના ૨૦ ટકા એટલે કે ૨૦ લાખ કરોડ રૂપિયા ભારત સરકારે નાખવાના રહેશે. આના માટેના જે એગ્રીમેન્ટો ઉપર બંને દેશોની સરકારે સહી સિક્કા કરી લીધા છે, તેની એક કલમ (શરત) એવી છે કે આયોજનના અમલીકરણ માટે જે કાંઈ મેન્યુફેક્ચર કરવું પડે તેના ૩૦ ટકા, માત્ર અને માત્ર જાપાનીઝ કંપનીઓ દ્વારા જ કરાવવાનું ફરજિયાત રહેશે. એટલે કે ૩૦ લાખ કરોડની કિંમતનો માલ-સામાન, યંત્રો, મશીનરી કે બીજા ઉપકરણો, જાપાનીઝ કંપનીઓ પાસેથી જ ખરીદવાના રહેશે.

*૭, ક્રોકોડીલ બિલ્ડિંગ,*
*ગોદરેજ સ્કાય ગાર્ડન, તક્કા - સ્ટેશન રોડ,*
*તક્કા, પનવેલ-૪૧૦ ૨૦૬.*
*મો. ૯૧૬૭૫ ૬૭૩૯૫, ૯૯૩૦૬ ૬૦૨૪૨*

## અતીતની અટારીએથી – (૬)

(અનુ. : પાના નં.-૧૪ ઉપરથી ચાલુ)

સારી. સાથે સાથે હિંદુઓમાં પોતાની સંસ્કૃતિ પરનો આત્મવિશ્વાસ પુનઃસ્થાપિત કર્યો. સાથે સાથે એ સમજવું અત્યંત જરૂરી છે કે, સ્વામિ વિવેકાનંદ અત્યારના સંકુચિત હિંદુ માનસ અને ઝનુની હિંદુ રાષ્ટ્રવાદ સાથે કોઈ પણ પ્રકારે નિસ્બત ધરાવતા ન હતા. આર્યસમાજની માફક ભલે એમણે મૂર્તિપૂજાનો પ્રખર વિરોધ ન કર્યો, પરંતુ સાથે સાથે અદ્વૈતના દર્શન અને ચિંતનને તેઓ અનિવાર્ય અંતિમ ધ્યેયનું સ્થાન આપતા હતા. આ સંદર્ભમાં એક પ્રસંગ ટાંકવો અસ્થાને નહીં ગણાય. સ્વામિ વિવેકાનંદે હિમાલયની શાંતિ વચ્ચે અદ્વૈતાશ્રમની સ્થાપના કરી હતી. એક વખત કલકત્તાથી તેઓ અદ્વૈતાશ્રમ પાછા ફર્યા ત્યારે જોયું કે એક સંન્યાસીએ ત્યાં ધ્યાન ધરવા રામકૃષ્ણ પરમહંસનું ચિત્ર મૂક્યું હતું. સ્વામિ વિવેકાનંદે રોષ સાથે એ ચિત્રને ત્યાંથી હટાવી દેતા કહ્યું - આ અદ્વૈતાશ્રમ છે. તેથી અહિંયાં કોઈ આકાર કે સ્વરુપ, આ 'ડોસો' પણ, આધાર માટે મૂકી શકાય નહીં. નિરંજન, નિરાકારને અદ્વૈતભાવે જ ધ્યાનમાં પામવાનો અભ્યાસ અહિંયા કરવાનો છે. આ સંદર્ભમાં તેઓએ ઈસ્લામના એ પાસાની પ્રશંસા પણ કરી છે. તેઓને ધર્મ, સંપ્રદાય, પંથ, જ્ઞાતિ કે એવા બીજા કોઈપણ પ્રકારના વાડાઓની કોઈ જ આભડછેટ ન હતી.

ભારતીય રાષ્ટ્રવાદને સ્વામિ વિવેકાનંદે આધ્યાત્મિક પાયો પૂરો પાડ્યો.

*અમદાવાદ.*
*મો. ૯૯૦૯૯ ૧૦૦૯૨*

*વાસ્તવમાં આપણે ધર્મપ્રેમી પ્રજા નહીં પણ ધર્મરોગી પ્રજા છીએ. વ્યર્થના કર્મકાંડો, વ્યર્થની વિધિઓ અને વ્યર્થના નિરોધોમાં આપણી બુદ્ધિ ચકડોળે ચકરાવે લેતી રહેશે. બરબાદી અને વિનાશના પરિણામ સર્જતી રહેશે.*

*– સ્વામી સચ્ચિદાનંદ*

અતીતમાં નજર

### અતીતની અટારીએથી-૬

# રાષ્ટ્રવાદમાં પ્રાણશક્તિ સિંચન!

• ભરત ભટ્ટ •

## શિકાગો વિશ્વધર્મ સંસદમાં વ્યાખ્યાન સપ્ટેમ્બર, ૧૧, ૧૮૯૩

- **ઐતિહાસિક સંદર્ભ :**

અગાઉની કડીઓમાં હિંદના શિક્ષિત વર્ગમાં રાષ્ટ્રીય ભાવનાના પરોઢની ઝાંખી જોઈ. તેમાં આવરી લીધેલા પ્રભાવી વક્તાઓમાં હિંદ અને તેના વતનીઓ માટેના પ્રેમ અને ચિંતા દેખાયા. સાથે સાથે બ્રિટીશ સત્તાધીશો, યુરોપીય શિક્ષણ, કેળવણી અને ઉદારમતવાદી ચિંતન પ્રત્યેનો તેમનો ઝોક પણ દેખાતો હતો. જો કે છેલ્લી પાંચમી કડીમાં આપણે અલ્પસંખ્યક અને બહુસંખ્યક ધાર્મિક ઓળખ ધરાવતા સમુદાયોના હિતો અલગ હોવાની ભાવના અને તેમાંથી ઉદ્‌ભવતા કોમવાદની શરૂઆત પણ જોઈ. આ છઠ્ઠી કડીમાં આપણે સ્વામિ વિવેકાનંદ અને તેઓના એ જાણીતા વક્તવ્યની વાત કરવાના છીએ કે જેણે હિંદના વતનીઓને પોતાની અસ્મિતા કેટલી છે તેનો ખ્યાલ (ઇ.સ. ૧૮૯૩માં) એક વૈશ્વિક મંચ પર વિદેશીઓને સંબોધીને આપ્યો.

એ કાળના, એટલે કે ઓગણીસમી સદીના અંતના દાયકાના ભારતીય ઉપખંડમાં લગભગ પચ્ચીસની આસપાસની સંખ્યામાં પૂર્ણ વિકસિત ભાષાઓનો અને લગભગ ૨૦૦૦ની આસપાસની સંખ્યામાં બોલીઓનો ઉપયોગ કરતા અલગ અલગ લોકસમૂહો, અલગ અલગ પ્રદેશમાં વસતા હતા. આ લોકસમૂહો પાછા ધર્મ, સંપ્રદાય અને પંથના વાડાઓમાં વહેંચાયેલા. આવા દરેક સમૂહ અને પેટા સમૂહના પાછા આગવા જુદા જુદા રીતિરિવાજ. ભલે તે હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, શીખ, જૈન કે બૌધ્ધ કહેવાતા હોય!

આવા અનેક વાડાઓમાં વહેંચાયેલા લોકોમાં કરોડોની સંખ્યામાં આદિવાસીઓ હતા. સામંતશાહી સમાજ રચનામાં જીવતા કરોડો ગ્રામવાસીઓ હતા અને વેપારી કેન્દ્ર બનેલા શહેરના વાસીઓ પણ હતા. તદુપરાંત તે સમયે નવોદિત યાંત્રિક ઔદ્યોગિક કેન્દ્ર બની રહેલા અને ઝડપથી શહેરીકરણ તરફ વળવાની શરૂઆત કરી ચૂકેલા જૂજ શહેરીસમાજ હતા.

સામાજિક અને રાજકીય વ્યવહારોમાં આ બહુસ્તરીય વાડાબંધી નિર્ણાયક ભૂમિકા ભજવતી રહી છે. આવા અલગ અલગ સમૂહો અને પેટા સમૂહોમાં વહેંચાયેલા કરોડો હિંદવાસીઓ માટે એક રાષ્ટ્ર, રાષ્ટ્રવાદ અને એક રાષ્ટ્રીયતાના દાયરામાં રહીને વાત કરવી જરા પણસહેલી નથી. કારણકે રાષ્ટ્રની વિભાવનામાં ભૌગોલિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક (ભાષા / બોલી, ધર્મ સંપ્રદાય, સાહિત્ય, કલા, રીતિ-રિવાજ વગેરે), આર્થિક અને રાજકીય સહભાગીતા વણાયેલા છે. આ દરેક પરિમાણના માપદંડ પ્રમાણે એક રાષ્ટ્ર તરીકે ઉણા ઉતરતા હિંદવાસીઓને ઓગણીસમી સદીના છેલ્લા દાયકામાં એક સર્વસ્વીકૃત ગૌરવપૂર્ણ અસ્મિતાનું જ્ઞાન કરાવવું કપરું હતું. ઉપરોક્ત સંદર્ભમાં આપણે હવે આ છઠ્ઠી કડીમાં સ્વામિ વિવેકાનંદે યુ.એસ.એ.ના શિકાગો શહેરમાં યોજાયેલી વિશ્વધર્મ સંસદમાં સપ્ટેમ્બર ૧૮, ૧૮૯૩ના રોજ કરેલા સંબોધનને આવરી લઈશું.

- **વક્તાનો પરિચય :**

સ્વામિ વિવેકાનંદનું મૂળ નામ નરેન્દ્ર દત્ત હતું. તેઓનો જન્મ જાન્યુઆરી ૧૨, ૧૮૬૩ના રોજ કલકત્તામાં એક સુખી સંપન્ન કુટુંબમાં થયો. તેઓના પિતા વિશ્વનાથ, કલકત્તા હાઈકોર્ટના એટર્ની હતા.

સ્વામિ વિવેકાનંદ ૧૮૮૪માં જનરલ એસેમ્બલીઝ ઇન્સ્ટિટ્યૂશન (હાલમાં સ્કોટીશ ચર્ચિઝ કૉલેજ)માંથી ગ્રેજ્યુએટ થયા. તેઓએ કાયદાનો અભ્યાસ પણ કર્યો, પરંતુ પરીક્ષા ન આપી. તેઓનું અશાંત મન સંપૂર્ણ નિરપેક્ષ સત્યની શોધ કરવા મથતું હતું. બ્રહ્મોસમાજના અગ્રણીઓને મળીને તેઓ થોડો સમય તેમાં જોડાયા. પરંતુ જ્યારે તેઓ રામકૃષ્ણને મળ્યા અને તેઓના શિષ્ય બન્યા ત્યારે તેમની શોધ પૂરી થઈ. રામકૃષ્ણના નિધન બાદ સ્વામિ વિવેકાનંદ રામકૃષ્ણના અનુયાયી મંડળના નેતા બન્યા. ૧૮૮૦-૧૮૯૦ના સમયગાળા દરમિયાન તેઓએ વ્યાપક ભારતભ્રમણ કર્યું. સપ્ટેમ્બર ૧૮૯૩માં અમેરિકાના શિકાગો ખાતે યોજાયેલી વિશ્વ ધર્મસંસદમાં હાજરી આપી. તેઓએ ત્યાં કેટલાય ભાષણ આપ્યા અને તેથી પ્રસિદ્ધિ પામ્યા. ચાર વર્ષ સુધી યુ.એસ.એ. અને ઇંગ્લેન્ડમાં ભ્રમણ કરી અનેક ભાષણો તથા સંવાદ - ચર્ચા કરી ૧૮૯૭માં તેઓ

ભારત પાછા ફર્યા. એ ચાર વર્ષમાં અનેક તત્ત્વચિંતકો અને વિચારકો સાથે તેઓએ વિચાર વિમર્શ કર્યો. ભારત પાછા ફરી ૧૮૯૭ના મે મહિનાની પહેલી તારીખે તેઓએ રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી અને ૧૮૯૮ના ડિસેમ્બરની નવમી તારીખે બેલુર મઠની સ્થાપના કરી. ૧૮૯૯માં ફરી વખત તેઓએ અમેરિકા અને યુરોપની યાત્રા કરી અને ન્યુયોર્ક તથા બીજાં સ્થળોએ રામકૃષ્ણ મિશનની શાખાઓ સ્થાપી.

સ્વામિ વિવેકાનંદે રાજકારણમાં ભાગ લીધો ન હતો. પરંતુ તેઓના જીવને અને ઉપદેશે હિંદના નવજાત રાષ્ટ્રવાદ પર લાંબાગાળાની અમીટ અસર કરી. વેદાંત - ઉપનિષદ અને યોગ પરના તેઓના વિવેચન તથા સામાજિક કાર્યો અને પુનરુત્થાનના પ્રયત્નોએ તે કાળની રાષ્ટ્રીય નેતાગીરી પર પ્રભાવ પાડ્યો. તેઓ એક વિચારક હોવા ઉપરાંત એક પ્રખર વક્તા પણ હતા. જવાહલાલ નહેરુએ લખ્યું : 'તેઓએ (વિવેકાનંદે) હતાશ અને નાહિંમત હિંદુ માનસમાં શક્તિ સંચાર કર્યો અને લોકોને સ્વનિર્ભર થવા અને પોતાની અસ્મિતાની ઓળખ કરવા પ્રેર્યા.' સ્વામિ વિવેકાનંદ કોઈ એક પ્રદેશ કે પંથના ન હતા, તેઓ સમગ્ર હિંદના હતા.

સ્વામિ વિવેકાનંદે માત્ર એક લાંબું ભાષણ આપ્યું ન હતું. તેઓએ દસ જુદા જુદા ભાષણ આપ્યા હતા, જેમાંનું પ્રથમ ભાષણ શિકાગોમાં સપ્ટેમ્બર ૧૧, ૧૮૯૩ના દિવસે આપ્યું હતું. આ ભાષણ આપ્યું ત્યારે તેઓની વય માત્ર ૩૦ વર્ષની હતી! ૪ જુલાઈ, ૧૯૦૨ના રોજ ૩૯ વર્ષની યુવાન વયે તેઓનું નિધન થયું.

- **વક્તવ્ય :**

અમેરિકાના બહેનો અને ભાઈઓ! તમે અમને આપેલા હાર્દિક ઉષ્માભર્યા આવકારનો પ્રતિભાવ આપતાં મારું હૈયું અકથ્ય આનંદથી ઉભરાઈ રહ્યું છે. વિશ્વના સૌથી પ્રાચીન સાધુસંઘના નામે હું તમારો આભાર માનું છું. ધર્મોની માતાના નામે હું તમારો આભાર માનું છું અને દરેકે દરેક વર્ગ અને પંથના કરોડો હિંદુ લોકોના નામે હું તમારો આભાર માનું છું.

આ મંચ પર જે કોઈ વક્તાઓએ પૂર્વમાંથી આવેલા પ્રતિનિધિઓ વિશે આપ સૌને જણાવ્યું કે આ દૂર-સુદૂર દેશોમાંથી આવેલા લોકો જુદા જુદા દેશમાં આવ્યાનું અને સહિષ્ણુતાના વિચારના દ્યોતકનું માન મેળવે છે, તે સૌ વક્તાઓનો પણ હું આભારી છું. જે ધર્મે વિશ્વને સહિષ્ણુતા અને સર્વમાન્ય સ્વિકૃતિના પાઠ ભણાવ્યા છે, તેવા ધર્મના પ્રતિનિધિ હોવાનું મને ગૌરવ છે.

અમે વૈશ્વિક સહિષ્ણુતામાં માનવા ઉપરાંત એ પણ સ્વિકારીએ છીએ કે બધા ધર્મો સાચા છે. મને ગર્વ છે કે જે દેશે આ વિશ્વના તમામ ધર્મો અને દેશોના ત્રસ્ત અને વિસ્થાપિત નિરાશ્રિતોને આશ્રય આપ્યો છે, તેનો હું વાસી છું. ગર્વથી હું કહું છું કે જે વર્ષે રોમન જોરજુલમથી જેઓનું પવિત્ર મંદિર તોડી પાડવામાં આવ્યું તેવા બાકી બચી ગયેલા મુળ શુદ્ધ ઇઝરાયલી નિરાશ્રિતો એ જ વર્ષે દક્ષિણ ભારત આવી પહોંચ્યા, ત્યાં સુખેથી હુંફાળો આશ્રય પામ્યા અને અત્યાર સુધી ફુલીફાલી રહ્યા છે. મને ગર્વ છે કે હું એ ધર્મનો છું કે જેણે મહાન ઝોરાષ્ટ્રીયન સંસ્કૃતિના લોકોને આશરો આપ્યો અને હજી પણ તેમના શેષ લોકોને પોષે છે. ભાઈઓ, મારા બાળપણથી જે સ્તોત્ર હું અને બીજા કરોડો લોકો દરરોજ બોલતા આવ્યા છીએ તેની કેટલીક પંક્તિઓ હું ટાકીંશ : 'જે રીતે જુદા જુદા ઝરણા અને નદીઓ આખરે સમુદ્રમાં જઈ મળે છે, તે રીતે, હે ઈશ્વર, મનુષ્ય જુદા જુદા વલણ સાથે ઉપલક દૃષ્ટિએ સીધા કે વાંકાચૂકા દેખાતા જુદા જુદા રસ્તા અપનાવે છે, જે બધા જ આખરે તારી તરફ દોરી જાય છે.'

આ સંમેલન, કે જે અત્યાર સુધીમાં ભરાયેલી સૌથી વધુ ભવ્ય સભાઓમાંની એક છે, તે ભગવદ્ ગીતામાં ઉપદેશિત આ અદ્ભુત સિદ્ધાંતને વાજબી ઠેરવતું, પ્રમાણ આપે છે : 'જે કોઈ પણ જીવ, જે કોઈપણ સ્વરૂપમાં, મારા તરફ આવે છે, હું તેને જઈ મળું છું; બધા મનુષ્ય સંઘર્ષ કરતા કરતા મને પામવા જે કોઈ રસ્તાઓ લે છે તે આખરે મારી તરફ દોરી જાય છે.' પંથોની વાડાબંધી, ધર્માંધતા, તેની ભયંકર નીપજ અને ઝનુન, આ બધાએ આ સુંદર વિશ્વને પોતાની નાગચુડમાં જકડી રાખ્યું છે.

તેઓએ આ પૃથ્વીને હિંસાથી ભરી છે, મનુષ્યના લોહીથી તરબોળ કરી છે, માનવ સંસ્કૃતિ અને સભ્યતાઓને નષ્ટ કરી છે અને આખા દેશોના સમાજોને હતાશ કર્યા છે. જો આ ભયંકર દૈત્યો ના હોત, તો માનવ સમાજે ઘણી વધુ પ્રગતિ કરી હોત. પરંતુ હવે તેઓનો સમય પાકી ગયો છે. હું તીવ્ર ઉત્સુકતા સાથે આશા કરું છું કે આ સંમેલનના માનમાં આજે સવારે જે ઘંટનાદ થયો તે સર્વ પ્રકારની ધર્માંધતા, ઝનુન, તલવાર અને કલમથી ગુજારાતા ત્રાસ માટે તથા એક જ ધ્યેય તરફ દોરી જતા રસ્તાઓ પરના યાત્રીઓ વચ્ચેની ઉદારતાહીન લાગણીઓને માટે મૃત્યુઘંટ સાબિત થાય.

***નોંધ :*** સ્વામિ વિવેકાનંદના ઉપરોક્ત વક્તવ્ય અને તે પછીના કાર્યોએ હિંદના લોકોમાં રાષ્ટ્રીય ગૌરવ અને રાષ્ટ્ર ભક્તિની ભાવના જગાડવા માટે ઉદ્દીપક (Catalyst)ની ગરજ

**(અનુ. : જુઓ પાના નં.-૧૨ ઉપર)**

ઉત્સવ

# લાગણી સમજવા શબ્દોની ક્યાં જરૂર છે? વાંચતા આવડે તો આંખ પણ કાફી છે!



ભોલાભાઈ ગોલીબાર

આપણા બધાનું જીવન સમસ્યા-સમાધાન, સારું-નરસું, જીત-હાર, સુખ-દુઃખ, સફળતા અને નિષ્ફળતા, ઉતાર-ચઢાવથી ઘેરાયેલું છે અને આપણે આ બધી વાતો વચ્ચે ખુશ રહેવાનું છે. હવે જો આપણે આવી પરિસ્થિતિમાં પોતાની ખુશી એવું વિચારીને ટાળી દઈએ છીએ કે જો મને આ મળશે તો હું ખુશ થઈ જઈશ અને જો આ વસ્તુ મળી જાય તો હું રાજી રાજી થઈ જઈશ. જોકે, એક વાત પણ એટલી જ સત્ય છે કે એવો કોઈ સમય આવશે જ નહિ. ઓશો રજનીશે કહ્યું છે કે, 'આપણું મન બહુ ચાલાક છે. જેવું એ એક વસ્તુને પ્રાપ્ત કરે છે, તરત જ બીજી વસ્તુને મેળવવાનું ધ્યેય બનાવી લે છે, અને આવી જ વાત આપણી ખુશી સાથે છે.' આ તથ્યને સમજવા માટે આપણે એક નાનકડી વાર્તાથી સમજીએ.

એક મહાત્મા હતા, જે ગામેગામ ફરી લોકોની સમસ્યાનો અંત આણતા. સમસ્યાઓનું સમાધાન કરતા. એક ગામમાં એક વેપારી એમને મળ્યો, જે હંમેશાં પરેશાન રહેતો. જે મળ્યું એનાથી એને સંતોષ નહોતો થતો અને હંમેશાં બીજું મેળવવાની ફિરાકમાં રહેતો. એને ક્યારેય ખુશી નહોતી મળતી. એણે મહાત્માને પૂછ્યું, 'મેં સાંભળ્યું છે કે તમારી પાસે દરેક સમસ્યાનું સમાધાન છે, મારી સમસ્યાનું સમાધાન કરો. મને ખુશી નથી મળતી.'

મહાત્માએ વેપારીને કહ્યું, 'તમે મને કાલે સવારે નદી કિનારે મળો. તમારી સમસ્યાનું સમાધાન ત્યાં જ થશે.'

બીજા દિવસે વેપારી નદી કિનારે પહોંચી ગયો. મહાત્મા તો ત્યાં પહેલાથી જ હાજર હતા. મહાત્માએ વેપારીને કહ્યું, 'તમારી સમસ્યાનું સમાધાન નદીને પેલે પાર છે. એટલે આપણે બન્નેએ નદીનું પાણી ખલાસ થાય ત્યાં સુધી રાહ જોવી પડશે.'

વેપારીએ મહાત્મા પર ગુસ્સે થતા કહ્યું, 'શું મૂરખ જેવી વાતો કરો છો. નદીનું પાણી ક્યારેય ખતમ થતું હશે? આમ તો આપણે આખી જિંદગી બેઠા રહીશું તો પણ આપણે ક્યારેય પણ નદી પાર નહિ કરી શકીએ. જો નદી પાર કરવી હશે તો નદી પાર કરવાનો રસ્તો તો શોધવો પડશે. નહિ તો અહીં વાટ જોતા બેઠા રહેવું પડશે.'

મહાત્મા વેપારીનો જવાબ સાંભળી મુસ્કુરાયા અને બોલ્યા, 'હજુ પણ મારે તારી સમસ્યાનું સમાધાન કરવું પડશે?' વેપારીને ટ્યુબલાઈટ ના થઈ. મહાત્માએ વેપારીને સમજાવતા કહ્યું, 'જેમ આ નદી વહેતી રહેશે અને એનું પાણી ક્યારેય ખતમ નહિ થાય અને આપણી નદી પાર કરવાનો રસ્તો શોધવો પડશે. એવી જ રીતે જીવનમાં સમસ્યા, સારું-નરસું, જીત-હાર, સફળતા-નિષ્ફળતા આવતી-જતી રહેશે. ને તમારે ખુશ રહેવું છે તો આ બધામાંથી ખુશી શોધી પ્રાપ્ત કરવી પડશે. નહિ તો આખું જીવન ખુશી મેળવવા માટે રાહ જોતા રહી જશો.'

આ વાત વેપારીના ભેજામાં ઉતરી અને જીવનમાં કઈ રીતે ખુશ રહેવું એનો જીવનમંત્ર એને મળી ગયો.

મિત્રો, ખુશ રહેવા માટેની કોઈ શરત હોય છે? જો સવાલનો જવાબ હા છે તો એમાંથી બહાર નીકળો. ચાર્લી ચેપ્લિને એક વાત કહી હતી, 'મુસ્કુરાહટ દુનિયાની સહુથી સસ્તી પણ અમૂલ્ય વસ્તુ છે. જે જીવનમાં ખુશીઓ લાવે છે અને જીવનને ઉત્સવ બનાવી દે છે.'

*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*એશિયન પેઈન્ટ્સ ગોડાઉનની બાજુમાં,*
*બોમ્બે હાઈવે, નારોલ,*
*અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

---

*ધિલમેં હિકડી જ ભાવના, જીવ માત્ર જો થિયે મંગલ સદા*
*મનસેં મંગલ ભાઈઆં મિણિજો ખેર કરે 'હરિ' ખુદા.*

જીવ માત્રનું શુભ મંગલ થાઓ. એ એક જ ભાવના દિલમાં છે. પરમાત્મા સૌનું કલ્યાણ કરો.

*હરિદાસ કે. ઠક્કર, 'હરિ' - મસ્કા, કચ્છ*

અરમાન

# ઓજસ

• પુષ્પાબેન વૈદ્ય 'અમી' •

*કભી કિસીકો મુકમ્મલ જહાં નહિ મિલતા,*
*કહીં જમીં તો કહીં આસમાં નહિ મિલતા.*
*– નિદા ફાજલી*

અરમાનોની ડોલી સાથે કલ્પનાએ એક ભર્યાભાદર્યા ઘરમાં પ્રથમ માંગલિક પગલાં પાડ્યા. કેટલું મોટું ઘર! ચાર મોટા રૂમો, મધ્યમાં એક વિશાળ ડાઈનિંગ હોલ! ખૂબ જ શણગારેલું ઘર આભૂષણ મંડિત કલ્પનાની જેમ શોભી રહ્યું હતું. આજે મોટા દીકરાની વહુ તરીકે એ પ્રવેશી છે. એણે જોયું કે બધી જ વ્યવસ્થા અને ઘરકામ નોકરો જ કરે છે. ઓહો આ સાહ્યબીમાં એનો પ્રવેશ છે.

કોઈપણ સ્ત્રીને આર્થિક સધ્ધરતા અંદરખાને ગમતી જ હોય છે. પરંતુ એમ ન હોય તો ઉપાર્જનમાં પોતે પણ સાથ આપતી હોય છે. પણ અહીં તો એવો કોઈ પ્રશ્ન જ નથી.

સાસુ, સસરા, દિયર, નણંદ અને પોતે બે – છ જણનો પરિવાર. રાત્રે હસીખુશીથી સહુ છૂટા પડ્યા. કલ્પના દંપતિ માટેના રૂમમાં આવી. શય્યા જોતાં જ ચકાચૌંધ! સ્વર્ગ જેવી. પણ પોતે એવી થાકી ગઈ હતી કે શણગારેલી સેજમાં પડ્યા ભેગી જ સૂઈ ગઈ. અચાનક રાત્રે જાગી તો રાત્રિના બે ટકોરા સાંભળ્યા. પોતાના વર્તન માટે પસ્તાવો થયો અને સુધાંશુને શોધવા બાજુમાં નજર કરી તો ખાલીખમ્મ!!! અરે, એ હજી કેમ નથી આવ્યા?

ત્યાં જ સુધાંશુનો પ્રવેશ થયો. લથડતી ચાલે, તીવ્ર દુર્ગંધ પ્રસરતી હતી. ઓહ સુધાંશું! તમે...તમે...આમ...આ હાલતમાં...જેમ તેમ ટેકો આપીને પતિને સુવાડ્યો ને રાત્રિ તેના મગજમાં અનેક વિચારો રેતની શીશીમાં સરકતી રેત પૂરી થાય તેમ પૂરી થઈ ગઈ.

સોનાનો સૂર્ય ઊગી ચૂક્યો હતો. તે ઝડપથી ઊઠી તૈયાર થઈ બહાર આવી. સાસુમાં પૂજામાંથી બહાર આવ્યા હતા. સાસુએ તેને આરતી નવાજવા આપી. દિયર - નણંદ પણ આનંદ કરતાં ડાઈનિંગ ટેબલ પર ગોઠવાયા. અહીં કોઈ કશી જ ખામી નથી. ભાભી? તમને અમે ગમશુંને? અમારી સાથે તમે રમશોને? કલ્પના પોતાના દુઃખના બ્લેક પરદાને ખસેડીને તરત જ બોલી, "હા હા, તમે બંને મને બહુ ગમો છો. આપણે ખૂબ મજા કરશું. ચાલો, અત્યારે આપણે નાસ્તો કરી લઈએ." તેટલામાં સસરાજી પણ આવીને બેઠાં અને નરમાશથી કહ્યું, 'બેટા, આ ઘર તમારું, આ પરિવાર પણ તમારો. આ માળાને સાચવવાનું કામ તમારું." ને નોકરે બધાંને બટેટા પૌંઆ, ઈડલી-સંભાર વગેરે પીરસ્યા. ઘરનું વાતાવરણ આધુનિક હતું. ઘુંઘટ પ્રથા પાછળ ઠેલાઈ ગઈ હતી. સાસુજી કલ્પનાને જોઈ ખુશ હતા. પણ કલ્પના ભીતરકી ગત...કંઈ પણ બોલ્યા વિના સહુમા ભળી ગઈ.

સુધાંશુ સૂર્યોદય થતાં ઊઠતો. તૈયાર થઈ ઓફિસે જ જતાં હશે એવું માની લેવાતું. પણ રાત્રે? ક્યાંથી આવે છે? કોની સાથે હોય છે? શા માટે ભર્યા ઘરના આનંદમાં સામેલ નથી થતો. એક દિવસ હિંમત કરીને કલ્પનાએ પૂછ્યું, "આમ રોજ તમે રાત્રે કેમ મોડા આવો છો?" ને તે બોમ્બની જેમ તાડૂક્યો, "આ બાબતમાં તારે ક્યારેય પ્રશ્ન કરવાનો નથી. તું તારી સીમામાં જ રહેજે, સમજી તું?" કલ્પના સમસમી ગઈ. ઘરના વાતાવરણને બિલકુલ ડિસ્ટર્બ કર્યા વિના તેના મગજમાં પતિના વર્તાવ અંગે અનેક પ્રશ્નો ઊઠતાં હતાં. જેના પ્રત્યુત્તર કંઈ જ ન હતા. મારે જ કંઈક કરવું પડશે. આનો તાગ લેવો પડશે. પણ શી રીતે? તેણે ધીમે ધીમે સુધાંશુની ઓફિસની ભાળ કાઢી. ઓફિસના બધાં જ સભ્યો સારા હતાં. કોઈ ક્યાસ ન નીકળ્યો. સુધાંશુ ક્યાં જાય છે? આજે તો હું શોધું જ. ને તે સુધાંશુ ઓફિસેથી બહાર નીકળ્યો તો તે સંતાતી તેની પાછળ ચાલી. અરે, સુધાંશું કારમાં ક્યાં જાય છે? કલ્પનાએ પણ ટેકસી કરી. ને ડ્રાઈવરને સૂચના આપી તેનો પીછો કર્યો. ચર્નીરોડ ચોપાટી પર સામેના બંગલામાં એની કાર પ્રવેશી. કલ્પના પણ પૂંઠાપૂંઠા તે અતિ ચૂપકીદીથી જ પાછળ પાછળ ચાલી. સુધાંશું ગ્રાઉન્ડ ફ્લોરના એક દરવાજામાં ડોરબેલ વગાડ્યા વિના જ પ્રવેશી ગયો. કલ્પના થંભી ગઈ. દરવાજો બંધ થયો. તે દરવાજે ઊભી. હવે શી રીતે જોઉં? ત્યાં તો એને લૉકની બાજુનું છિદ્ર મળી ગયું. એ છિદ્રમાંથી એણે નજર માંડીને શું જોયું? એક સુંદર યુવતી કણસતી પથારીમાં જ હતી. અલબત્ત તેની ઉંમર બહુ કળાતી ન હતી. તે સુધાંશુને જોઈને ખુશ થઈ ગઈ. તેણીને તેણે હળવેથી ઉંચકી અને બાજુ પર સુવાડી. ચાદર બદલી તેણીને પાણી ખાયું. કલ્પનાથી રહેવાયું નહિ. અને હળવેકથી દરવાજો ખોલી સીધી પ્રવેશી

**(અનુ. : જુઓ પાના નં.-૨૮ ઉપર)**

હાસ્ય રસ

# શહાદતની સાલગીરા!

• ચિત્રસેન શાહ •

મિત્રો સાથે હાસ્ય અને હાસ્યવૃત્તિ અંગેની વાતો ચાલતી હતી ત્યારે ઘરમાં ભૂલથી મોટેથી બોલાઈ જવાયું – Laughter is my first love! (હાસ્ય, એ મારો પ્રથમ પ્રેમ છે!) ત્યારે મને ખ્યાલ પણ નહીં કે આ કથનના દુષ્પરિણામ મારે ભોગવવા પડશે! કારણ કે થોડા સમય પછી લેખ લખવા બેઠો ત્યારે લખતાં લખતાં મને ચા પીવાની ઈચ્છા થઈ. (કારણ કે Tea is my second love! - એટલે કે પત્ની ત્રીજા સ્થાને આવે!) એટલે મેં પત્નીને ચા બનાવવાનું કહ્યું તો જવાબ મળ્યો - 'ચા તો 'First Love' જ બનાવશે ને!' (અમને થયું કે પત્નીની કાંઈક ગેરસમજ થઈ લાગે છે! એ કદાચ એમ સમજ્યા હોવા જોઈએ કે 'Laughter' એ કોઈ 'એંગ્લો ઈન્ડિયન' લેડી હોવી જોઈએ!) ત્યારથી હું હાસ્ય જાહેરમાં તો શું ઘરમાં પણ બોલતો નથી! આ વાત અહીં લખવાનું કારણ એ જ કે - કાશ્મીર સરહદે રોજેરોજ શહીદ થતા રહેલા આપણા વીર સૈનિકો અંગેના સમાચાર ટી.વી. પર જોઈને કે ન્યૂઝપેપરમાં વાંચીને આપણું લોહી ઉકળી ઊઠે છે. (કારણ કે એ વીર સૈનિકો સરહદ ઉપર છે તેથી જ આપણે એ.સી. હોલમાં બેઠાં બેઠાં 'બાહુબલી-૨' જોઈ શકીએ છીએ!) હવે આ ઉકળતા લોહીને ઠંડુ પાડવા હાસ્યવૃત્તિ કેળવવા સિવાય અત્યારે આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નથી!

પરંતુ ના, બીજો વિકલ્પ છે.

★ આપણે 'ડીફેન્સ' પોલિસી છોડી ઑફેન્સિવ બનવું જોઈએ કારણ કે 'Offence is the best defence.'

★ પાકિસ્તાન સામે તો ઠીક પરંતુ આપણા જ દેશદ્રોહી પથ્થરબાજો સામે પણ રોજે રોજ 'સર્જિકલ સ્ટ્રાઈક' કરવી જોઈએ! ઈંટનો જવાબ પથ્થરથી અપાય પણ પથ્થરનો જવાબ તો સર્જિકલ સ્ટ્રાઈકથી જ અપાય! તો જ પથ્થર બાજોની શાન ઠેકાણે આવશે! તેની પાંચ પેઢી સુધી કોઈ પથ્થરની નજીક પણ નહીં જાય!

★ એક પથ્થરબાજને જીપ સાથે બાંધનાર બહાદુર સંરક્ષણ અધિકારી ગોગોઈનું દરેક સ્ટેટમાં સન્માન થવું જોઈએ! તેના બદલે તેણે બિચારાને પોતાના આ કાર્ય માટે 'ખુલાસા' આપવા પડે છે! (માનવ અધિકારવાદી મૂર્ખાઓ સામે!)

★ આપણા નરરત્ન 'ઈસરો' ને જો આ સંરક્ષણ ક્ષેત્રે જોડી દીધું હોય તો ચોક્કસ સારા પરિણામ મળે. એક સાથે ૧૪૦ ઉપગ્રહો છોડનાર 'ઈસરો' ના બાહોશ સાયન્ટીસ્ટો ચોક્કસપણે આપણા બે સૈનિકોના માથાને બદલે પાકિસ્તાન આર્મીના ૧૪૦ સૈનિકોનાં માથાં લાવી આપે!

પરંતુ આ બધું રાજકીય ઈચ્છાશક્તિ વડે થાય ત્યાં સુધી આપણા 'ઉકળતા' લોહીને ઠંડુ રાખવા 'ફ્રીજ' ની જરૂરિયાત છે! અને તે 'ફ્રીજ' છે - હાસ્યવૃત્તિ કે હળવાશની ક્ષણો!

તો ચાલો હવે એ રસ્તે!

★ હસતાં માણસની સોબત અત્તરની એક દુકાન જેવી છે. સાહેબ, કશું જ ના ખરીદીએ તો પણ સુગંધ તો મળે જ!

★ એક જગ્યાએ 'તીનપત્તી' ની મહેફિલ જામી હતી! એક ભાઈ પોતાની ગેઈમ ઓપન કરતા બોલી ઉઠ્યા - 'તીન તલ્લાક!'

હમણાં ટી.વી. ચેનલોમાં 'તીન તલ્લાક!' ની ચર્ચા ચોવીસે કલાક ચાલ્યા કરતી હોય છે તેથી તે ભાઈથી 'તીન એક્કા' ને બદલે ભૂલથી બોલાઈ જવાયું - 'તીન તલ્લાક!'

આ સાંભળી તે ગ્રુપમાં રમી રહેલી તેની પત્ની તો માંડી ચાલવા! તેણી પિયરની વાટ પકડી જ રહી હતી ત્યાં તેના પતિએ કહ્યું - 'ભૂલથી મારાથી બોલાઈ જવાયું છે!' નહીં તો પણ આપણામાં આવો 'કુ-રિવાજ' છે જ ક્યાં! આખરે ન્યુઝ પેપરની ભાષામાં કહીએ તો ઘીના ઠામમાં ઘી પડી રહ્યું!

આટલું લખીને હું અટકું છું ત્યાં જ અમારા મિત્રે એન્ટ્રી કરતાં કહ્યું - 'બોસ, આજે પહેલી જૂન છે ને! તમારી 'શહાદત' ની સાલગીરા!' મારો મિત્ર મેરેજ એનિવર્સરીને પતિના શહીદ દિન તરીકે ઓળખાવે છે!

તેમણે અમને અમારા મેરેજ એનિવર્સરીની યાદ અપાવતા કહ્યું - 'મોટી પાર્ટી આપો તે પહેલાં 'સ્ટાર્ટર' તરીકે - ચાલો, ખવડાવો આઈસ્ક્રીમ!' અને અમે આઈસ્ક્રીમ ખાતાં ખાતાં વિચારવા લાગ્યા કે વાત તો સાચી છે! મેરેજ એનિવર્સરી એ પતિ માટે 'શહાદત' નો દિવસ જ કહેવાય કારણ કે તે દિવસથી પતિ બિચારો પલંગની બંને બાજુથી ઉતરી પણ શકતો નથી!

*'વ્હાઈટ હાઉસ'*
*પ્લોટ ૩૧૪/એ, સેક્ટર-૨૦, ગાંધીનગર.*
*મો. : ૯૪૦૯૫ ૪૧૫૫૧*

સ્વાસ્થ્ય

# વારંવાર હાથ ધોવા – (૨)



ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)



ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

### *સુષ્માના કેસમાં બીમારી તરફ લઈ જનારા પરિબળો (Predisposing Factors) :*

**(૧) વ્યક્તિત્વ :** સુષ્માનું વ્યક્તિત્વ વધારે પડતી ચોકસાઈવાળું હતું. વધારે પડતી સાફ સફાઈ જોઈતી હતી અને પોતે જાતે કરતી હતી. ઘણી વખત આ સાફ સફાઈમાં શારીરિક રીતે થાકી પણ જતી. પરંતુ જ્યાં સુધી ધાર્યા પ્રમાણે સાફ સફાઈ ન થાય ત્યાં સુધી શાંતિથી જંપીને બેસતી નહીં. ઘરમાં વસ્તુઓ વ્યવસ્થિતપણે ગોઠવેલી હોવી જોઈએ (Perfectionism). વસ્તુઓ એજ પ્રમાણે એ જ ક્રમમાં, જરાપણ આગળ પાછળ નહીં એવી રીતે ગોઠવેલી હોવી જોઈએ. ઘરમાં કપડાં, વાસણ, વર્તમાનપત્રો, મેગેઝીન, ભણવાના પુસ્તકો, જોડાં વગેરે બધું જ વ્યવસ્થિતપણે ગોઠવેલું હંમેશા હોવું જોઈએ. બીજા કોઈએ વસ્તુઓ આડી-અવળી મૂકી દીધી હોય તો સુષ્મા જાતે એ વસ્તુઓ ગોઠવતી. ઘણી વખત આમાં સુષ્માનો સમય, શક્તિ વેડફાઈ જતાં તથા અન્ય કામનું ટેન્શન વધી જતું.

સમય માટે પણ વધુ પડતી ચોકસાઈ રાખતી. કાર્યક્રમમાં સમયની પહેલા પહોંચી જવાનો આગ્રહ રાખતી. જેથી ઘણી વખત સ્ટ્રેસ લેતી.

પોતાની વાણી, વર્તણૂક, વ્યવહારને લીધે બીજાની લાગણી ન દુ:ભાય એનો ખ્યાલ રાખતી. આ માટે પોતે જાતે નકારાત્મક લાગણીઓ દબાવી દેતી. એ નકારાત્મક લાગણીઓ વ્યક્ત ન કરતી.

આમ સુષ્મા પોતાના સ્વભાવ તથા વ્યક્તિત્વ તથા અભિગમને લીધે સ્ટ્રેસ, ટેન્શનમાં જીવતી હતી. બધું વ્યવસ્થિત હોવા છતાં જિંદગી માણી શકતી ન હતી.

**(૨) ભાઈને ફ્રેક્ચર થયેલ :** તકલીફ શરૂ થઈ એના લગભગ છ એક મહિના પહેલા નાના ભાઈને સ્લીપ થવાથી પગમાં ફ્રેક્ચર થયેલ. ઓપરેશન કરાવવું પડેલ. સારવાર બાદ એકદમ નોર્મલ થઈ ગયેલ. પરંતુ આ છ મહિના સુષ્મા સ્ટ્રેસમા જીવતી હતી. ભવિષ્યની ખોટી ચિંતા ભાઈ માટે કરતી હતી. ભાઈ સાજો નહીં થાય, ખોડ રહી જશે વગેરે વગેરે.

**(૩) ભાણેજની નોકરી છૂટી જવી :** અમેરિકામા રહેતા બહેનના દીકરાની નોકરી છૂટી ગયેલ. બે એક મહિના ભાણેજ નોકરી વગર હતો. પણ પછી નોકરી મળી ગયેલ તથા એને કોઈ તકલીફ નથી. ફોન પર એ ભાણેજ માસીને આશ્વાસન આપતો કે માસી મારી ચિંતા નહીં કરો. મને નોકરી મળી જશે. મારી પાસે એક વર્ષ ચાલે એટલી બચત છે. છતાં સુષ્માનું મન ન માનતું અને સ્ટ્રેસમા જીવતી હતી.

**નિદાન :** સુષ્માનો કેસ ઓ.સી.ડી. (O.C.D. - Obsessive Compulsive Disorder) નો છે. જેમાં મુખ્યત્વે અનિચ્છિત દબાણપૂર્વકના કાર્યો - Compulsive Behaviour (વારંવાર હાથ ધોવા, વારંવાર ચેક કરવું, વધારે પડતી સાફ સફાઈ, વધારે પડતી ચોકસાઈ વગેરે) સુષ્મા કરતી હતી. જેને લીધે રોજિંદા કાર્યોમાં તથા વ્યવહારમાં તકલીફ અને મુશ્કેલી સર્જાતી હતી.

**સારવાર :**

**(૧)** ઓ.સી.ડી. ની બીમારીમાં મનના અવયવો - લિમ્બિક સિસ્ટમમાં ન્યુરોટ્રાન્સમિટર - સીરોટોનિનની માત્રા ઓછી થાય છે. જેને લીધે બીમારીના લક્ષણો (વિચાર, કાર્ય, વ્યવહારમાં) જોવા મળે છે.

જેમ ડાયાબિટીસની બીમારીમાં બહારથી ઈન્સ્યુલીન આપવાથી બીમારીનાં લક્ષણો પર કાબૂ મેળવાય છે તેમ ઓ.સી.ડી. ની બીમારીમાં દવાઓ જે સીરોટોનિનની માત્રા મગજમાં મનના અવયવોમાં વધારે છે જેથી બીમારીના લક્ષણો પર કાબૂ મેળવાય છે. આ ઊંઘની દવાઓ નથી.

યોગ્ય માત્રામાં એસ.એસ.આર.આઈ. (SSRI) દવાઓ આપવાથી ધીમે ધીમે બીમારી પર કાબૂ મેળવાય છે. લક્ષણો ઓછા થાય છે. સુષ્માના કેસમાં છ અઠવાડિયાની દવાઓની સારવારથી ફરક જણાયો.

(અનુ. : જુઓ પાના નં.-૨૨ ઉપર)




STAR NUTS PREMIUM ROASTED NUTS | Tasty Yummy Tingles JalJira Plus & Lite | BAGHBAN BILAS | RINGO ROASTED PEANUTS & CHANA | SNACKY STAR NUTS ROASTED NUTS | KRUNCHIPS POTATO CHIPS | Bitzz EXTRUDED SNACKS | ROASTED CRUNCH KHAKHRA

**URMIN GROUP OF COMPANIES** Distributors Inquiries Solicited across India.
Call +91 **75730 35656**, +91 **99137 00139** | **sales@urmingroup.com**
Buy online: www.amazon.in, www.urmingroup.com/buyonline | Connect: /bansiramnamkeen | /bansiramNamkeen


INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
www.confortinstapower.com
ISO 9001:2008, Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014
OTHER PRODUCTS
Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323
Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489
Works 2 (Waghodia - Vadodara)


Navin Rajput : 9998540827
Raj Rajput : 9979888123
SHUKRA
Land Developers Ltd.
12, Zodiac Square, 3nd Floor, Opp. Gurudwara,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
M. : 8238044222, 8238055222, 8238066222
E-mail : shukraland@gmail.com
Website : www.shukraland.com


M. : 93750 22555 • Ph. : 2756 0480
FORTUNE SURGICALS
• GLUCOMETER • BLOOD PRESURE MONITER • WHEEL CHAIR • NEBULIZER • AIR BED
• WATER BED • PULSE OXIMETER • OXYGEN-FLOW METER • MORNING WALKER
• EXCERCISE CYCLE • MASSAGER • WEIGHING SCALE • SAUNA BELT • HEATING PED
• HOT WATER BAG • THERMOMETER • ADULT DAIPER • TREAD MILL
C-004, Supat-2, Nr. Vadaj Bus Stand, Nr. St. Laurn Hotel, Ashram Road, Ahmedabad-13


Rajesh Shah
Ayu Plus
Herbal Beauty Products
Everyday Herbal Beauty Care
Mfg. of Herbal Cosmetics & Fincg Products
Khadi & Village Industrial Commission Approved.
"Swastik" Opp. Railway Station, Samakhiyali-370150. Kutch-Gujarat (India).
Tele. Fax. : +91 2837 283854 • M. : +91 98790 33484
Email : everydayharbalcare@gmail.com • Web. : www.everydayharbalcare.com


પ્રતાપ બી. ઠક્કર
મો. : ૯૮૨૫૩૫૯૦૩૫
॥ જય જલારામ ॥
જલારામ એસ્ટેટ
બી/૧, બેન્કર્સ કોલોની, ઓધવરામ કોમ્પલેક્ષ, બીજા માળે,
ટાઉન હોલ સામે, ભુજ-કચ્છ. ૨૫૧૩૪૪.
૧૯/૨૦ આદર્શ ટાવર્સ, મુન્દ્રા-કચ્છ.


પિયુષકુમાર નટવરલાલ ધોળુ
નટવરલાલ ધનજીભાઈ પટેલ
(ઓ.) ૦૨૭૧૪-૨૯૪૫૧૩
મો. : ૯૩૭૪૫ ૮૫૬૫૫, ૯૮૨૫૪ ૮૫૬૫૫,
૯૩૭૪૪ ૪૦૨૩૪, ૯૮૨૫૪ ૪૦૨૫૪
શ્રી આશાપુરા ટીમ્બર ટ્રેડર્સ
શ્રી આશાપુરા સિમેન્ટ ડેપો
દરેક જાતના સાગ, સાલ, ચીલ, દેવદાર, આંબો,
લીમડો જલાઉ લાકડા તેમજ પેકીંગવુડ તથા પ્લાયવુડ વેચનાર.
સિમેન્ટ આર્ટીકલ્સ તથા સિમેન્ટના વિક્રેતા તથા સિમેન્ટ પતરા વેચનાર.
ઠે. મધીયા, બગોદરા હાઈવે, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ.


Ajay Shah
T. : +91 7926441050
M. : +91 9327000105
E-mail : admin@shahnet.com
Web. : shahnet.com
Shah Net
Technologies Pvt. Ltd.
406, Tilakraj Complex, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006.
: Iolite :
Intellectual Property • Management Software
www.iolite.net.in


A world Class Exterior & Interior Acrylic Paints
Indocem Paints
You Can't buy better even at Higher Price,
Indocem (India) Pvt. Ltd.
(An Iso 9001-2000 Certified Company)
Ahmedabad: 27541226, 27544161, 25743401, Fax. 07927544199,
Bangalore: 080-26758800, 26758028, Baroda: 0265-2412446,2434041
Bhopal: 0755-2556785, Bhuj: 02832-223290, 250959, Goa: 0832-2752582
Hubli: 0836-2251415, Hyderabad: 040-24740401, 55598874
Mangalore: 0824-2410320, 4252325, Mumbai: 022-26858636, 26858639
Nasik : 0253-2511247, Pune: 020-26110951
Rajkot: 0281-2222766, Surat: 0261-2543332

સ્વાસ્થ્ય

# ભૂ લોકનું અમૃત "ગાયનું દૂધ"

ડૉ. (વૈદ્ય) લલિતભાઈ એમ. ચૌહાણ

સાચા અર્થમાં નિરોગી રહેવું હોય તો મનથી તમારા જીવનમાં આર્યુવેદને અપનાવો. શરીરને સ્વસ્થ રાખવાની કળા આયુર્વેદ શીખવે છે. આર્યુવેદનો "યોગ રત્નાકર" નામનો ગ્રંથ કહે છે કે શક્રં તક્રસ્ય દુર્લભમ્ ॥ સ્વર્ગાધિપતિ ઈન્દ્ર ભગવાન છાશથી વંચિત છે કારણ ગૌમાતા કામધેનું મૃત્યુ લોકમાં પૃથ્વી ઉપર આપણા આંગણે છે. એટલે આપણું અહોભાગ્ય છે કે આપણે ગાયનું દૂધ મળે છે. માટે આપણે ભાગ્યવાન છીએ. ગાયના દુધની વાનગીઓ છાશ, માખણ, ઘી વગેરે આરોગીએ છીએ.

ગાયનું દૂધ આ પૃથ્વી ઉપરનું અમૃત છે. ગાયના દુધ જેવો પૌષ્ટિક અને અત્યંત ગુણવાળો બીજો કોઈ પદાર્થ ત્રિભુવનમાં મળવો મુશ્કેલ છે.

આ કળીયુગમાં ચા-કોફીના પીણા વધી રહ્યાં છે. ગાયના દૂધનો ઉપયોગ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. બાળકોથી મોટી ઉંમરના લોકોને ચાયની ચુસ્કી લીધા વગર ચાલતું નથી. રોજ ચાય પીવાનો સમય થાય કે શરીરમાં અકળામણ વધે છે અને ચાય પીવા તરફ મન ખેંચાય છે અને ચાય પીવા મળે ત્યારે જ હાશ લાગે છે. સમાધાન થાય છે.

ચાય પીવાના કારણે ધીરે ધીરે પાચન તંત્ર નબળુ પડે છે. ખોરાક ઓછો લેવાય છે. ખાધેલું ભોજન બરાબર ન પચવાને કારણે મંદાગ્નિ, અરૂચિ, એસિડીટી, અનિદ્રા શરીર ઉપર કબજો જમાવે છે. મોઢામાં ખાટું પાણી આવી છાતીમાં બળતરા થાય છે અને ન પચેલા અનાજની ઉલ્ટી થાય ત્યારે જ સારું લાગે છે. પુરતા પ્રમાણમાં અનાજના રસને કિડની ફિલ્ટર ન કરવાથી પથરીની સંભાવના વધી જાય છે. લોહી સાથે આમ ફરવાથી કોલેસ્ટ્રોલ વધી હૃદયની તકલીફ વધે છે. સાંધાઓમાં આમ જામવાથી સાંધા દુ:ખી માથુ ઉંચકે છે. આ સર્વેનું જડમુળ જો તમે ઉખેડી નાખો તો શરીર નિરામય, રોગમુક્ત થઈ શકે છે. માટે રોજિંદો આહાર સાદો સુપાચ્ય તથા છ રસથી યુક્ત, પૌષ્ટીક અને પોતાની પ્રકૃતિને અનુરૂપ થાય એવો ખોરાક લેવો. રોજ રાત્રે ગાયના દૂધ સાથે વાળુ કરો અને સો વર્ષ જીવવાની ખાત્રી મેળવો. ચાય કોફીના પીણા છોડી દો અને આગળ રોગમાં ડૂબવું ન હોય તો આજથી ગાયનું દૂધ લેવાનો સંકલ્પ કરો. ગાયના દૂધના અફલાતુન ફાયદા મેળવો. દૂધ લેવાથી સ્ફુર્તિ અને શારીરિક ક્ષમતા વધે છે. રાત્રે ઉંઘ સારી આવે છે. શરીરમા સપ્ત ધાતુનું પોષણ થાય છે. રસ રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, શુક્ર ઓજ વધે છે. ચહેરા ઉપર ચમક આવે છે. શરીર ઓજસ્વીવાન બને છે. આખો દિવસ તાજો માજો રહે છે.

ગાયના રીઢમાં કરોડરજ્જુમાં "સૂર્યકેતુ" નામની નાડી હોય છે જે સૂર્યના પ્રકાશમાં જાગૃત થાય છે. ગાય હંમેશાં સૂર્યના પ્રકાશમાં રહેવાનું પસંદ કરે છે તેને છાંયો ગમતો નથી. સૂર્ય કેતુ નાડી સૂર્યના કિરણો દ્વારા સ્વર્ણક્ષાર બનાવે છે. આના કારણે સૂવર્ણક્ષાર ગૌરસમાં વિદ્યમાન હોય છે તેથી ગાયનું દૂધ, માખણ, ઘી સોના જેવુ પીળું બને છે. આ સર્વ રોગ નાશક, તેમજ વિષનાશક હોય છે. આ સર્વ રોગ નાશક વિષનાશક તત્વ, દૂધ પીતા બાળકના-માતાના દૂધમાં ધાવણમાં વિદ્યમાન હોય છે ગાયના દૂધનો ઉપયોગ કરવાથી શરીરને મળતા ફાયદા જોઈએ.

(૧) ગાયના દૂધમાં સુવર્ણતુલ્ય કેટોરીન હોય છે તેથી આંખની જ્યોતિ વધે છે. સાથે હૃદયને પુષ્ટ બળવાન બનાવે છે.

(૨) ગાયના દૂધમાં કંજૂગેટિક લિનોટીક એસિડ (C.L.P.) આ કેન્સર વિરોધી તત્ત્વ હોવાથી કેન્સરની સંભાવના નહિંવત રહે છે.

(૩) ગાયના દૂધમાં એમિનો એસિડ ભરપૂર પ્રમાણમાં હોય છે. તેથી શરીરના અવયવો વેળાસર વધે છે. માંસપેશીની ક્ષતિપૂર્તિ થાય છે.

(૪) ગાયના દૂધમાં સેરી બ્રોમાઈડ તત્ત્વ હોય છે. આ તત્ત્વ મેદ અને બુદ્ધિના વિકાસમાં સહાયક બને છે.

(૫) ગાયના દૂધમાં ટ્રિપ્ટોફેન વધારે હોય છે જેથી સૈરિટોનિક હાર્મોન્સની માત્રા શરીરમાં ઓછી થવા દેતો નથી કારણ આ હોર્મોન્સની માત્રા ઓછી હોય તો વ્યક્તિનો મુડ બગડેલો હોય છે. ગાયનું દૂધ લેવાથી વ્યક્તિ આખો દિવસ સારા મુડમાં વિતાવે છે.

(૬) ગાયના દૂધમાં Strontium તત્ત્વ હોવાથી અણું વિકિરણોનો પ્રતિરોધ કરે છે.

(૭) ગાયના દૂધમાં Strontium રહેવાના કારણે જૂના જખમ ભરાઈ આવે છે. સ્ટ્રોન્શિયમથી હોમિયોપેથીની સ્ટ્રેશિયા આ દવા બને છે.

(૮) બુદ્ધિજીવી વ્યક્તિનાં જમવામાં ગાયના દૂધને મહાત્મા ગાંધીએ પ્રમુખતા આપી છે. અમેરિકન દૈનિક "ફિઝિકલ કલ્ચર" ના સંપાદક અને પ્રસિદ્ધ દુગ્ધાહાર ચિકિત્સક મેક્ફેડરનું કહેવું છે કે આ જગતમાં ગાયના દૂધથી મળતાં માંખણમાં જે પૌષ્ટિકતા છે તેના મુકાબલામાં બીજો કોઈ પૌષ્ટિક પદાર્થ નથી.

(૯) મૈનપુરી નામના શહેરમાં રહેતા ડૉ. કપુરે ઉંમરના ૯૦ વર્ષે પાર્થિવ શરીર છોડ્યું. ત્યાં સુધી તેમનો એકપણ વાળ ધોળો

થયો ન હતો. તેનું રહસ્ય હતું કે તેઓ રોજ ગાયના દોએલા દૂધના ફીણનો ઉપયોગ વાળને લગાડવા માટેનો કરતા હતાં.

(૧૦)રશિયામાં એક અનુસંધાન થયો કે ગાયના ઘીથી હવન કરવાથી ધુમાડો જ્યાં સુધી પ્રસરે છે તે ક્ષેત્ર કીટાણું અને બેક્ટેરિયા મુક્ત રહે છે. પર્યાવરણની શુદ્ધિમાં મદદગાર થાય છે. ઓઝોનની હવા એટલે કે પ્રાણવાયુ વાતાવરણમાં પ્રસરાવે છે.

(૧૧)ગાયના છાણા પેટાવી તેના ઉપર ૧ ચમચી ગાયનું ઘી નાખવાથી એક ટનથી પણ વધુ ઓક્સિજન એટલે કે પ્રાણવાયુ પેદા થાય છે. આના મુકાબલામાં બીજા કોઈ વસ્તુથી આ શક્ય નથી.

(૧૨)ગાયનુ ઘી બુદ્ધિનું ટોનિક છે. ગાયનું ઘી લેવાથી મેંદુ તથા હૃદયની સૂક્ષ્મતમ નાડીઓ સુધી પહોંચી તેને શક્તિ પ્રદાન કરે છે.

(૧૩)ગાયના ઘી ના ટીપા નમકમાં નાખવાથી મસ્તિષ્કની કોષિકાઓમાં સ્થિરતા આવે છે. તેને શક્તિ તથા પ્રાણવાયુ ભરપુર પ્રમાણમાં મળે છે. ઉંઘ સારી આવે છે. પ્રત્યેક વ્યવહારમાં શાંતતા આવે છે.

(૧૪)ગૌધૃત લેવાથી હૃદયને બળ મળે છે, કોલેસ્ટ્રોલને વધવા દેતું નથી, ઉલટાનુ નિયંત્રણમાં રાખે છે. આયુર્વેદ ગૌધૃતને અમૃત માને છે.

(૧૫)સ્વર્ગની અપ્સરા ઉર્વશી પુરુરવા રાજાને મળવા ગઈ તો અમૃત પીવાનું ટાળી ઘી લેવાનું પસંદ કર્યું. (શ્રીમદ્ ભાગવત ૯/ ૧૪/૨૨)

(૧૬)ગાયના દહીંને વલોવીને જે માખણ નીકળે છે તે લેવાથી પાચન શક્તિ વધે છે. અને કેન્સરનાં સૂક્ષ્મ જીવાણુંઓથી મુક્ત રાખે છે. શ્રીકૃષ્ણ નાનપણમાં ભાઈબંધ સાથે માખણ જ ખાતા.

(૧૭)કેરોટીન નામનું દ્રવ્ય માત્રને માત્ર ગોધૃતમાં છે. આ કેરોટીન તત્ત્વ શરીરમાં પહોંચી વિટામિન "એ" બનાવે છે. ગાયને લીલું ઘાસ આપવાથી વધુ પ્રમાણમાં વિટામિન "એ" મળે છે.

(૧૮)'Nature' (નેચર) નામની પત્રિકામાં લખે છે કે ગાયના દહીંમાં એક એવો મિત્ર બેક્ટેરીયા જોવા મળે છે કે જે એઇડ્સની બીમારીને શરીરમાં ફેલાવ કરવા દેતો નથી. તેને રોકે છે અને નષ્ટ કરે છે.

(૧૯)ગર્ભવતી મહિલા ચાંદીની વાટકીમાં ગાયના દૂધને મેળવણ નાંખી, મેળવી, એ દહીં નિત્ય સેવન કરે તો ગર્ભમાંનો બાળક મેધાવી, બુદ્ધિમાન અને તેજસ્વી થાય છે. વિનોબા ભાવે રોજ પરોઢિયે દહીં લેતા. તેથી તેમના પેટમાંનો અલ્સર સારો થઈ ગયો. વિનોબા તેમના "તર્ક તારકમ" ચોપડીમાં લખે છે કે શરીરની ૭૫% બીમારીઓ ગાયની છાશથી મટે છે.

આયુર્વેદમાં "યોગ રત્નાકર" ગ્રંથમાં એટલે સુધી લખ્યું છે કે 'નક્ર તક્રસ્ય દુર્લભમ્ ॥' આનું વિશ્લેષણ એ છે કે, સ્વર્ગમાં ઇન્દ્રને છાશ મળતી નથી કારણ કામધેનુ, ગૌ માતા આપણી પાસે આ પૃથ્વી ઉપર છે, સ્વર્ગમાં નથી. આપણા ધાર્મિક ગ્રંથોમાં જણાવે છે કે ગાયના શરીરમાં ૩૩ કરોડ ભગવાન વસે છે. અરે નાનપણથી શ્રીકૃષ્ણ ભગવાન માખણ ખાવા ન મળે તો ગોવાળિયા સાથે ચોરી કરીને પણ માખણ આરોગતા. આ સર્વનો અર્થ એક જ છે કે આપણે ભાગ્યવાન છીએ કે આપણને ગાયનું દૂધ, દહીં, માખણ ધૃત મળે છે. શરીરમાં કોઈ રોગ ઘર કરીને બેઠો હોય તો તેને જડમૂળથી કાઢવા ગૌમુત્ર જાદુ જેવું કામ કરે છે. કોઈ ગાયના દૂધ સાથે મળતું ગૌમૂત્ર બોનસરૂપ છે. અભ્યાસુ વૈદ્યની સલાહથી આ પ્રયોગ કરી શરીર નિરોગી નિરામય રાખશો.

शुभं भवतु कल्याणम् आरोग्यं धन संपदा ।

*એ-૪૦૨, આમ્રપાલી-૪, પ્રિયદર્શિની ટાવર પાસે,*
*જજીસ બંગલો ક્રોસ રોડ, જૈન દેરાસરની સામે,*
*બોડકદેવ, અમદાવાદ-૧૫. મો. : ૯૪૨૭૯ ૫૮૦૧૦*

## વારંવાર હાથ ધોવા

**(અનુ. : પાના નં.-૧૮ ઉપરથી ચાલુ)**

**(૨) કોગ્નિટીવ બિહેવિયર થેરાપી :** દવાઓ સાથે કોગ્નિટીવ બિહેવિયર થેરાપી (C.B.T.) ચાલુ કરી. સી.બી.ટી.ની રીસ્પોન્સ પ્રિવેન્શન (Response Prevention) ની ટેકનિક શરૂ કરી. અયોગ્ય પ્રતિક્રિયા તથા વર્તણૂંકને થતી અટકાવાય છે. કુટુંબીજનોનો સાથ સહકાર જરૂરી છે. શરૂઆતમાં સુષ્માના કેસમાં હાથ એક જ વખત ધોવા આપવામાં આવતા. એનાથી વધારે વખત સુષ્મા હાથ ધોવા જતી ત્યારે મક્કમતાથી કુટુંબીજનો એને અટકાવતા. ઘણી વખત શારીરિક બળ વાપરીને સુષ્માને હાથ ધોવા ન આપતા. એ જ રીતે બાથરૂમમાં નાહવા માટે નિર્ધારિત સમયથી વધારે સમય આપવામાં ન આવતો. વધારે વખત હાથ ન ધોવાથી કાંઈ અશુભ થતું નથી એ પરિણામ પરથી સુષ્માને સમજાયું. (શબ્દોથી સમજાવટને બદલે પ્રેક્ટિકલમા સમજાયું) આને લીધે લક્ષણો પર જલદી કાબૂ મેળવ્યો.

ચાર-પાંચ મહિનાની ઉપરોક્ત સારવાર (દવા તથા સી.બી.ટી.) થી ઘણો જ ફરક પડ્યો. સુષ્મા પૂર્વવત દરેક કામ સમયસર પૂરું કરવા લાગી. વારંવાર હાથ ધોવાનું બંધ થયું. જમવાનું પતિ તથા બાળકોને સમયસર મળવા લાગ્યું. સુષ્મા દરવાજો બંધ એક જ વખતમાં કરતી.


ઓ.સી.ડી. નો ઉપરોક્ત ઈલાજ અનિચ્છિત દબાણપૂર્વકના કાર્યો (Compulsive behaviour) નો છે. હવે પછીના લેખમાં અનિચ્છિત દબાણપૂર્વકના વિચારો (Obsessive thoughts) વિષેના કેસ વિષે ચર્ચા કરશું.

*(ક્રમશઃ)*

વાર્તા

વાતવાતમાં

# રામાવતાર... કૃષ્ણાવતાર પર ભારી



બલવીરસિંહ જાડેજા

નોટબંધીની અસર બીજા કોઈને કેટલી થઈ એ ખબર નથી પરંતુ અમારા પરમ મિત્ર મનસુખ, જેના ચહેરા પર હાસ્ય હંમેશાં મઢેલું રહે છે તેમજ વાત-વાતમાં, એમનો શબ્દ જે તકિયા કલામ બની ગયો છે એ ''જરૂર... હહહહ... અઅઅઅ''ને ફાયદો જરૂર થયો. એક ઓળખીતા બિલ્ડરે, બીકના માર્યા, નોટબંધીથી ગભરાઈને, 'જે મળ્યું એટલું આપણું' સમજીને પોતાની નહીં ભરાયેલી સ્કીમમાં વધુ કિંમત લેવાની લાલચે રાખી મૂકેલો ૧૦મા માળનો પેન્ટ હાઉસનો ફ્લેટ, ફટાફટ પડતર કિંમતે કાઢવા જાણ કરી અને મિત્ર મનસુખનો મોટો ફ્લેટ લેવામાં નંબર લાગી ગયો.

ભગવાન કૃષ્ણે ગીતામાં કહ્યું છે કે, 'સંભવામિ યુગે યુગે...' આપણે બધા જન્માષ્ટમીએ ભગવાનને મંદિરોમાં, હવેલીઓમાં જન્માવીએ છીએ પણ ભગવાન કૃષ્ણ હજી સુધી નથી જાણી શક્યા કે નથી ગીતા જ્ઞાન આપી શક્યા કે, 'મારી જ રાજધાની દ્વારકાના રાજ્ય ગુજરાતમાં લોકો મારા જન્મને જુગાર કહેતાં, તીન પત્તી કે પત્તાની રમત રમીને, કેમ મને વધાવે છે? મેં તો કદી કોઈને જુગાર માટે પ્રોત્સાહન નથી આપ્યું?' હવે એ તો આપણે ભગવાન પાસે જઈને પૂછીએ ત્યારે જ ખબર પડે ને!

બે ત્રણ વરસથી એ જ માળે રહેતા જગદીશભાઈ, ફ્લેટના બીજા મિત્રો સાથે ભગવાનનો જન્મ દિવસ તીન પત્તી રમીને ઉજવે ને મિત્ર મનસુખ, કુટુંબ સાથે કૃષ્ણ જન્મ મંદિરમાં જઈને. રહેવા આવ્યો ત્યારે મિત્ર મનસુખ, સૌ પાડોશીઓને કથાનો પ્રસાદ આપવા ગયો ત્યારથી સૌ જાણી ગયા કે આ છે મનસુખલાલ જરૂર. જગદીશભાઈએ મજા ખાતર આવનારી જન્માષ્ટમીએ પત્તા રમવાનું આપેલું આમંત્રણ મનસુખે, જરૂર કહીને નકારેલું કે 'એ આપણી લેન નહીં' બાકી કામકાજ હોય તો જરૂર કહેજો.

આઠ-દસ દિવસ પહેલા જ રાતે મિત્રો - પડોશીઓ ભેગા થઈને જગદીશભાઈને ઘરે આગોતરા જ કૃષ્ણજન્મના વધામણા તીન પત્તીથી ઉજવવાની શરૂઆત કરે અને તેમને ત્યાં કામ કરતો રામજી, સૌની સેવા ચા અને નાસ્તો લાવીને બજાવે.

જન્માષ્ટમીના દિવસે, કૃષ્ણ જન્મ પહેલાં જ એકાએક જગદીશભાઈને ત્યાં રેડ પડી.

'જુગાર રમો છો?'

'ના સાહેબ. અમે વેપારી માણસો. હોતું હશે? જોઈ લ્યો ને.' કહી હાથ ખંખેરી ઊભા થયા. રામજીએ બધાને ચા-નાસ્તો લઈ આવી આગતા-સ્વાગતા કરી. પણ રમનારા પણ અચંબામાં પડી ગયા કે ભલે ખોટું કરી વાતને ટાળી પણ પત્તા, કોઈન્સ અને રોકડ રકમ ક્યાં ગઈ? કોઈને ખબર પણ ન પડી કે રેડવાળા સ્ટાફને કાંઈ જડ્યું નહીં! પણ આ કામ કોનું? થોડા વરસોથી વિના વિઘ્ને રમતા હતા અને આ વખતે જ કેમ 'રેડ' પડી? કોણ જાણભેદુ હશે?

મંદિરમાં ભગવાન કૃષ્ણનો જન્મોત્સવ ઉજવી, કુટુંબ સાથે પરત ફરેલા મિત્ર મનસુખને કમ્પાઉન્ડમાં ટોળે વળી ઉભેલા પડોશીઓ અને ફ્લેટમાંથી જતી પોલીસની જીપ જોઈ, 'શું થયું...? શું થયું...?'

'મનસુખલાલ, મિસ્ટર જરૂર, નાટક કરવાનું બંધ કરો!'

'હેં...? શેનું નાટક? શું બોલો છો?'

'રહેવા દો... રહેવા દો... નિર્દોષ આનંદ માણતા, પત્તે રમતા પડોશીઓની પોલીસને જાણ કરાવી, રેડ પડાવી, નિર્દોષ હોવાનો ડોળ કરવો રહેવા દો, મિ. જરૂર!'

'શું બોલો છો તમે? મને તો ખબર પણ નથી. હું તો દર્શન કરવા ગયો હતો.'

'તમે જ નવા છો. બાકી બધાને તો ખબર જ છે. તમારા સિવાય પોલીસને જાણ કરનાર કોણ હોય?'

વગર કારણે ઊંચા મન સાથે પરત ફરેલા મનસુખને રાતભર ઊંઘ તો ન આવી પણ પોતાને નિર્દોષ સાબિત કરવા શું કરવું તે વિચારતો રહ્યો.

જગદીશભાઈ અને બીજા બધા વિચારતા રહ્યા કે બધું ગયું ક્યાં? અને રામજી કેમ દેખાતો નથી? શું પૈસા લઈને ભાગી ગયો કે શું? એવો તો લાગતો નહોતો. જ્યારે બીજે-ત્રીજે દિવસે પણ રામજી ન દેખાયો ત્યારે સૌને ખાત્રી થઈ, કે રામજી જ પૈસા અને પત્તાની કેટ વગેરે લઈને ભાગી ગયો એ પાકું.

બે-ત્રણ દિવસ તો કોઈ કાંઈ બોલ્યું નહીં. ન કોઈએ મનસુખ કે ઘરના સભ્યો સાથે વાત કરી કે ન મનસુખે કોઈને બોલાવ્યા. ચાર-પાંચ દિવસ પછી મનસુખના ઘરવાળા ચંપાભાભી પોતાના પેન્ટ હાઉન્સની અગાસીમાં કંઈક સૂકવવા ગયા. જઈને જોયું તો ખૂણામાં એક કપડાનું પોટલું પડેલું. ગભરાઈને મનસુખને બોલાવી લાવ્યા.

'અરે, આ શું? બોમ્બ હશે? પોલીસને બોલાવીએ! ના આ કપડું તો બાજુવાળા જગદીશભાઈને ત્યાં જોયું હોય એમ લાગે છે. બોલાવો કોઈને...'

બાજુવાળા મીનાબેન આવ્યા. 'અરે, આ તો અમારા જ કપડા.' ખોલીને જોયું તો કપડાના પોટલામાં બીજા ધોયેલા, ઈસ્ત્રી માટે આપવાના કપડા હતા અને સાથે એક કપડામાં વીંટેલી ગાંઠ ખોલી તો પત્તાની કેટ, કોઈન્સ, રોકડા પૈસા બધું જ મળી આવ્યા. 'કોણે મૂક્યું હશે? રામજી જ હોવો જોઈએ.' પણ રામજી ક્યાં? બીજા ચાર દિવસ પછી રામજી અને કાનજી, કાંતિ, જીવરામ વગેરે ડુંગરપુર જિલ્લાના રામાઓની ટોળકી રાત્રે જગદીશભાઈના ઘરે એકાએક હાજર થઈ. જગદીશભાઈ અને તેમના પત્ની મીનાબેન તો રામજીને મોટા અવાજે ખખડાવવા લાગ્યા. 'ક્યાં ગયો હતો? કેમ જાણ ન કરી? તને અમે અમારી સગવડ માટે રાખ્યો છે કે અગવડ માટે હેં...? કેમ કાંઈ બોલતો નથી?' અવાજ સાંભળીને મનસુખ તથા ચંપાભાભી પણ બહાર આવી જગદીશભાઈના ઘરમાંથી આવતા અવાજો સાંભળવા લાગ્યા.

રામા મંડળીના, ઉંમરમાં મોટા, જીવરામે ધીમેથી કહ્યું, 'શેઠ, શાંત થાવ અને માફ કરો. તમને જાણ ન કરી એ અમારી ભૂલ. પણ રામજીએ જન્માષ્ટમીએ, આઠમ ઉપર ઘરે જવાની રજા તો માંગી હતી પણ તમે ના પાડી. એ જ રીતે અમે બધા જ આઠમ ઉપર, દેશમાં, ગામડે જવા માંગતા હતા. બધાને રજા મળી હતી પણ તમે રામજીને રજા આપી નહીં. હવે પ્રસંગ તો રામજીના ઘરે જ હતો એટલે અમારે બધાએ ગયા વિના ચાલે તેમ નહોતું. રામજીના ઘરે દીકરો આવ્યો અને પહેલી જન્માષ્ટમી હતી. એટલે અમારા રીવાજ મુજબ એ છોકરાને કૃષ્ણ કનૈયો બનાવીને જન્માષ્ટમીના બીજા દિવસે જમણવાર કરવાનો હતો. હવે તમે પત્તા રમવાના કારણે રામજીને હાજર રહેવા જણાવ્યું, ને રજા ન આપી. એટલે અમારે આ કારસો કરવો પડ્યો.' હાથ જોડીને જીવરામ તેમજ સૌ રામાઓ ઊભા રહ્યા.

'કેવો કારસો?'

ઉદેપુરથી નાની ટ્રકમાં માલ લઈને આવતા અમારા ગામના ડ્રાઈવર સાથે રાત્રે ૯ વાગ્યાની આસપાસ નીકળી જવાનો અમે પોગરામ બનાવ્યો હતો. પણ તમે રજા નહોતી આપી એટલે એક અમારા ભાઈના ઓળખીતા પોલીસવાળાને અમે સાધ્યો અને નક્કી કર્યું કે જીપ લઈને રેડ પાડવા આવે. રામજીએ ચા-નાસ્તો લેવા અને ધોબીને ઈસ્ત્રીના કપડાનું પોટલું આપવાનું છે કહી ઓળખીતા પોલીસને ઈશારો કરી, કપડાનું પોટલું અગાસીમાં જઈને બાજુની અગાસીમાં નાખી દીધું એટલે મુદ્દામાલ પકડાય નહીં અને તમને કોઈને તકલીફ ન થાય. પૈસામાંથી ફક્ત પાંચસો રૂપિયા અમે ગાડી ભાડાના અને ખરચા માટે લીધા હતા જે રામજીના પગારમાંથી કાપી લેજો અને બાકીનો મુદ્દામાલ ગણી લેજો. અમારી ભૂલ ગણો કે હકીકત આ છે. રામજીને માફ કરી દેજો.'

જગદીશભાઈ શું બોલે? બંને પતિ-પત્ની એકબીજા સામે જોઈ હસી પડ્યા. ઘરની બહાર ઊભા રહી સાંભળી રહેલા મિત્ર મનસુખ અને ચંપાભાભીએ, જગદીશભાઈના ઘરમાં આવીને કહ્યું, 'જોયું જગદીશભાઈ, તમે મારી ઉપર ખોટો આક્ષેપ મૂક્યો હતો તે સાબિત થયું ને?' 'હા. ખરેખર મેં તમને જાણ્યા વિના ખોટી રીતે તકલીફ આપી. માટે માફી માગું છું.'

'હહહહ...અઅઅ... જરૂર' કહીને મનસુખે વાતને વધાવી લીધી અને રામજીને રૂા. ૧૦૦/-ની નોટ ગજવામાંથી કાઢીને આપી, કહ્યું, 'રામજી તેં તો મને નિર્દોષ સાબિત કર્યો. માટે જાઓ બધા મારા તરફથી ચા-પાણી પીજો.'

'જરૂર' કહીને રામજીએ સૌને હસાવી દીધા ત્યારે ચંપાભાભીએ મીનાબેનને કહ્યું, 'મીનાબેન, આ રામાવતાર કૃષ્ણાવતાર ઉપર ભારી પડ્યો કે નહીં?'

મનસુખે 'હહહહ...અઅઅ... જરૂર' કહીને ટાપસી પૂરી.

● **વાતવાતમાં :**

રામજીએ કરેલો કારસો, બીજા કોઈએ કરવા જેવો નથી. પોલીસવાળાને તક મળે તો, સાચે-સાચ મુદ્દામાલ સાથે પકડાવાની શક્યતા વધી જાય છે.

***૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ,***
***ચાઇલ્ડ કેર હોસ્પિટલ પાછળ,***
***પ્રોફેસર કોલોની સામે,***
***અમદાવાદ-૩૮૦ ૦૦૯.***
***મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬***

***સારા માણસો વચ્ચે પણ મતભેદો રહ્યા છે અને હોઈ પણ શકે છે. સારા માણસો મતભેદ સહન કરી લે છે પણ તેમની વચ્ચે મતભેદ ન જ હોય એવું ઈતિહાસમાં બન્યું નથી.***

વાર્તા

# બે રૂપિયા

• રમીલા પી. મહેતા •

મનસુખ દોડમદોડ હાંફતો હાંફતો રેલવે સ્ટેશને માંડ પહોંચ્યો. બેફામ ગીરદી, ધક્કા મુકી અને ગરમી વચ્ચે તે માંડ માંડ ડબ્બામાં ચઢ્યો. ચઢ્યો તો ખરો પણ ક્યાંય સુધી ટ્રેન ઉપડી નહીં. ગરમીથી અકળાતો મનસુખ પગ પાસે સામાન રાખી ઉભો હતો. પરસેવે રેબઝેબ થતા મનસુખે બારી બહાર નજર કરી. આમેય ઉભા ઉભા બધું પૂરું દેખાતું ક્યાં હતુ? સ્ટેશન પર હકડેઠઠ માણસો હતા.

આ તે શહેર છે કે દરિયો!! જ્યાં નજર નાખો ત્યાં માણસો જ માણસો. ધક્કે ચઢતા અને ચઢાવતા માણસો. ધકેલાતા અને હડસેલાતા માણસો. આગળ-પાછળ, ઉત્તર-દક્ષિણ ચારે દિશામાંથી આવતા અને ચારે દિશા તરફ દોડતા માણસો. દોડતાને દોડતા જ માણસો. ક્યાંય જંપ વાળીને બેસે નહીં તેવા માણસો. મનસુખના વિચારો દરિયામાંથી ફેરવાઈ બારીના સળિયા સુધી સીમિત થઈ ગયા. બહાર દેખાતા કાળા માથાને સફેદ, રંગબેરંગી વસ્ત્રો પહેરેલા દોડતા હતા. બારીના સળિયાની આરપાર દેખાતી ટચુકડી પણ વિરાટ માનવ દુનિયાને અવલોકતા મનસુખને ધક્કો લાગ્યો. માણસો ડબ્બામાંથી નીચે ઉતરવા લાગ્યા.

'એ ભાઈ શું થયું? આ બધા નીચે કેમ ઉતરો છો? મનસુખે બાજુની સીટ ઉપરથી ઉઠી જતા માણસોને પૂછ્યું.'

'આ ગાડી નહીં ઉપડે. અહીંથી કોઈ ગાડી નહીં ઉપડે. સાંભળ્યું નહીં? માઈકમાં બોલ્યા તે...જવાબ આપનારે સટાક કરતું સ્ટેટમેન્ટ આપી દીધું.' પણ હવે? મનસુખ મુંઝાયો.

'પણને બણ...તારે ઉતરવું હોય તો ઉતર-નહીંતર...જા...' અકળાયેલા માણસે સામાન સાથે ઉતરતાં મનસુખ સામે જોઈને ઉગ્રતાથી જવાબ આપ્યો ને તેને સામાનનો ધક્કો લાગ્યો.

બારી નજીક સીટ મળી તેનો આનંદ તો મનસુખને થયો. પણ હવે શું કરવું? લાવને, થોડીવાર બારી પાસે બેસી લઉં. હાશ, મજા આવી ગઈ. ટેશથી બેસી તેણે પગ લાંબા કર્યા. મનસુખના ચહેરા પર ક્ષણભર તો આનંદ છવાઈ ગયો. પણ આ ગાડી નહીં ઉપડે તો બારી પાસેની સીટનો શો મતલબ? ત્યાં જ બાલ બચ્ચાવાળો એક આદમી ચાર પાંચ મસમોટા દાગીના લઈને તેના કમ્પાર્ટમેન્ટ પાસેથી પસાર થયો.

'એઈ બેઠા કેમ છો? સાંભળ્યું નહીં? આ ગાડી નહીં ઉપડે ચાલો, ચાલો નીચે ઉતરો.'

મનસુખ મને કમને એક બેગ, કંતાનની થેલી અને બગલ થેલો આટલો સામાન લઈ નીચે ઉતર્યો. હવે ક્યાં જવું? કાળો કોટ અને ટાઈ પહેરી ફરતા રેલવે બાબુને પૂછી જોયું.

'ગાડી નહીં છૂટેગી...બસસે જાના હો તો ચલે જાઓ' રેલવે બાબુએ કોઈપણ જાતના ભાવ વગર સપાટ સ્વરે જવાબ આપી દીધો. મનસુખ હળવે હળવે રેલવે સ્ટેશન બહાર આવ્યો. આવ્યો ત્યારે લગભગ દોડતો, હાંફતો ટ્રેન પકડવા આવ્યો હતો અને હવે? ધત્ તેરેકી....મનસુખે પગમા ઠેબે આવેલી કાચની બોટલને લાત મારી દૂર ધકેલીને માનસિક હળવાશ અનુભવી.

રિક્ષા કરીને મનસુખ બસ સ્ટેશન પહોંચ્યો. પોતાના ગામની બસ શોધતો શોધતો તે ઠંડા પાણીના પાઉચ વેચતા ફેરીયાની હડફેટે આવી ગયો.

'એઈ દેખાતું નથી? આંધળો છે! જોઈને ચાલતો હોય તો? સાલ્લા પાકીટ મારો...' મનસુખે પોતાની અકળામણ ત્યાં ઠાલવી. પણ પેલો ટેણિયો પણ ગાંજ્યો જાય તેમ નહોતો. તેણે રાડારાડ કરી મૂકી. બે-ચાર તેના જેવા ટપોરી ફેરિયા ભેગા થઈ ગયા. મનસુખ ત્યાંથી પીછો છોડાવી ભાગ્યો. છેક છેવાડે તેના ગામ સુધી પહોંચાડે તે બસ ઉભી હતી. બસ એક્સપ્રેસ હતી. જલ્દી પહોંચીશ એમ વિચારી તે બસમાં દાખલ થયો.

હાશ...અહીં ગરમી નથી. ગરદી પણ નથી. અને બારી પાસેની સીટ મળી ગઈ. પણ હજુ ગાડીમાં પૂરા પેસેન્જર ક્યાં આવ્યા છે! નહીંતર જગ્યા થોડી મળત? આરામથી પગ લાંબા કરી મનસુખ સ્વગત બબડ્યો. ત્યાં ટિકિટ પેટી ખખડાવતો કંડક્ટર ચઢ્યો. ટિકિટ લીધી. ને તેણે વીસ રૂપિયા આપ્યા. કંડક્ટરે તેને ટિકિટ આપી, ને આગળ વધ્યો. મનસુખે ગણતરી કરી...પણ કેમ કહેવું? મનસુખે ડોક પાછળ ફેરવી કંડક્ટરનું ધ્યાન દોરવા અવાજ કર્યો...પણ તેણે સાંભળ્યું નહીં. પેસેન્જરોનો અવાજ, સામાન મૂકાવો, ગોઠવો, 'આવજો... કાગળ લખજો... ના રે. હવે કાગળ કોણ લખે છે? ફોન કરી દઈશ...' વિ.વિ. અવાજો વચ્ચે મનસુખ તેના બે રૂપિયા વિશે વિચારતો હતો. એક ભાઈ મનસુખની બાજુની સીટ

પર બેઠા. તેણે પેટી પગ પાસે રાખી. મનસુખના પગ પેટીને કારણે સીધા નહોતા રહી શકતા.

'કાકા, આ બેગ અહીં ના રાખો ઉપર રાખો. બીજાની સગવડ અગવડ પણ જોતાં શીખો.' મનસુખના વાક્યોમાં કડવાશ હતી. પેલો કાકો કશું જ ન બોલ્યો. ચૂપચાપ બેગ ઉપાડી લીધી. ઉપલી બર્થ પર મૂકી. ટોપી ઉતારી ઘૂંટણ પર મૂકીને ચૂપચાપ બેસી રહ્યો. બારીમાંથી ફરફર પવન આવતો હતો. પેલા કાકા ઊંઘવા લાગ્યા. કંડક્ટરે ડબલ બેલ મારી...ધીરે ધીરે બસ ઉપડી...સ્ટેશન બહાર નીકળી ગાડી સ્પીડમાં આવી. સિમેન્ટના જંગલો જેવાં ઊંચા મકાનો અને માણસોથી ઊભરાતું દરિયા જેવું શહેર પાછળ છુટી ગયું. જાણે કે કોઈ નવી જ દુનિયા શરૂ થઈ. મનસુખનો હાથ કોટના ખિસ્સામાં ગયો. ફરીવાર ટિકિટ કાઢી હિસાબ કર્યો. ના, ગણતરીમાં ક્યાંય ભૂલ નથી. ઠીક છે, પછી પૂછીશ...વિચારોને ધક્કો મારી મનસુખ પણ ઝોકે ચઢ્યો. હજુ તો સાત વાગ્યા છે. કલાક દોઢ કલાકમાં તો ઘેર પહોંચી જઈશ. વિચારોની જાળમાં ગૂંથાયેલો મનસુખ અર્ધી ઊંઘમાં સરી પડ્યો. પાછળની સીટ પરની વાતો તેને સંભળાતી હતી. પણ જાણે કે દૂર દૂરથી અવાજ આવતો હોય તેવું લાગતું હતું. પાછળ ડોકું ફેરવી જોયું તો કંડક્ટર ક્યાંય પાછળ નહોતો. સીટ પર પણ નહોતો. કદાચ ડ્રાઈવર પાસે હશે. આખી બસમાં માંડ વીસ-પચ્ચીસ મુસાફરો હતા. બારી બહાર નજર કરી તો દોડતા મેદાનો, થાંભલા અને રડ્યા ખડ્યા ઝાંડવા દેખાતા હતા. સૂર્યનારાયણનો તાપ હવે આકરો લાગતો હતો. પણ બસની ગતિને લીધે સહેજ ઠંડક પણ હતી. બેઉ પગ ઊંચા કરી મનસુખ બારીના સળિયા પર માથું ટેકવી બહાર જોતો રહ્યો. તેની આંખો તો કંડક્ટરની સીટ પર જ હતી. કેમ કરી બે રૂપિયા માગવા? મનસુખ અવઢવમાં હતો. તેણે હિંમત કરીને છીશ...છીશ...એવા અવાજ દ્વારા કંડક્ટરનું ધ્યાન ખેંચવા પ્રયાસ કર્યો. પણ પેલાનું ધ્યાન ન ગયું. પછી હિંમત કરી મોટેથી બોલ્યો. 'હિસાબમાં બે રૂપિયા આપવાના બાકી રહે છે' બોલીને મનથી હળવાશ અનુભવી મનસુખ જવાબની રાહ જોતો રહ્યો.

કંડક્ટર હિસાબ ગણવામાં લીન હતો, નાક પર ચશ્મા ઉતરી આવ્યા હતા. બોલપેન કાન પર ખોસી હતી. કંડક્ટરે સાંભળ્યું ન સાંભળ્યું કર્યું...તેણે ફરીવાર કહ્યું.

'એ ભાઈ, હિસાબમાં બે રૂપિયા બાકી રહે છે.' મનસુખને પોતાનો જ અવાજ કંઈક વિચિત્ર લાગ્યો.

કંડક્ટર થંભી ગયો. ચશ્મા ઉતારી ખિસ્સામાં મૂક્યા. ટિકિટ પેટી ઉંચે મૂકીને બહુજ સ્વસ્થતાથી જવાબ લીધો.

"અમે કંઈ ભાગી નથી જતા, ઉતરશો ત્યારે યાદ કરીને આપી દઈશ."

મનસુખ ચુપચાપ બેસી ગયો. બસ એકધારા અવાજ સાથે આગળ વધતી હતી પણ મનસુખના મનમાં પેલા બે રૂપિયા રમતા હતા ત્યાં તેને રમાની યાદ આવી ગઈ.

રમાનો આછેરો આછેરો વિચાર તેના મનમાં વાસંતી વાયરા ઉડાડી ગયો. નામ લેતાં જ જાણે રગે રગે સ્નેહની સિતાર બજી ઉઠી. રમા અને તે બંને સાથે જ રમતાં. એક જ ફળિયામાં ઉછરીને મોટાં થયા. રમાનો બાપ પંચાયત પ્રમુખ, પણ રમાના બાપને હોદ્દાનું કોઈ જ અભિમાન નહીં. મનસુખની મા મરી ગઈને બાપે જ દેખભાળ કરી. હોંશિયાર મનસુખને ગામની નિશાળમાં ભણાવી ગણાવી ત્રણ વર્ષ માટે શહેરની બોર્ડિંગમાં ભણવા મૂક્યો ત્યારે રમા જ ફળિયામાં રહેતા જીવાકાકાની સારસંભાળ લેતી. વેકેશનમાં મનસુખ આવતો. શહેરની અવનવી વાતો કરતો ને તેને એ ખ્યાલ પણ ન આવ્યો કે ક્યારે અને કેમ રમા માટે લાગણીનો અંકુર તેના હૈયામાં ફૂટી નીકળ્યો અને દિવસે દિવસે તે અંકુર વિકસવા લાગ્યો, તેના ખ્યાલ રમા પામી ગઈ. પણ તે કશું બોલતી નહીં. મનસુખને આરસીમાં પોતાનો ચહેરો જોતાં પ્રથમવાર મુછનો દોરો ફૂટ્યો ત્યારે તેને ખ્યાલ આવ્યો કે તે મોટો થઈ ગયો છે. ધસમસતા લાગણીના પૂરને, હૈયામાં સંઘરેલી અનેક વાતો તે રમા પાસે કહેવા માગતો હતો. રમા ભલે સાત ધોરણ સુધી ભણી હતી પણ તેના વિચારો અને વાણીની સૌમ્યતા મીઠાશને લીધે તે બધાને ગમતી. "પણ ના રમા તો મારી જ...મારા સિવાય તેના પર કોઈનોય હક્ક નહીં," અર્ધ તંદ્રામાં, ઊંઘમાં પણ મનસુખ ધીમે બોલી ઊઠ્યો. રમાના વિચારો મનસુખના માનસપટ પર વર્ષાની પહેલી છાંટ જેવા માદક અને મધુર સ્પર્શ જેવા લાગ્યા. અજાણતાં જ મનસુખે ગાલ પર આંગળી ફેરવીને સ્પર્શ પામવા પ્રયાસ કર્યો.

મનસુખે આંખો ચોળી આજુબાજુ જોયું. બધા જ લગભગ ચૂપચાપ હતા. સામેની ત્રીજી સીટ પર બે બહેનો આપસમાં વાતો કરતી હતી. તેમાં કંઈક અવાજ કાને અથડાયો. કંઈક હસવામાં દબાઈ જતો.

રમા પણ આવું જ ધીમું હસતી. બસ, આ વખતે તો તેનાં બાપુજીને વાત કરી જ દેવી છે! હવે તો પોતે કમાય છે. ગામમાં દુકાન પણ સારી ચાલે છે. અને હવે બાપુ પણ કેટલું ખેંચે! મનસુખ અવઢવમાં પડ્યો. આ તે કેવી વિડંબના...! રમા પણ ચૂપચાપ મનસુખને

**(અનુ. : જુઓ પાના નં.-૩૬ ઉપર)**

વાર્તા

# વિમાસણ



સોની મિનાક્ષી ભાઈલાલ

ભીમો એક ગરીબ, ઈમાનદાર મજૂર. મહેનત મજૂરી કરી પૈસા કમાવાનો પ્રયત્ન કરે પણ નસીબ સાથ ન આપે. પોતાના સગાસંબંધી પાસે ઉધાર માંગવાની ઘણી કોશિશ કરી પણ કોઈએ પાંચિયુંયે ન આપ્યું. પાછા આપવાની શરતે પણ કોઈ ઉધાર નહોતું આપતું કારણકે તે ઈમાનદાર ગરીબ હતો. પૈસાની સતત તંગી હોવાને કારણે ઘરમાં પત્નીના પ્યારની તંગી વધારે અને ઝઘડાની રેલમછેલ! એક દિવસ કંટાળીને ભીમો ઘર છોડીને ભાગી ગયો અને નક્કી કર્યું કે કંઈક બનીને જ બતાવીશ.

એ વાતને પાંચ વર્ષ વીતી ગયા. એક દિવસ ભીમાના ગામમાં ધરમપુરમાં ચહલપહલ થવા લાગી. ગામનું સારામાં સારું મકાન ધોળાવીને નવું નક્કોર થઈ ગયું. ગામમાં તોરણ બંધાયા. આખું ગામ ખુશખુશાલ. કારણ... કારણકે ગામમાં બાબા પધારવાના હતા.... ભીમદેવ મહારાજ! ગામમાં ચોરા પર ગાદલા પથરાયા. લાઉડ સ્પીકર લાગી ગયા અને પાણીનો છંટકાવ કરી ધૂળને બેસાડી દેવામાં આવી. આખું ગામ હિલોળે ચઢ્યું. સમય થયો અને ગાડીઓની હારમાળા સાથે બાબા ભીમદેવ પધાર્યા. "ભીમદેવ મહારાજની જય..." "ભીમદેવજી અમર રહો..."ના નારા સાથે ગામ ગુંજી ઊઠ્યું. બાબા મંચ પર પધાર્યા. તેનો ઠાઠ જોઈને તો લોકો મોંમાં આંગળા નાખી ગયા. દશે આંગળીઓમાં હીરા-માણેકની મોંઘીદાટ વીંટીઓ, કરોડોનું ઘડિયાળ.. ડોકમાં જાડી સાંકળ જેવી ચેન. આજુબાજુ સ્વયંસેવકોનો કાફલો. ગામમાં રસોડા મંડાયા. લોકોને રોજ જમવાનું અને મહારાજનું પ્રવચન સાંભળવાનું!! એમ કરતાં એકાદ મહિનો નીકળી ગયો. ગામમાં ગલીએ-ગલીએ અને શેરીએ શેરીએ મહારાજ ભીમદેવજીની જ ચર્ચા થવા લાગી. વાત ઉડતી ઉડતી ભીમાની પત્ની કાન્તાને કાને આવી. કાન્તા તો ભીમાના ચાલ્યા ગયા પછી ગામમાં ક્યાંય જતી જ નો'તી. એ ભલીને એનું કામ ભલું! તેની પાડોશણ શાન્તાએ કહ્યું, 'કાન્તા, તેં સાંભળ્યું? આપણા ગામમાં બાબા પધાર્યા છે. તે બહુ સારું પ્રવચન આપે છે અને બધાને પ્રસાદમાં જલસા જ જલસા! તું આવતી હો તો!' કાન્તાએ કહ્યું, 'મને આ બધું નથી ગમતું. હશે કોઈક બાબા, મારે શું?' પણ શાન્તાના અતિ આગ્રહને વશ થઈ કાન્તા જવા તૈયાર થઈ. સત્સંગ હોલમાં જતા જ તેનું ડાબું અંગ ફરકવા લાગ્યું. ભીમાના ગયા પછી પહેલીવાર તેને સારા શુકનનો ભાસ થયો. તે વિચારમાં પડી ગઈ. તે સત્સંગ હોલમાં પહોંચી. બાબાના આવવાનો સમય થયો. બધા ભક્તો તેમની જયજયકાર કરવા લાગ્યા. કાન્તા પણ ઊભી થઈ બાબાને જોવા માટે. આ શું? બાબા દુનિયાની આંખને ધોખો દઈ શકે, દિલની આંખને તો નહીં જ! કાન્તાના દિલની ધડકન વધી ગઈ. તેને થયું કે રખેને આ મારો ભીમો તો નહીં હોયને!

તે ચૂપચાપ ઘરે આવી ગઈ અને ખાટલા પર પડતું મૂકી રડવા લાગી. ભીમાની પણ નજર તો પડી જ હતી કાન્તા પર... પણ તેણે જોયું ન જોયું કરી નાખ્યું.

કાન્તા આખી રાત ઘરમાં તરફડતી રહી. તેને થયું, શું કરું? કોને કહું? બાબાને પૂછું કે તે કોણ છે? મારુ દિલ ધડકે છે, તેથી તે ખોટું તો ન જ હોય. ખૂબ ગડમથલને અંતે તેણે બાબાને મળવાનો વિચાર કર્યો. મળસ્કે ૪ વાગે ઉઠીને તે બાબાના જવાના રસ્તા તરફ નીકળી. બાબા ભીમદેવને પણ આખી રાત ઊંઘ તો નો'તી જ આવી. ક્યાંથી આવે? વિચારોના વમળે તેને ઝંપવા જ ન દીધા. મળસ્કે સ્નાન માટે નીકળ્યા ત્યાં જ સામેથી કાન્તા દેખાણી. કાન્તાએ બાબાનો રસ્તો રોકીને પૂછ્યું, 'બાબા, ઓળખાણ પડે છે કે પછી ભીમદેવ મહારાજ બન્યા પછી બધું જ ભૂલી ગયા?' મહારાજ કાન્તા સામે જોઈને બોલ્યા કે, 'અરે હું કશું જ નથી ભૂલ્યો... આ એ જ ગામ છે, જે મને ઈમાનદારીથી ધંધો કરવા રૂપિયા પાછા આપવાની શરતે પણ ઉધાર નો'તું આપતું અને આજે... આજે મારા ચરણોમાં રૂપિયાની થોકડી મૂકી જાય છે. મને યાદ છે, એ જ અનુપચંદ શેઠ! જેણે મને ધક્કો મારીને બહાર કાઢી મૂકવાની ધમકી આપી હતી. આજે તે જ મારી પધરામણી કરવા રોજ ધક્કા ખાય છે. કાન્તા, આ દુનિયા તો એવી છે ને કે ઝુકીએ તો વધુ ઝુકાવે, બે ધુમ્બા વધુ મારે અને ઝુકાવીએ તો પગમાં પડી જાય છે.' બાબાએ આગળ કહ્યું, 'હું ભીમો હતો ને ત્યારે કોઈ મારો ભાવ પણ પૂછતું નહોતું. હવે બાબા ભીમદેવના ભાવ બોલાય છે.' કાન્તા બધું સાંભળતી રહી ને રડતી રહી અને બાબાને રડતા રડતા કહેવા લાગી, 'તમે આપણી રાજકુમારી જેવી બે દીકરીઓને પણ ભૂલી ગયાને?'

બાબાએ કહ્યું, 'ના, કાન્તા ના. હું કંઈ જ નથી ભૂલ્યો. યાદ છે મને આપણી ફૂલકુંવરી જેવી દીકરીઓ - જ્યોતિ અને દિયા. કેમ છે તે બંને? હવે તો ઘણી મોટી થઈ ગઈ હશે મારી દીકરીઓ! મારી દીકરીઓ મને યાદ કરે છે કે નહીં? મારે એકવાર તે બંનેનું મોં જોવું છે. હું તને હાથ જોડીને વિનંતી કરું છું કે એકવાર તેમને મારી પાસે લઈ આવ.' કાન્તાએ કહ્યું કે, 'તે હવે મોટી થઈ ગઈ છે. બધું સમજે છે. કયા મોંએ એને કહું કે આ તારો બાપ છે! તે તમને નફરત કરે છે.' ભીમાએ ગળગળા થઈને કહ્યું કે, 'એકવાર મને મોં જોઈ લેવા દે. પછી હું ગામ છોડીને ચાલ્યો જઈશ.' કાન્તાને ભીમા પર દયા આવી અને કહ્યું, 'ભલે, કાલે લેતી આવીશ.'

ઘેર જઈને કાન્તાએ તેની મોટી દીકરી જ્યોતિને બધી વાત કરી કે જે હવે સમજદાર હતી. તેણે મોં પર ગુસ્સો કરતા કહ્યું કે, 'મા, તું કોને મળવાની વાત કરે છે? આ મહારાજ - જે અમને બાળપણમાં નોંધારા મૂકીને ચાલ્યો ગયો હતો, આપણે જીવીએ છીએ કે મરી ગયા, તેની પણ પૃચ્છા કરી નથી.' કાન્તાએ કહ્યું, 'બેટા, તારો ગુસ્સો વાજબી છે પણ આખરે તો તે તારો બાપ છે. તે એકવાર તારું મોઢું જોવા માંગે છે. મળી લે ને, એકવાર મળવામાં શું વાંધો છે?' જ્યોતિએ કહ્યું, 'મા, મારા માટે તો મારા બાપુ ત્યારે જ મરી ગયા છે જ્યારે તેણે આપણને એકલા છોડી દીધા આ સંસારમાં... પણ તારા માન માટે હું આવીશ, તારા બાબા ભીમદેવને મળવા...

બીજે દિવસે કાન્તા જ્યોતિને લઇને બાબાને મળવા ગઈ. ભીમો રાજી થયો. પણ જ્યોતિના ચહેરા પર નારાજગી સ્પષ્ટ દેખાતી હતી. ભીમો જ્યોતિના માથે હાથ ફેરવવા નજીક આવ્યો અને બોલ્યો, 'મારી દીકરી મોટી થઈ ગઈ. કેટલા વર્ષે જોઈ!' જ્યોતિએ ઝાટકા સાથે તેનો હાથ ખંખેરી નાખ્યો અને કહ્યું કે, 'બાબા, તમે દીકરીના માથા પર હાથ ફેરવવાનો હક્ક તો ક્યારનોય ખોઈ ચૂક્યા છો. તમે તો બાપ-દીકરીના સંબંધ પર પ્રશ્નાર્થ લગાવી દીધો છે. જ્યારથી તમારી કહેવાતી દીકરી સાથેના ગેરસંબંધો ચર્ચાઈ રહ્યા છે. તમે માનતો હો કે અમને ગામડામાં કંઈ ખબર નહીં હોય, તો તમે ખોટા છો. દીકરી તો બાપના કાળજાનો કટકો કે આંખની અમી હોય. તમે તો દીકરીના નામે વાસનાના ખેલ ખેલ્યા છે. બાપ દીકરીને શેતાનથી બચાવે જ્યારે તમે... તમે તો શેતાન જ છો. કયા મોંએ તમારા પર વિશ્વાસ કરું? તમને બેન-બેટીની લાજ લૂંટતા એક પણ વખત મારો કે દીયાનો વિચાર ન આવ્યો? કોઈ મારી દીકરી સાથે આવું કરે તો...? એક પણ વખત વિચાર કર્યો હોત ને એક પણ વખત... તો આ રસ્તે તમે ન ગયા હોત. હું તમને ધિક્કારું છું. હા બાપુ, હું તમને ધિક્કારું છું. અને કહી દઉં છું કે ચાલ્યા જાવ અમારી જિંદગીમાંથી. અમે અહીં ગામડાની શાંત જિંદગીમાં સુખી છીએ. તમે માણો તમારા વૈભવી મહેલ અને વાસનાના વમળમાં ખૂંપતા રહો. કોઈ નહીં હોય તમને કિનારે લાવવાવાળું! કોઇ નહીં...

જ્યોતિ આટલું બોલીને માનો હાથ પકડીને ઘસડતા બોલી, 'ચાલ મા, આપણે આપણા ઘરે જઈએ. બાપુને પડ્યા રહેવા દે આ એના વૈભવી મહેલમાં.' ભીમો નિઃસહાય બનીને બંનેને જતા જોઈ રહ્યો અને વિચારી રહ્યો કે, 'મેં શું આના માટે ઘર છોડ્યું હતું? ક્યા સે ક્યા હો ગયા... કંઈક બનવાની આશા સાથે છોડેલું ઘર આજે મને મારા ઘરથી જ દૂર લઈ જઈ રહ્યું છે. આજે મારી દીકરી જ મને નફરત કરે છે. હે પ્રભુ! આ શું કરી રહ્યો છે તું મારી સાથે?

ભીમો જમીન પર ફસડાઈ પડ્યો...

*મોટી હવેલી પાસે, માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫.*
*મો. ૯૮૨૫૮ ૫૭૮૨૮*

## ઓજસ

**(અનુ. : પાના નં.-૧૬ ઉપરથી ચાલુ)**

ગઈ. સુધાંશુના ચહેરા પર કોઈ ભાવ બદલાયા નહિ. તે બોલ્યો, "આવ કલ્પના, આ મારી ઓરમાન બહેન છે. એક મહિના પહેલાં પિતાએ તેને કાઢી મૂકી. પરંતુ આ ઘર રહેવા આપ્યું છે. જ્યારે હું એને અહીં લઈ આવતો હતો ત્યારે અકસ્માત થયો. તેના હાથ નકામાં જેવા થઈ ગયા છે. એક પગ પણ એવો જ છે. મારી બહેનનું ધ્યાન રાખવા હું દરરોજ અહીં આવું છું. હોસ્પિટલની સારવાર પૂરી થઈ છે. હવે તેની સારવાર ઘર પર જ આપવાની છે. સમય જતાં કદાચ તેનો એક પગ અને એક હાથ કામ કરતાં થશે. હમણાં તો આ સ્થિતિમાં છે. પિતાએ તેને કાઢી મૂકી પણ માએ મને કાનમાં કહ્યું છે કે આનું ધ્યાન અને સંભાળ તારે રાખવાના છે. બહેનનું દર્દ-પીડા માનસિક અને શારીરિક બંને મારાથી જોવાતાં નથી. એટલે ક્યારેક હું દર્દ દૂર કરવા શરાબ પી લઉં છું. પણ તું આવી છો, તેં આ બધું જોયું. તું મને સાથ આપીશ તો હવેથી હું શરાબને હાથ નહિ લગાડું. કલ્પના પણ આ બધું જોઈ બહુ દુઃખી થઈ. તે પણ નણંદની સારવારમાં લાગી ગઈ. બધું પૂરું થયું એટલે બંને ઘરે આવ્યા.

આજે સુધાંશું ખુશ હતો. આવતીકાલથી હું ત્યાં જઈશ કલ્પનાએ ક્હ્યું, અને બધું જ કામ હું કરીશ. તમે આટલા અને આ રીતે દુઃખી હશો એ મારી કલ્પનાની બહાર હતું. આપણે તેની હજી સારામાં સારી હોસ્પિટલની સારવાર આપી કૃત્રિમ હાથ-પગ માટે કોશિશ કરશું, તમે જરાય મુંઝાશો નહિ. હું તમારી સાથે જ છું." આજે ફરી કલ્પનાનો રૂમ વિશિષ્ટ રીતે ઝગમગી રહ્યો હતો. ■

**શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૦, ૯૧૦

**શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૧, ૧૯૨

Email : gitaben_rambhiya@yahoo.com • Website : www.gitabenrambhiyatrust.org

ગેરકયદેસર કતલખાને જતા અબોલ જીવોને બચાવી અભયદાન અપાવવાની કામગીરી
અત્યારસુધી ૮૦,૦૦૦ થી વધુ અબોલ જીવોને બચાવેલ છે.
રખડતા બીમાર તથા ઘવાયેલ પશુ-પક્ષીઓને સ્થળ ઉપર સારવાર અપાવવા
એનિમલ હેલ્પલાઈન ચલાવવામાં આવે છે.
અત્યારસુધી ૫૫,૦૦૦ થી વધુ અબોલ જીવોને સારવાર અપાયેલ છે.
કચ્છ થી અમદાવાદ તબીબી સારવાર અર્થે આવતા દર્દીઓને સંસ્થાના કાર્યકર્તાઓ સહાયરૂપ બને છે.
અત્યારસુધી ૬૦૦૦ થી વધુ દર્દીઓને મદદરૂપ થયેલ છે.
સંસ્થાના જીવદયા તેમજ માનવસેવાના કાર્યમા આપ સૌને સહકાર આપવા નર્મ વિનંતી.

૧૧૪૦, ગીતાભવન, માંડવીની પોળ, માણેકચોક, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૨૨૧૧૧૪૬૭, ૬૫૪૪૭૫૫૦

**સંસ્થાને આપનુ દાન ૮૦જી(૫) મુજબ કરમુક્તિને પાત્ર છે.**

---

# Gujarat's Leading Electronic Manufacture

(TOTAL EMS SOLUTION)

**Innovision Systems & Devices**
E-12, Electronic Estate, GIDC, Sector-26, Gandhinagar-382044, Gujarat

**Innovision Systems & Devices Pvt Ltd**
1143, Opp. GEB Sub Station, Chhatral-Kadi Road, Chhatral - 382729, Gujarat

MD-Paresh Shantelal Mehta & Heena Mehta (Nakhatrana-Kutch)
Phone: 0091-79-23287733 Email: innovisionpme@yahoo.com

---

જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ

# શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર

(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેની ંગ સેન્ટર

બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ | એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

**બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન**

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુલધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યાક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦

---



II SHRI HARI II

# SHREE SWAMINARAYAN TRAVELS

22, Anilkunj Complex, Paldi Char Rasta, Ahmedabad-7.
Ph. : 079-26579911 • M. : 9825804762, 9099943071
A.C. ROYAL SEMI SLEEPER AND SLEEPER • DAILY SERVICE A.C. COACH

| | | | |
|---|---|---|---|
| • Bhuj | : 9825804763 | Gandhidham | : 9825804703 |
| • Anjar | : 9099943074 | Mandvi | : 9099943070 |
| • Una | : 9825804253 | Rajula | : 9825804754 |

• Div • Pune • Nasik • Sirdi • Mumbai •

| | | | |
|---|---|---|---|
| • Baroda | : 9275051712 | Vidyanagar | : 9825525732 |
| • Raipur | : 9825804761 | | |

• PARCEL SERVICE AVAILABLE • ANY CAR/BUS AVAILABLE •
Visit us : www.sstbus.in

---

મો.: ૯૯૭૯૮ ૮૧૪૮૭ ફોન : ૦૭૯-૨૬૭૬૩૫૪૪, ૦૭૯-૨૬૭૬૩૪૬૫

# શ્રી હરિ ટ્રાવેલ્સ

યુ-૨૮, રત્નમણી કોમ્પ્લેક્ષ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

**દર રવિવાર અને પૂનમ**

**મહુડી, ખેડબ્રહ્મા, અંબાજી રીટર્ન બસ સર્વિસ**

**લક્ઝરી, ફોર વ્હીલર ભાડે મળશે.**

# શ્રી હરિ ટ્રાવેલ્સ

પટેલ કાપડ માર્કેટ, ખોડિયાર નગર, સોરઠ પાન પાસે,
બાપુનગર, અમદાવાદ. ફોન :૨૨૭૦૦૬૬૬ / ૭૭૭

Sister Concern
એચ. કે. ટ્રાવેલ્સ
ક્રિષ્ના ટ્રાવેલ્સ

---





# SHREE SAHJANAND TRAVELS

Visit us: www.sst.bookong.com

**23, Anilkunj Centre, Paldi Char Rasta, Ahmedabad.**

M: 9825801354, 9227101354,
Sateliite: 9825804234, Raipur: 9909911306
Bapunagar: 9825804578, Naroda: 9099970078

**Ahmedabad to Bhuj, Gandhidham, Mundra, Mandvi, Nakhatrana, Kotda, Netra, Rajula, Mahuwa**

---

## FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

# Shivang Institute

C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,

Phone No. 9429609484 / 079-22772031

---

# BLUE EYE

YOUR SPY EYE

ALL TYPE OF CCTV ACCESSORIES AVAILABLE



**For import anything from China to India**
Please contact on below details
China: +86-13410015894 & India: +91 9601271254

**CHINA • INDIA • KENYA**

079 666 31712 / +91 96012 71254 / +91 99099 66554
sales@blueeyetech.in / care@blueeyetech.in
FF 119, Super Plaza, Sandesh Press Road, Vastrapur, Ahmedabad - 380015. INDIA

Niten Vasa
Essen Dyechem
Deals in : Dyes, Chemicals & Pigments
26, Karnavati Estate Part-II, Near Ramol Cross Roads,
Phase-IV, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445.
Ph. [O] (079) 2584 0108 [R] (079) 2684 0690
M.: 98240 14995

KAMLESH SHAH 9825018180
AMAM MARKETING
SALES PROMOTER
JK LAKSHMI CEMENT Ltd.
207, Sarthak Swastik Char Rasta, C.G.Road, Ahmedabad-380009.
Tel: (0) 079-26407413, 26562649 • (R) 26604912
Email: kms9659@gmail.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094
BHAGYODAY QUARRY WORKS
[MINING & CRUSHING INDUSTRIES]
Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,
Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@redifmail.com, savlamukesh2002@gmail.com

ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ
મો. ૯૮૯૮૧૯૮૬૧૬
દાંતના ડૉક્ટર
૧, ઝલક કોમ્પ્લેક્ષ, ભટ્ટા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપાલ

Let's Move towards Nature...
All things will be destroyed with time but time never just like...
શાશ્વત Green
Plots & Farmhouse
ACTUAL SITE PHOTOGRAPHS
Club house · Children Play Area · RestRoom in ClubHouse · Indoor Games · Swimming Pool · Jogging Track
Site Address : Shashwat Green
Village : Makhiyav, Nr. Mankol Cross Road,
Sanad - Nalsrovar Road, Dist.: Ahmedabad.
Developers
Shashwat Reators
Hasmukh Patel : 9879608051
Vinod Patel : 9879608054
Anupam Patel : 9879608057

ખામી કાઢવી બહુ સરળ છે,
પણ સારું કાર્ય કરવું બહુ અઘરું છે.
ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર
હર્ષ, રિયા અને યશ ઠક્કર
-॥ ઓફિસ ॥-
એફ-૪૨, શુભ કોમ્પલેક્ષ, રાજસ્થાન હોસ્પિટલની બાજુમાં, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : ૨૨૮૮૪૧૬૧-૬૨
-॥ ઘર ॥-
એ/૩/૪, ઈલાઈટ એપાર્ટમેન્ટ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૨૨૮૬૭૯૩૨

Bharat B. Gala
Nanvinchandra D. Dedhia
SRE
Raju ENTERPRISE
179 & 323, Unit-2, G.V.M.M,
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710
RE- ROLLING / S.S PATTA-PATTI

જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....
આપના પરિવારમા આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ
આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો
કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો
અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.
શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
કાર્યાલય શ્રી અશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ । ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪
મુંબઈ ઓફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
૩૦૭ । ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેનશન, ગોકુલ ધામ હોટલની બાજુમા, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬

# પ્રતિભાવ

## કચ્છશ્રુતિ સપ્ટેમ્બર-૨૦૧૭ – પ્રતિભાવ

'કચ્છશ્રુતિ' માસ સપ્ટેમ્બર-૨૦૧૭ના અંકનું મુખપૃષ્ઠ બહુ જ સુંદર છે. અમદાવાદ સ્થિત કચ્છીઓની ગૌરવગાથા નામક આર્ટિકલમાં અનેક કચ્છી હસ્તીઓની માહિતી આપી છે, જે મારા જેવા માટે બહુ જ ઉપયોગી છે. શ્રી ગોવિંદભાઈ ખોખાણી લિખિત અને વાસ્તવિક લાગતી 'વિતક શાં ખોલવાં અમથાં?' જાણે વાસ્તવિક કથા હોય એવો ભાસ થાય છે. અતીતની અટારીએથી-૫ લેખમાં પણ અનેક જાણકારી મળે છે. ઉપરાંત, ગુજરાતનું ખજુરાહો, વડોદરાના પરીણિત દીવાન પ્રેમમાં પડ્યા અને તેમાંથી સર્જાયું સૂર્યમંદિર તથા કચ્છી કવિઓની કવિતાઓ વગેરે વાંચવાલાયક સામગ્રી રજૂ થઈ છે. સૌને અભિનંદન.

*ધનજી કે. ભાનુશાલી, એડવોકેટ*
*ભુજ, કચ્છ. મો. ૯૩૨૭૬ ૫૭૯૩૦*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૮-૧૦-૨૦૧૭ના રોજ અમદાવાદ ખાતે મળેલ હતી કે જ્યારે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી બી.કે. પટેલ, ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, શ્રી મહેન્દ્રભાઈ મોરબિયા તથા શ્રી હસમુખભાઈ ગઢેચા ઉપસ્થિત રહેલ હતા.

સરદાર સરોવર બંધનું કાર્ય પૂરું થયું હોવા છતાં તેના કારણે સિંચાઇના પાણી, જેટલા વિસ્તારમાં પહોંચવા જોઈએ તેના માત્ર ૨૦ ટકા વિસ્તારમાં જ પહોંચ્યા હોવાથી કચ્છ અને અન્ય વિસ્તારમાં આ પાણી યોગ્ય રીતે પહોંચે તે માટે નિગમ સાથે ચર્ચા આગળ ધપાવવા અને તે અંગેના પૂરા પ્રયાસો કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. એ જ રીતે કચ્છમાં નર્મદા નદીના વધારાના પાણીના કાર્યો હજુ સુધી શરૂ થઈ શકેલ ન હોવાથી તે બાબત પણ જળસિંચાઇ વિભાગ - ગાંધીનગર સાથે હાથ પર લેવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

જો કે બે વર્ષ અગાઉ નક્કી કરેલ હોવા છતાં જાહેર હિતના કાર્યો માટે હજુ સુધી PIL થઈ શકેલ ન હોવાથી શિક્ષણ વગેરે પ્રશ્નો કે જે સામાન્યપણે જાહેર હિતના પ્રશ્નો હોય તેવા પ્રશ્ને PIL કરવાનું આજની મીટિંગમાં ફરી સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ હતું.

કચ્છના સર્વાંગી ઇતિહાસની બીજી આવૃત્તિ બહાર પાડવા અને તેના અંગ્રેજી અનુવાદની આવૃત્તિ બહાર પાડવાની અત્યાર સુધીની કાર્યવાહીની માહિતી આ સભા સમક્ષ અધ્યક્ષશ્રીએ રજૂ કરતાં એ કાર્યવાહી ઝડપી રીતે પૂરી કરવા જે તે સમિતિના દરેક સભ્યોને, લેખકશ્રીઓને તેમજ અનુવાદનકારોને અપીલ કરવામાં આવેલ હતી. તેમજ શ્રી હસમુખભાઈ ગઢેચાના સૂચન અનુસાર તેની ડોક્યુમેન્ટરી ઓડિયો વિઝ્યુઅલ સી.ડી. પણ જો શખ્ય હોય અને કોઈ વ્યક્તિ આ જવાબદારી સ્વિકારી શકે તેમ હોય તો બહાર પાડવાનું પણ નક્કી કરવામાં આવેલ હતું.

વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ માટેના નીચે મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી. શ્રી અશોક મહેતા - અધ્યક્ષ, શ્રી શશીકાંત ઠક્કર - ઉપાધ્યક્ષ, શ્રી પ્રતાપ નારાણજી દંડ - સેક્રેટરી તથા શ્રી બી.કે. પટેલ - ટ્રેઝરર.

કચ્છના સર્વાંગી ઇતિહાસને લગતી બેઠક એ ક્ષેત્રના નિષ્ણાતો સાથે દીપોત્સવી પછી અનુકૂળ સમયે તરતમાં યોજવાનું નક્કી કરવામાં આવેલ હતું.

## લોકસેવા ટ્રસ્ટ, ભારતમાતા મંદિર અને સમન્વય પરિવાર દ્વારા ૫૦ વર્ષ કરતા વધુ સમયથી પ્રકાશિત ૧૮ ગુજરાતી સામયિકોને 'શબ્દ ચેતના ગૌરવ' સન્માન અર્પણ

ગુજરાતમાં રાષ્ટ્રવાદી પ્રવૃત્તિ દ્વારા યુવાનોમાં રાષ્ટ્ર ભાવના જગાડવાની પ્રેરણાથી કાર્ય કરી રહેલ સંસ્થાઓ લોકસેવા ટ્રસ્ટ, ભારતમાતા મંદિર અને સમન્વય પરિવાર દ્વારા છેલ્લા નવ વર્ષથી વિવિધ ક્ષેત્રે મહત્ત્વનું કામ કરનારા વ્યક્તિ અને વર્ગને ખાસ ગૌરવ સન્માન આપવામાં આવે છે. આ ત્રણે સંસ્થા

દ્વારા આ વર્ષે 'સમન્વય'ના ઉપક્રમે સંસ્કારધામ - અમદાવાદ ખાતે તા. ૧૮ સપ્ટેમ્બરના રોજ 'શબ્દ ચેતના ગૌરવ' કાર્યક્રમ અન્વયે શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષપદે અને ડૉ. આર.કે. શાહનાં અતિથિપદે ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહેલ સમાજ અગ્રણીઓની હાજરીમાં ગુજરાતમાં આજ સુધીમાં ક્યારેય પણ નહીં અપાયેલ સન્માન ગુજરાતી ભાષાના ૫૦ વર્ષથી માંડી ૧૭૮ વર્ષથી પ્રકાશિત થતા ૧૮ સામયિકોને બિરદાવવામાં આવ્યા હતા. સાથે સાથે ગુજરાતી સાહિત્યને સમૃધ્ધ કરનાર ગુજરાતી વિશ્વકોષના પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ, બાળ સાહિત્યકાર શ્રી યશવંત મહેતા અને સાહિત્ય અકાદમીના પ્રમુખ પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યાને 'શબ્દ ચેતના ગૌરવ' સન્માન આપવામાં આવ્યું હતું.

સમન્વય કાર્યક્રમના સંયોજક શ્રી રસિકભાઈ ખમાર અને શ્રી ભીમજી નાકરાણીએ જણાવ્યું હતું કે આજે મીડિયામાં નેગેટિવ ન્યુઝ કે નકારાત્મક સ્ટોરીની ભરમાર ચાલે છે. આવી સ્થિતિની વચ્ચે નાનકડા દીપકનું કામ કરનારા ગુજરાતી ભાષાના નાના-મોટા સામયિકો વર્ષોથી સમાજને સુસંસ્કૃત કરી જનજાગૃતિનું કામ કરી રહ્યા છે. આવા સામયિકોને સન્માન આપવાનો પ્રયત્ન આજ સુધીમાં કોઈ સમાજ, સંસ્થા કે સાહિત્ય સંસ્થાઓએ કર્યો નથી. આ માટે જ અમારી સંસ્થાઓએ સંયુક્ત રીતે 'શબ્દ ચેતના ગૌરવ સન્માન'નું આયોજન કર્યું હતું અને નીચેના ૧૮ સામયિકોને આ સન્માનની સાથે પ.પૂ. સ્વામિ શ્રી સત્યમિત્રાનંદજી દ્વારા રૂા. ૫૧૦૦/- ભેટરૂપે આપીને સૌને બિરદાવ્યા હતા. બુધ્ધિપ્રકાશ (૧૭૮ વર્ષ), નવચેતન (૯૩ વર્ષ), કુમાર (૯૩ વર્ષ), પુસ્તકાલય (૯૩ વર્ષ), ધરતી (૭૧ વર્ષ - ૨૦ હજાર નકલ), ગ્રામ સ્વરાજ (૭૧ વર્ષ), અખંડ આનંદ (૭૦ વર્ષ), જનકલ્યાણ (૭૦ વર્ષ - ૧ લાખ નકલ), કૃષિ ગોવિદ્યા (૭૦ વર્ષ), બાલમૂર્તિ (૬૫ વર્ષ), તમન્ના (૬૫ વર્ષ), ભૂમિપુત્ર (૬૪ વર્ષ), કૃષિજીવન (૬૦ વર્ષ - ૫૦,૦૦૦ નકલ), સાધના (૬૦ વર્ષ - ૨૫,૦૦૦ નકલ), પરબ (૫૭ વર્ષ), માનવ (૫૦ વર્ષ), સુવિચાર (૫૦ વર્ષ - ૧૨૦૦૦ નકલ) અને નિરામય (૫૦ વર્ષ).

આ પ્રસંગે સર્વશ્રી પી.કે. લહેરી, વિષ્ણુ પંડ્યા, ડૉ. કુમારપાળ દેસાઇ અને પંકજ મોદીએ પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં સામયિક સંચાલનની મુશ્કેલીઓ અંગે વાત કરીને આજના દિવસે સંઘર્ષ કરીને પણ ચાલતા સામયિકોને અભિનંદન આપ્યા હતા એમ લોકસેવા ટ્રસ્ટના એક અહેવાલમાં જણાવાયું હતું.

*ધર્મ એટલે વ્યક્તિની અંદર રહેલા સદ્‌ગુણો વિકસિત કરાવી પ્રગટ કરવાની પ્રક્રિયા.*

## વાર્તા વિહાર સાહિત્ય સભા-ભુજની અક્ષર યાત્રા

વાર્તા વિહાર સાહિત્ય સભા-ભુજની શરૂઆત વર્ષ ૨૦૧૩ ના માર્ચ મહિને હોટલ વિરામ ખાતે થઈ હતી. નિયમિત મળતી બે મંગળવારની બેઠકમાં સર્જકો પોતાની તાસીર અને કલમ લઈને જોડાતા ગયા. વર્ષ ૨૦૧૩થી ૨૦૧૭ સુધીની યાત્રા સર્જકોના સુંદર પ્રતિભાવ, સહકાર અને કાર્ય કરવાની તત્પરતાને લીધે સંસ્થા દ્વારા વાર્ષિકોત્સવ અને સન્માન કાર્યક્રમોનું આયોજન થતું રહ્યું. વર્ષ ૨૦૧૪ માં વાર્તા હરીફાઈ યોજી. સંસ્થાના સર્જન મિત્રો માટે લઘુકથાનું આયોજન કર્યું. માવજી મહેશ્વરી, રાજેશ અંતાણી, ક્રિશ્નાબહેન મિસ્ત્રી અને સર્જકોએ કાર્યક્રમને અને પ્રવૃત્તિને આવકારી. વર્ષ ૨૦૧૫ માં બીજો વાર્ષિકોત્સવ અમે હોટલ વિરામ ખાતે આશાપુરા બી.એડ. કોલેજની યુવતીઓના સંગાથે લઘુકથાની શિબિર ગોઠવી. દરેકને કાર્યક્રમમાં પ્રોત્સાહિત કર્યા. "ઇન્સ્ટિટ્યૂટ ઓફ યુથ ડેવલપમેન્ટ"ના રસનિધિભાઈ અંતાણી અને નીલેશભાઈનો સહકાર મળ્યો. આશાપુરા બી.એડ. કોલેજના આચાર્યા ડૉ. પલ્લવી શાહે સંસ્થાની પ્રવૃત્તિને વેગ આપ્યો. અધ્યક્ષ સ્થાને મદનભાઈ અંજારિયા રહ્યા હતા. પ્રા. કમલ મહેતાએ પણ સર્જન પ્રવૃત્તિને બિરદાવી અને પ્રોત્સાહિત કર્યા છે.

ત્યારબાદ ભાવનગરના જાણીતા સર્જક શ્રી હરીશ મહુવાકર અમારા કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યાં અને લઘુકથા, તેનું પોત, અંત તથા શૈલી વિશે વાત કરી નવોદિતોને પ્રોત્સાહિત કર્યા. કનુભાઈ જોષીએ ગૌતમ શર્માની સ્મૃતિમાં તેમના પરિવારજનોના સહકારથી વાર્તા હરીફાઈનું આયોજન કર્યું. મુંબઈના કિશોર વ્યાસ પણ અમારા કાર્યક્રમમાં ભાગીદાર બન્યા. અને તેમણે ડૉ. જયંત ખત્રીની નવલિકામાં નાયિકાની ભૂમિકા વિશે વાતો કરી. એ બેઠકમાં વાર્તા વિહાર સંસ્થા દ્વારા નવોદિત સર્જકોને વાર્તા વિષયક જરૂરી ઘટક વિશેનું છાપેલું સાહિત્ય પૂરું પાડવામાં આવ્યું. સંસ્થાના ખજાનચી અરુણા ઠક્કરને કચ્છી સર્જન માટે તેમના પુસ્તકને કચ્છી સાહિત્ય અકાદમી (ગાંધીનગર) તરફથી પુરસ્કાર પ્રાપ્ત થયો. ત્યારે ડૉ. કાશ્મીરા મહેતાના અતિથિ વિશેષપદે કાર્યક્રમ ગોઠવી તેમને સન્માનિત કરવામાં આવ્યા. ડૉ. કાશ્મીરા મહેતાએ પણ વિશ્વ સાહિત્યમાં "નારીનું પાત્રાલેખન અને ચરિત્ર ભૂમિકા" વિશે મનનિય પ્રવચન આપ્યું હતું.

સંસ્થાના દરેક કાર્યક્રમમાં ભુજના જાણીતા એડવોકેટ શંકરભાઈ સચદેએ ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. ભુજના સર્જક મદનકુમાર અંજારિયાને ગુજરાત રાજ્ય કક્ષાએ ગઝલ લેખનમાં પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત થયો તે બદલ સન્માન કરવાની તક સંસ્થાએ

ઝડપી લીધી. સ્વ. પન્નાલાલ પટેલની ૧૦૫મી જન્મજયંતી પ્રસંગે કચ્છના સર્જકો માટે વાર્તા સ્પર્ધા ગોઠવી અને ગુજરાતના મહાન નવલકથાકાર, વાર્તા લેખકને શ્રદ્ધાંજલિ આપવાનો અમે પ્રયાસ કર્યો. અજય સોની (અંજાર) અને રામમોરી પણ સંસ્થામાં પોતાની વાર્તા રજૂ કરી ચૂક્યા છે. સંસ્થાને તેના માટે ગૌરવ છે.

આ સંસ્થાના તમામ સર્જકો મુક્ત વાતાવરણમાં પોતાની વાર્તા આયોજિત ટાઈમ ટેબલ પ્રમાણે રજૂ કરે છે. લઘુકથા, માઈક્રોફીક્સન અને નવલિકાનું સર્જન કરે છે. હવે કચ્છના સીમાડા ઓળંગી ગુજરાતના પ્રસિદ્ધ માસિક કુમાર, અખંડ આનંદ, મમતા, જલારામ દીપ, અચૂક અને કચ્છશ્રુતિમાં પણ વાર્તા વિહારના સર્જકોની કૃતિ સ્થાન પામે છે. આકાશવાણી ભુજ પરથી નવલિકા પ્રસારિત થાય છે. રમીલાબહેન મહેતા, કનુભાઈ જોષી, અને અરુણાબહેન ઠક્કરે આપેલ પેરેગ્રાફ, સમાચાર પંક્તિ અને એક શબ્દ થીમ, પર સર્જકો વાર્તા, લઘુકથાનું સર્જન કરે છે.

લક્ષ્મીવાડી મધ્યે પિકનિક આયોજન સાથે શબ્દ પંક્તિ પર આધારિત લઘુકથાનું સર્જન કર્યું છે. સહકાર અને સૌહાર્દભર્યા વાતાવરણમાં અમારી સફર 'રજનીગંધા' ના પ્રકાશન સુધી પહોંચી છે. આ સંસ્થાને પુષ્પાબહેન વૈદ્ય, કમલા ન. ઠક્કર અને રૂપલ મહેતાનો સહકાર સતત પ્રાપ્ત થયો છે.

સંસ્થાના હોદ્દેદારો નીચે મુજબ છે.

*શ્રીમતી રમીલા પી. મહેતા - પ્રમુખ*

*શ્રી કનુ જોષી - ઉપપ્રમુખ*

*શ્રીમતી રૂપલ એ મહેતા - મંત્રી*

*શ્રીમતી અરુણા એ ઠક્કર - ખજાનચી*

સંસ્થાએ "વાર્તાવિહાર" ના પાંચમા વાર્ષિકોત્સવ પ્રસંગે 'રંજનીગંધા' વાર્તા સંગ્રહનું તાજેતરમાં પ્રકાશન કર્યું છે, એમ વાર્તા વિહાર સાહિત્ય સભાના એક અહેવાલમાં જણાવાયું છે.

## આગામી વિધાનસભાની ચૂંટણી માટે કચ્છની ૬ બેઠક પર ભાજપના જ ૭૪ ઉમેદવારો

આગામી વિધાનસભાની કચ્છની છ બેઠકો માટે ભાજપના મોવડીમંડળે કચ્છમાં ૩ નિરીક્ષકો શ્રી ભરતભાઈ બારોટ, શ્રી માધાભાઈ બોરિચા અને શ્રીમતી જાગૃતિબેન પંડ્યાને મોકલ્યા હતા. તેઓએ આ માટે ભુજની ડોસાભાઈ લાલચંદ ધર્મશાળાના વિશાળ હોલમાં મીટિંગ યોજેલ હતી અને કચ્છભરમાંથી ભારતીય જનતા પક્ષના ૭૪ દાવેદારો તેમના સમર્થક ટીમની સાથે ઉતરી પડ્યા હતા. મોવડીમંડળે દરેક ઉમેદવારને મુલાકાત આપી, તેમની વિગતો એકત્રિત કરેલ હતી. ભાજપના આ ૭૪ દાવેદારો નીચે મુજબ છે.

★ **રાપર :** વિરેન્દ્રસિંહ બી. જાડેજા, જયેશભાઈ અંબાવીભાઈ વાવિયા, વાઘજીભાઈ પ્રજાપતિ, યોગી દેવનાથ બાપુ, માદેવાભાઈ હરિભાઈ જોગુ, વીરજી વેલજી મોર, દાના કેસર વાવિયા, દેવજી વાવજી વાવિયા, રામજી સુરા સોલંકી, વણવીર બી. સોલંકી, રાજુભાઈ માદેવા ચૌધરી, ગંગાદાસભાઈ પટેલ, ઊર્મિલાબેન ભરતભાઈ પટેલ અને ભરતભાઈ સંઘવી – **ટોટલ ૧૪ ઉમેદવાર.**

★ **અબડાસા :** જેન્તીભાઈ ભાનુશાલી, છબીલભાઈ પટેલ, ભરતભાઈ સોમજિયાણી, શૈલેન્દ્રસિંહ જાડેજા, મહેશોજી સોઢા, ઈન્દ્રજિંતસિંહ જુવાનસિંહ જાડેજા, અનિરુદ્ધસિંહ પી. જાડેજા, ઉષાબા જાડેજા, રણજિતસિંહ મનુભા જાડેજા, વિક્રમસિંહ અમરસિંહ જાડેજા, સુરેન્દ્રસિંહ જાડેજા, ભાવનાબા પરેશસિંહ જાડેજા, ચેતનભાઈ ભદ્રા, હેમુદાન કેસરિયા, ડૉ. રાવલ, ચેતનભાઈ રાવલ, જયસુખ પટેલ, દેવજી લીંબાણી – **ટોટલ ૧૮ ઉમેદવાર.**

★ **માંડવી :** તારાચંદભાઈ છેડા, છાયાબેન ગઢવી, અમૂલ દેઢિયા, રાજુભા જાડેજા, હરિ સામળા ગઢવી, ચેતન ભાનુશાલી, યોગેશદાન બોક્ષા, સુજાતાબેન ભાયાણી, માધવીબેન દેવાંગ દવે, મહેન્દ્ર ગઢવી, મોમાયભાઈ ગઢવી, કેશુભાઈ પારસિયા, બટુકસિંહ જાડેજા, ચંદુભાઈ વાવિયા અને માજી ધારાસભ્ય ધનજીભાઈ સેંધાણી – **ટોટલ ૧૫ ઉમેદવાર.**

★ **અંજાર :** વર્તમાન ધારાસભ્ય અને સંસદીય સચિવ વાસણભાઈ આહીર, બાબુભાઈ ભીમા હુંબલ, વલમજીભાઈ હુંબલ, ત્રિકમભાઈ છાંગા, મૂળજીભાઈ આહીર, નવીનભાઈ ઝરુ, શામજીભાઈ તેજા અને માવજી ભીખા સોરઠિયા – **ટોટલ ૮ ઉમેદવાર.**

★ **ગાંધીધામ :** વર્તમાન ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, પૂર્વ સાંસદ પૂનમબેન જાટ, રમેશભાઈ આહીર, વિનોદભાઈ દાફડા, પચાણભાઈ સંજોટ, માજી ધારાસભ્ય ગોપાલભાઈ ધુઆ, કાનજીભાઈ ભર્યા, જે.પી. મહેશ્વરી, રામભાઈ માતંગ અને મુંદ્રા ભાજપના અગ્રણી રામજીભાઈ ધેડાની પુત્રી એકમાત્ર મહિલા દાવેદાર માલતી કિશોર મહેશ્વરી – **ટોટલ ૧૦ ઉમેદવાર.**

★ **ભુજ :** વર્તમાન ધારાસભ્ય ડૉ. નીમાબેન આચાર્ય, માજી ધારાસભ્ય મૂકેશભાઈ ઝવેરી, બાપાલાલ જાડેજા, પરાક્રમસિંહ જાડેજા, કૌશલ્યાબેન માધાપરિયા, નવીનભાઈ પાંચાણી, હિતેશ ખંડોર, ધનજીભાઈ ભુવા, નરેન્દ્ર મેઘજી ઠક્કર (શંકર) – **ટોટલ ૯ ઉમેદવાર.**

ઉપરોક્ત દાવેદારો અને જે લોકોએ દાવો ન કર્યો હોય તેવા અન્ય ઉમેદવારોમાંથી કયા ૬ નસીબદાર ઉમેદવારોની પસંદગી થાય છે તેની કચ્છની જનતા કાગડોળે રાહ જોઈ રહેલ છે.■

# શબ્દ શોધ : ૬૫

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | ૩ | ૪ | ૫ | ■ | ૬ | ૭ |
| | ■ | ૮ | | | | ૯ | ■ | |
| ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | | | | |
| ૧૩ | | ■ | ૧૪ | | ■ | ■ | ■ | |
| ૧૫ | | ■ | ૧૬ | | ૧૭ | | ૧૮ | ■ |
| ■ | | ■ | ■ | ૧૯ | | ■ | ૨૦ | ૨૧ |
| ૨૨ | | ૨૩ | ■ | ૨૪ | | | ■ | |
| | ■ | ૨૫ | ૨૬ | | | ■ | ૨૭ | |
| ૨૮ | | | | ■ | ■ | ૨૯ | | ■ |

## આડી ચાવીઓ

૨. આંજણ રાખવાની ડબ્બી, એક જાતની કાળા રંગની ગરોળી (૪)
૬. "_______ માતરમ." (૨)
૮. કુકર્મમાં રચ્યુંપચ્યું રહેનાર (૫)
૧૦. મુંબઈનું એક જાણીતું પરું (૩)
૧૨. મલાજો, શરમ અને મર્યાદા (૫)
૧૩. જળ, પાણી (૨)
૧૪. પપ્પાની સાળી (૨)
૧૫. અનુકંપા, કૃપા (૨)
૧૬. કચ્છના કુળદેવી આઈ આશાપુરામા અહીં બિરાજમાન છે (૫)
૧૯. રહસ્ય, ભેદ (૨)
૨૦. અઠીંગો, દોરડું ગુંથાઈ જાય તેવું
રાસ પ્રકારનું એક સમૂહ નૃત્ય (૩)
૨૨. માર્ગ, રસ્તો (૩)
૨૪. ઈચ્છા, મંછા, મરજી (૩)
૨૫. ગણેશજી (૪)
૨૭. નાકને કચ્છીમાં શું કહેવાય? (૨)
૨૮. થાપણ, સંભાળ માટે સોંપેલી વસ્તુ (૪)
૨૯. મમ્મીની સાસુ (૨)

## ઊભી ચાવીઓ

૧. કચ્છશ્રુતિ ક્યાંથી પ્રગટ થાય છે? (૫)
૨. ફણગો, મૂળ, બીજ (૩)
૩. જીદ, હઠ (૨)
૪. ભારતના સંરક્ષણ મંત્રી (૮)
૫. મરણોત્તર શ્રાધ્ધ બ્રહ્મભોજન વગેરે કાર્ય (૩)
૭. મૃત્યુ બાદ આખું શરીર તબીબી હેતુસર
મેડિકલ કોલેજને સોંપવાની ક્રિયા (૪)
૯. તમોગુણ, અંધકાર (૨)
૧૧. સમુદ્રના સામેના કાંઠાના ભાગે (૫)
૧૪. મમ્મીના ભાઈ (૨)
૧૭. નવજવાન ખુબસૂરત સ્ત્રી, રમણી, પ્રિયતમા (૪)
૧૮. બળદ, ઢાંઢો (૨)
૨૧. ફેર, તફાવત (૩)
૨૨. અહીં 'અમાસ' ગમે તેમ છે (૩)
૨૩. આકાશ (૩)
૨૬. જાતિ, જ્ઞાતિ, વર્ણ (૨)
૨૭. સાબરમતી - નર્મદા - તાપી વગેરે (૨)

## શબ્દશોધ : ૬૪નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| બ | ળ | દ | ■ | ર | ક્ષા | બં | ધ | ન |
| દ | ■ | ગો | ■ | બ્બ | ■ | દી | ■ | મે |
| ના | મ | ■ | સૌ | ર | ભ | ■ | ■ | ■ |
| મ | ધુ | ક | ર | ■ | ર | સ | ક | સ |
| ■ | ■ | પા | ■ | સાં | ત | લ | પુ | ર |
| બ | ના | સ | કાં | ઠા | ■ | ■ | ર | સ |
| ર | વ | ■ | ક | ■ | ભુ | જ | ■ | મા |
| છ | ■ | વા | રિ | ■ | વ | ■ | ■ | ચા |
| ટ | ■ | દ | યા | ■ | ન | ફા | ખો | ર |

## શબ્દ શોધ : ૬૩/૬૪નો ઉકેલ મોકલાવનારના નામ

- રશ્મિ એસ. સાવલા - ભુજ
- નીલેશ વી. શાહ - ભુજ
- જીગરભાઈ આર. દોશી - માધાપર
- રાધિકા અશોકભાઈ મહેતા - ભુજ
- વસંતબેન વી. ગોર - ગાંધીધામ
- મહાભાઈ આર. વોરા - ભુજ
- દિલીપ કે. શાહ - ભુજ
- જયકિશોર પી. બુચ - ભુજ
- જયંત એ. ગાલા - અમદાવાદ
- પ્રીતિ કનૈયાલાલ દવે - અમદાવાદ

*સંકલ્પથી જ મનની ઉપર વિજય મળી શકે છે.*

## "રજનીગંધા" વાર્તા સંગ્રહનું લોકાર્પણ

ભુજ ખાતે વાર્તા વિહાર સાહિત્ય સભાના સર્જકોની રચના "રજનીગંધા" વાર્તા સંગ્રહનું તાજેતરમાં લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. પ્રારંભમાં ગણેશ સ્તુતિ સાથે પધારેલા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. રજનીગંધાની શબ્દયાત્રા વિશે સંસ્થાના પ્રમુખ શ્રીમતી રમીલાબહેન મહેતાએ વિગતો આપતા જણાવ્યું કે, સહજ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંસ્થાના સર્જકો નવલિકા, લઘુકથા, લઘુ લઘુકથા અને માઈક્રોફિક્શન પ્રકારના સાહિત્ય પ્રકારનું સર્જન કરે છે.

'શુભમ્ કરો કલ્યાણમ્'ના સ્વરો સાથે મંચસ્થ મહેમાનોએ દીપ પ્રાગટ્ય કર્યું અને રજનીગંધાનું લોકાર્પણ પણ તેમના કરકમળો દ્વારા કરવામાં આવ્યું. અતિથિ વિશેષ શંકરભાઈ સચદેએ જણાવ્યું કે, ૯ સપ્ટેમ્બરનો દિવસ ગુણવંતરાય આચાર્યનો જન્મ દિવસ હોતાં આ પ્રસંગની શોભા વધે છે. ઉપરાંત સંસ્થા પાંચ વર્ષથી નિયમિતપણે બેઠક યોજી સર્જકોને પ્રેરિત કરે છે. આ ઘટના વાર્તા વિહારને અભિનંદનના અધિકારી બનાવે છે. માતૃભાષા ગુજરાતી પ્રત્યેનો લગાવ અને નિષ્ઠા એમણે વખાણી હતી.

મુખ્ય વક્તા હરીશભાઈનો પરિચય સંસ્થાના મંત્રી રૂપલ મહેતાએ આપતા જણાવ્યું હતું કે, ગુજરાતી સાહિત્યમાં રા.વિ. પાઠક દંપતિ, મુન્શી દંપતિએ સાહિત્યસર્જન કર્યું છે. જેનું આપણી સમક્ષ હરીશભાઈ અને નસીમબહેન મહુવાકરનું ઉદાહરણ છે. હરીશભાઈએ વાર્તા વિહારની સાહિત્યિક પ્રવૃત્તિને બિરદાવી આગામી સમયમાં પડકાર આવે તો ઝીલીને પણ સાહિત્ય સર્જનની પ્રક્રિયાને ચાલુ રાખવા અને પ્રકાશનો કરવા માટે જણાવ્યું હતું. નવલિકા, લઘુકથા, માઈક્રો ફિક્શન વિશે એમણે વિગતે વાત કરીને ચિરંજીવ નવલિકાઓને યાદ કરી સર્જકોએ (નવોદિતો કે મૂર્ધન્ય) સતત વાંચતા રહેવું, વાંચીને મનન કરી, ફરી લખીને નામાંકિત સામયિકો સુધી વાર્તા / લઘુકથા પહોંચાડવા અપીલ કરી હતી. એમણે પોતાની વાર્તા પહેલી વખત 'કુમાર'માં કેવી રીતે પ્રસિધ્ધ થઈ એની વાત પણ કરી હતી. નવા પ્રવાહોથી વાકેફ રહેવું અને લખતા રહેવાની ધૂનને વળગી રહેવા માટે સતત પ્રયાસ કરવા તરફ ભાર મૂક્યો હતો.

ગાંધીધામના અજિતભાઈએ પણ સંસ્થાની પ્રવૃત્તિને બિરદાવી ભારતીય સંસ્કૃતિ અનુસાર સતત લખતા રહેવાની વાત કરીને કર્મ, મન, સ્થળ શુધ્ધ તેમજ સંસ્કારને પ્રાધાન્ય આપ્યું હતું. સંસ્થાએ પન્નાલાલ પટેલની ૧૦મી જન્મ જયંતિ ઉજવીને વાર્તા હરીફાઈના વિજેતાઓને તથા તમામ હરીફોને સંસ્થા દ્વારા રોકડ ઈનામ સાથે પુસ્તકો આપવામાં આવ્યા હતા. સમારંભના પ્રમુખ શ્રી કીર્તિભાઈ ખત્રીએ પણ સંસ્થાને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, ડૉ. ખત્રી, વિનેશ અંતાણી, મનુભાઈ પાંધી, માવજી મહેશ્વરી, અજય સોની જેવા સર્જકોએ ગુજરાતની સાહિત્યને સમૃધ્ધ કર્યું છે. હવે નવોદિતો પણ એ દિશામાં આગળ વધે એમ ભારપૂર્વક જણાવ્યું હતું.

## પુસ્તક પરિચય

### વાંચવા યોગ્ય રસપ્રદ વાર્તા સંગ્રહ

*પુસ્તકનું નામ* : અમી છાંટણા
(પ્રથમ આવૃત્તિ) જુલાઈ, ૨૦૧૭

*લેખિકા* : શ્રીમતી પુષ્પાબહેન દિલીપરાય વૈદ્ય 'અમી'

*પ્રકાશક* : શાશ્વત નેહલભાઈ વૈદ્ય
પૂજન હોસ્પિટલ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.

*પૃષ્ઠ સંખ્યા* : ૧૪ + ૮૩

*કિંમત* : રૂા. ૧૦૦/-

શ્રીમતી પુષ્પાબહેન દિલીપરાય વૈદ્ય "અમી" પાસેથી પહેલીવાર પ્રસ્તુત "અમી છાંટણા" વાર્તાસંગ્રહ મળે છે અને તેમાં સુખ્યાત ઓજસ, પાસબુક, વિંટી, નસીબ, ઓળખ સહિત ૪૩ વાર્તાઓ પ્રસિધ્ધ કરવામાં આવી છે.

અર્નેસ્ટ હેમિંગ્વેએ કહ્યું છે, "જીવનના સૌંદર્યને માણવા કુદરતનું રસદર્શન કરો. એમાંથી રોમાન્સ મળે છે." જીવનની સંકુલતા અને બાહુલતા, વિષમતા અને સમતાને લેખક, જુદી નજરે નિહાળે છે ત્યારે એમાંથી કથાપિંડ મળી આવે છે. આ વાર્તા સંગ્રહના લેખિકા શ્રીમતી પુષ્પાબેન વૈદ્ય પણ લખે છે, "જ્યારે જીવનની ઘટનાઓને નજીકથી સાક્ષીભાવે નિરખીએ છીએ ત્યારે કંઈક મનોમંથન ઉદ્ભવે છે અને તેમાંથી નવનીત સાંપડે છે. એ શબ્દાકાર ગ્રહે છે ત્યારે વાર્તાઓ સાંપડતી હોય છે. આપણું જીવન જ અનોખી વાર્તાઓ છે."

આ સંગ્રહની વાર્તાઓનું પોત નોખું અને નિરાળું છે. તેથીસ્તો આ વાર્તાઓને આવકાર આપતા જાણીતી લેખિકા શ્રીમતી રમીલાબહેન પી. મહેતા અને અરુણાબહેન ઠક્કરે લખ્યું છે, "દરેક વાર્તામાં વિષય વૈવિધ્ય જળવાયું છે. તદુપરાંત

પાત્રોની પસંદગી પણ સમાજમાં ફરતા ફરતા, રોજિંદા જીવનમાં પરિચયમાં આવતા પેઢીની છે. પાત્રોનું વૈવિધ્ય જળવાય છે, તો સાથે સાથે શબ્દોની પસંદગી પણ પરિવેશ અને પરિસ્થિતિ અનુસાર આપોઆપ એમની કલમમાંથી આવી મળે છે. વાચક ક્યાંક કંટાળે એવું કોઈ વાર્તામાંના પોતમાં બનતું નથી. કથાના તાણાવાણા ઘટ્ટ રીતે એટલી સહજતાથી વણાય છે કે પ્રસંગ, ઘટના, શૈલી, પરિવેશ, સમાજની રીતભાત અને શબ્દો કે વાક્યોની પસંદગીમાંથી ક્યારે સંપૂર્ણ વાર્તા તૈયાર થઈને અંત સુધી પહોંચી, તેનો વાચકને ખ્યાલ સુધ્ધાં નથી આવતો.''

આ વાર્તા સંગ્રહની વાર્તાઓ એકંદરે રસદાયી, આસ્વાદ્ય છે.

*સમીક્ષક : બાબુલાલ ગોર - ભુજ*

| | | |
|---|---|---|
| *પુસ્તકનું નામ* | : | એવરગ્રીન રહો... |
| *લેખિકા* | : | ચૌલા કુરુવા (મો. ૯૯૧૩૦ ૧૨૧૨૦)<br>ઈમેઈલ : chaulakuruwa@gmail.com |
| *કિંમત* | : | રૂા. ૬૦/- |
| *પ્રકાશક* | : | પ્રમિલા કુરુવા ફાઉન્ડેશન |
| *પૃષ્ઠ સંખ્યા* | : | ૧૪ + ૮૩<br>E-book નું આયોજન છે.<br>eshabda.com પર ઉપલબ્ધ છે. |

વ્યક્તિએ એવરગ્રીન રહેવું એટલે સદા બહાર રહેવું એ આજના સમયની માંગ છે. ખાસ કરીને યુવાનો અને પ્રોફેશનલ્સ માટે ઉપયોગી થાય તેવી લેખન સામગ્રીનો તેમાં સમાવેશ થયેલ છે. તે સિવાય, પરિવારના દરેક સદસ્યજનોએ વાંચવાલાયક પુસ્તક છે. ઉપરોક્ત પુસ્તક તથા લેખકનું અન્ય પુસ્તક 'મોર્નિંગ વૉક' E-book તરીકે પણ ઉપલબ્ધ છે. લેખિકા ચૌલા કુરુવાનું આ નવમું પુસ્તક તાજેતરમાં પ્રકાશિત થયું છે. ■

## માઇક્રો ફિક્શન

### મલકાટ

ચૂંટણીની પૂર્વ સંધ્યાએ કોઈ ઉમેદવાર એક મહોલ્લામાં વોટને બદલે નોટની લહાણી કરવા જતા હતા ત્યારે મલકાઇને એ વિચારતા હતા કે આ ઇન્વેસ્ટમેન્ટથી ચૂંટાઈને એવો સપાટો બોલાવીશ કે સાત પેઢી સુધી...

...અને એમની પાસેથી પૈસા લેતી વખતે કોઈ કૃશ મહિલા પણ મલકાઇને એ વિચારતી હતી કે સારું થયું, આ પૈસાથી પરિવારને થોડા દિવસનો પરિવારનો પેટનો ખાટો પૂરી શકાશે.

*શંકર ન. ઠક્કર, ભુજ - કચ્છ*
*મો. ૯૪૨૬૭ ૮૮૭૯૫*

## બે રૂપિયા

**(અનુ. : પાના નં.-૨૬ ઉપરથી ચાલુ)**

મળવા આવતી ત્યારે ધીરે ધીરે વાતો કરતી ને કહેતી, 'મનુ, તું મારા બાપુને વાત કરને! તેઓ ના નહીં પાડે. મેં બારણા ઓથેથી તેની અને બાઈની વાતો સાંભળી છે. રસિક ગયો પછી તો બાપુ પણ થાકી ગયા છે.' રસિક રમાનો મોટોભાઈ, રોડ એક્સિડન્ટમાં તેનું અકાળ મૃત્યુ થતાં રમાના ઘર પર તો જાણે વીજ પડી હતી. સમય સૌથી મોટું ઓસડ છે તેમ ધીરે ધીરે રસિકના મોતનો ઘા રમાના બાપુ જીરવી ગયા. છતાંય મનસુખ તેનાથી ડરતો, કેમ કરીને વાત કહેવી! ક્યાંથી શરૂ કરવી! રમાને વાત કહેતો ત્યારે શૂર ચઢી જતું પણ પછી બોલવા ટાણે વિચારોમાંથી હવા નીકળી જતી.

ના, આ વખતે તો નક્કી જ. રમાનો હાથ પકડી તે કહેતો. રમા, તને હું ગમું છું, ગમું છું ને? મનસુખે પૂછી લીધું પણ રમાએ હાથ છોડાવતાં કહ્યું 'માત્ર ગમવાથી શું વળે? મન મળ્યા હોય ત્યાં સંસાર તો મંડાવો જોઈએ ને? રમાની વાતમાં અર્થ હતો. સાચી વાત છે. વ્યર્થ વાતોથી શું?'

'તું ચિંતા ન કર...હું બધું જ બરાબર ગોઠવી દઈશ. એકવાર તું મારા ઘરમાં આવ પછી તારા બાપુજીને પણ ખબર પડશે કે જીવાકાકાનો મનસુખ પણ કંઈ કમ નથી!' રમાના ચહેરા પર લજ્જાની સુરભિ ફેલાઈ જતી. ને સમી સાંજના આથમતા ઉજાસમાં મનસુખ તે જોઈ રહેતો. તે બંને સ્વપ્નના તાણાવાણા ગૂંથતા, ત્યાં બેસી રહેતા.

અચાનક જ વિચારોની વણઝાર તૂટી. બસને જોરદાર બ્રેક લાગી. વિચારે ચઢેલા મનસુખનું માથું સળિયામાં ભટકાયું. કપાળ પર હાથ ફેરવતો તે નીચે ઉતર્યો. ચાની હોટલ પર જઈ ચાનો ઓર્ડર આપી તે કંડક્ટરને શોધવા લાગ્યો. પણ તે ક્યાંય ન દેખાયો. તેના મનમાં કંઈ કેટલાય કુવિચારો આવી ગયા. ચા પીને તે પાછો પોતાની સીટ પર ગોઠવાયો. 'બે રૂપિયા તો નહીં જ મૂકું.' તેણે મનોમન પણ જોરથી ઉચ્ચાર્યું ઘડિયાળમાં નજર કરી. હવે તો બસ દસ-પંદર મિનિટમાં તેનું ગામ આવવું જ જોઈએ. ગામની યાદ આવતાં તેણે જોઈ લીધું કે ઉપરની બર્થ પર થેલો સલામત છે કે નહીં. પેટી પર હાથ ફેરવી રમા માટે લીધેલી વસ્તુને માનસિક સ્પર્શ કરી ધીરું ધીરું મલકી ઉઠ્યો. ત્યાં કંડક્ટર તેની પાસે આવ્યો. 'લ્યો આ તમારા બે રૂપિયા' ને હાથ લાંબો કરી મનસુખે બે રૂપિયાનો સિક્કો લીધો ને તેની સામે જોઈ સ્હેજ મલક્યો તેની હથેળીમાં બે રૂપિયાના સિક્કાનો ગરમ સ્પર્શ હતો.

*૧૬, ધવલધારા, ભાનુશાલી નગર, પ્રાથમિક શાળા સામે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૭૨ ૭૨૯૧૯*

## સમી સાંજનો તડકો

સમી સાંજનો તડકો લઈને સૂરજ અસ્તાચલમાં ચાલ્યો,
મારો પડછાયો લઇને એ તો ધીમું ધીમું મલક્યો.

વાદળ સંગે વાતો કરતો રવિ અંધારું લઈને ચાલ્યો,
આવજો બાય બાય કહેતો ભાનું ગુપચુપ આથમ્યો.
સમી સાંજનો તડકો...

પારિજાતની પથારીમાં ભાસ્કર રાતભર આળોટ્યો,
ગુલાબ મોગરાની સુગંધે વહાલો પાંદીડમાં પ્રગટ્યો.
સમી સાંજનો તડકો...

શ્રાવણના વર્ષાબિંદુમાં રીમઝીમ રીમઝીમ ચમક્યો,
ઉષા રાણીની સંગાથે વહાલો અવનિ પર અવતરિયો.

સમી સાંજનો તડકો લઈને સૂરજ અસ્તાચલમાં ચાલ્યો,
મારો પડછાયો લઇને એ તો ધીમું ધીમું મલક્યો.

*રમીલા પી. મહેતા - ભુજ, કચ્છ*

## ઇંગિત

મશગૂલ હતો,
ફિલ્મી ગીતો સૂણતો -
મોબાઇલ ફોન લઇ વર્ગખંડમાં -
સહુ બાળકો - નિજનિજના -
અધ્યયન કાર્યમાં
દેખાતાં લીન,
થશે શિક્ષા - એ ભય થકી.
વધુ વધુ રસસીંચન થતો હતો.
વારતા વાંચન મહીં,
ને હુંયે એકાગ્ર થઈ રસપાન રહ્યો કરી.
શાળા સમયે...!
ત્યાં મારી ખુરશીને સમીપ બાંકડેથી,
કૈં ગણગણ થતું સૂણીને -
ધ્યાન થાતું બેધ્યાન વાચનતણું,
તેથી થઈ કુપિત, સજ્જડ તમાચા -
જડી દીધા... સંપુટ શા ગાલ પર બાલનાં.
ને પછી પૂછ્યું... શું હતું?
તે નાનકું ધ્રૂજી વદ્યું,
સાહેબ, હું તો તેને એકડો ઘૂંટવતો હતો.

*નવીન ત્રિપાઠી 'અલ્પ' - ભુજ, કચ્છ*
*મો. ૯૮૨૫૭ ૬૫૬૬૨*

## લેર લખપતજી

મુધેજી ગાલ મેક ઓવરમેં લખપત ગઢજી લાય
આલીશાન હવેલ્યું મેડિયું અડીખમ ઉભી ડિસાય
જાહોજલાલી જોરાતી ઈતિહાસીક ભૂમિ આય
લખું ઉપજેં લખપતમેં બંધર ભાંભી ધુલાય
હાણે ભુતકાર પ્યો ભાય
બસો વરેં પહેલા બરૂકો...

બસો વરેં પહેલાં બરૂકો કસ્ટમજો કારોભાર
સમર્થ શેઠ શાહુકારને આમધાની અપાર
ભ્રામણ સોની ભાટીયા કંસારેંજી ભજાર
ભસરા બોરી સીસ બેંગ્લોરને વિડેસજા વેપાર
નાનકજો ગુરૂદ્વાર
કુબો મહમદ ગોસજો...

કુબો મહમદ ગોસજો હાણે કિલ્લો કરે પુકાર
જર્જરિત થ્યો ગઢ જાંજરો પગથિયા ને પ્રવેશદ્વાર
સિંધુ વેણ સીરી વ્યા વસ્તી ભજી વિઈ બાર
લખપત લેર હલઇ વિઇ પુરાતત્ત્વ પૂજાય પાર.
રણોત્સવ સેં પે ઉકાર
"પ્રભુ" પત રખો લખપતજી...

*પ્રભુલાલ સિધ્ધપુરા - ગાંધીધામ*

## પાંજો ભોજીઓ....

ભોજીઓ ડુંગર ભોજજી શાન આય,
જીત ડેવ ભુજંગી મીણીંજી રક્ષા કરેતાં,
કિલ્લો રાજ દરબાર જો શોભેતો જીત
ને શૂરેંજી યાદ હાણેં પાંકે પૂરેતો.
ભુજીએ તે મોડો ભરાજે હાણેં (મેડો)
જૂની યાધ તાજી કરે હાણેં ભોજીઓ
ભુજીએતેં ઔષધી ઉગે
ધવાજો ભંડાર આય
ભોજીઓ ડુંગર મીઠો લગે
ઇ પાંજો ધિલધાર આય.
રાજ જી યાધમેં પુજા થીએ
કચ્છી મેડે યાધ કરેં ભોજીએ ડુંગર કે
સૂરેંજો સરધાર શોભા ભોજજી ભોજીઓ
કચ્છજો રખેવાડ હાણેં આય ભોજીઓ
જીત મહાડેવ ને મેડે વસેતાં
હીં પાંજો 'દિલકશ' ઇ વેવાર આય.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ (મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮)*

## વધુ શું જોઈએ?

ફળિયા - પાડોશમાં, હું કહું લોક સહુ,
કે માન મારું રાખતી, વહુ બહુ બહુ.
બે ટંક જમવાનું, ને બે વખત ચા
ને બે જોડ કપડાં, તો થાય કહું બહુ.
પૌત્રને રમાડવાનું, મળ્યું માનભેર
બસ આવડું આપ્યું પ્રભુ થાય હાઉં હાઉં.

ખર્યું પાન એટલે સ્વાભાવિક દેહથી,
આજાર હું કદી થાઉં
લઈ આવે એ ઓસડિયા દિલથી દીકરો
ને વહુ કહે બામ ઘસી દઉં
પૂછે ખબર મારી અંતરથી બેઉ
ત્યારે ઝટપટ સાજી થઈ જાઉં.

વહુ કહે, બા તમે બેસો નિરાંતથી,
ટી.વી. ચાલુ કરી દઉં?
વરસાદી સાંજ છે, મંદિરે કેમ જશો?
થોભો, રિક્ષા બોલાવી દઉં.

નાનકાને હીંચોળો જરી તમે ત્યાં,
બે-ચાર ભજિયાં ઉતારી દઉં,
પાલવની ઓથમાં પાંપણ લૂછીને કહું,
વહુ, તારા સસરાને ભાવતા બહુ.

*નવીન ત્રિપાઠી 'અલ્પ' - ભુજ, કચ્છ.*
*મો. ૯૮૨૫૭ ૬૫૬૬૨*

## સ્મૃતિ

ક્યાંક ધુમ્મસનું નગર ખોદાય છે,
ઘર સ્મૃતિનું કેમ ધ્રુજી જાય છે?

એ જ મસ્જિદ, એ ખુદા ને એ નમાજ
બંદગીની ક્યાં અસર વર્તાય છે?

દીવડો ઘર બાળશે નહોતી ખબર
રોશનીથી દિલ હવે ગભરાય છે.

પાસપાસે બસ અડોઅડ ચાલતું
રેતમાં પગલાં ભલે ભૂંસાય છે.

લાવ તારા હાથમાં મૂકું છું હાથ
હસ્તરેખા કેટલી બદલાય છે?

*ભાવના સૂર્યકાંત ભટ્ટ - અમદાવાદ*

## સરકાર

સરકારને કરોડો મોંઢા હોય છે
પણ એક આત્મા હોતો નથી,
સરકાર અવાજની માલિક છે
અને માલિકનો અવાજ છે.
સરકાર વિચારો કરાવી શકે છે,
સરકાર લેખકને લખાવી શકે છે.
ચિત્રકારને ચિતરાવી શકે છે
ગાયકને ગવડાવી શકે છે,
કલાકારને કળા કરાવી શકે છે,
એક હાથે તાળી પડાવી શકે છે,
રવિવારને સોમવાર બનાવી શકે છે
નવી પેઢીને જૂની કરી શકે છે
પૈસા છાપી શકે છે, શ્વાસ ઉગાડી શકે છે
વીજળી વેચી શકે છે, ઇતિહાસ દાટી શકે છે
અર્થને તંત્ર અને તંત્રને અર્થ આપી શકે છે,
સરકારની ભાગીદારીમાં આ પૃથ્વી ફરે છે
સમય ફરે છે, માણસ ફરે છે
યંત્ર ફરે છે, મંત્ર ફરે છે,
પણ એક દિવસ
ગરીબની આંખ ફરે છે અને સરકાર ફરે છે.

*– ચંદ્રકાંત બક્ષી*

*(૧૯૭૭માં લખાયેલી આ રચના આજે પણ એટલી જ યથાર્થ છે. પ્રેષક : યોસેફ મેકવાન)*

*સાભાર : નિરીક્ષક, તા. ૧-૯-૨૦૧૭*

## ગઝલ

માણસ કેવો દિલકશ લાગે
મળવા જેવા માણસ લાગે.

સીધો સાદો સુંદર માણસ
મન મોહક ને સાલસ લાગે.

બાળી દિલ આપે અજવાળું
માણસ જાણે ફાનસ લાગે.

સાક્ષર જ્ઞાની ડાહ્યો માણસ
ભેટો ત્યારે પારસ લાગે.

માનો કે ના માનો દોસ્તો,
માણસ ને પ્રભુ સમકક્ષ લાગે.

*મુરજી ચાવડા પ્રેમ - ગાંધીધામ*
*મો. ૯૯૦૪૮ ૯૪૫૬૭*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

આયોજિત

## એક દિવસીય નવરાત્રિ મહોત્સવ

રવિવાર, તા. ૨૪-૯-૨૦૧૭ • સાન્નિધ્ય પાર્ટી પ્લોટ, જોધપુર, અમદાવાદ.

## કાર્યક્રમની તસવીરી ઝલક














શ્રી કચ્છી સમાજ અમદાવાદ
નવરાત્રિ મહોત્સવ

ચોખલીયાળી ચુંદડી મા ગરબે ઘુમવા આવો રે
રસ રઢિયાળી રાતડીમાં ગરબે ઘુમવા આવો રે...

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત

## રાસ-ગરબાનો કાર્યક્રમ શ્રદ્ધા, ભક્તિ અને ઉમંગભેર ઉજવાયો

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તરફથી નવરાત્રિ મહોત્સવ નિમિત્તે અમદાવાદ ખાતે જોધપુર વિસ્તારમાં આવેલા સાન્નિધ્ય પાર્ટી પ્લોટમાં તા. ૨૪-૯-૨૦૧૭ના રોજ આયોજિત એક દિવસના રાસ-ગરબાના કાર્યક્રમમાં માનવ મહેરામણ ઉમટ્યો હતો. કાર્યક્રમના આયોજનમાં કોઈપણ પ્રકારની કચાસ રહે નહીં તે માટે સમાજના પ્રમુખશ્રીના માર્ગદર્શન હેઠળ દરેક કાર્યકર્તાઓ દ્વારા છેલ્લા કેટલાય દિવસોથી કઠિન પરિશ્રમ કરવામાં આવ્યો હતો.

ભાતીગળ વિવિધતાથી છલોછલ એવા આપણા રાષ્ટ્રમાં તહેવારોનું અનોખું અને આગવું મહત્ત્વ રહેલું છે. એમાંનો એક ઉત્સવ એટલે અલગ અલગ રીતે સજાવી ધજાવીને ખેલૈયાઓ - ખાસ કરીને યુવાવર્ગ હેલે ચઢે છે. આ ઉત્સવમાં જ્યારે ઠુમકા, એના લટકા - ઝટકા સાથે યુવાવર્ગ મન મૂકીને અને ઝુકી ઝુકીને નાચગાન કરતા હોય છે અને શ્રદ્ધાપ્રેમી વ્યક્તિના દિલમાં ભક્તિ ભાવનાની જ્યોત પ્રગટાવે છે. આવો માહોલ ઉપરોક્ત અવસરે જોવ મળ્યો હતો અને સૌએ મન મૂકીને માણ્યો હતો.

કાર્યક્રમના દિવસે સ્થળ પર સાંજના ૬ વાગ્યાથી નવરાત્રિ પ્રેમીઓનું આગમન શરૂ થઈ ગયું હતું અને જોતજોતામાં મોટા પાયે માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. દરેક માટે સુસ્વાદિષ્ટ વ્યંજનોનું ભોજન તૈયાર હતું. સમાજના પરિવારજનો, હોદ્દેદારો, કાર્યકર્તાઓ, આમંત્રિત મહેમાનશ્રીઓ વગેરે આગમન સાથે જ પરસ્પર મળીને ભોજનની મજા માણતા જોવા મળ્યા હતા.

રાસ-ગરબાની વચ્ચે અંબે માની આકર્ષક છબી રાખવામાં આવી હતી. કાર્યક્રમના મહેમાનો, અગ્રણીઓ, સમાજ પરિવારજનો, દરેક ઘટક સમાજના આગેવાનો, હોદ્દેદારો, બાળવર્ગ દ્વારા સાથે મળીને આદ્ય શક્તિની ભાવપૂર્ણ આરતી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં નીચે મુજબના સમાજ હોદ્દેદારશ્રીઓ, મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સર્વશ્રી મેઘજીભાઈ ખેતાણી, હીરજી પાસુ શાહ, ચીમનભાઈ પલણ, નરસિંહભાઈ પટેલ, જયમીનભાઈ સોની, સુનિલભાઈ દાવડા, ભરત ઓઝા, અતુલ સોની, ડૉ. કેતન શાહ, જગદીશભાઈ ઠક્કર, અશ્વિનભાઈ સાવલા, એન.જે. ગોલીબાર પરિવાર, હંસરાજભાઈ કંસારા, બી.કે. પટેલ, લક્ષ્મણભાઈ સેંધાણી, ગંગારામભાઈ પટેલ, શ્રીમતી રેખાબેન પટેલ, શશીકાંતભાઈ પીંડોરિયા, સંજયભાઈ ડી. ઠક્કર, જગદીશભાઈ ખાંડવાલા વગેરે અનેક મહાનુભાવો ઉપરોક્ત કાર્યક્રમમાં ઉપસ્થિત હતા.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મંત્રીશ્રી તથા નવરાત્રિ કાર્યક્રમના કન્વીનર હિમાંશુ ઠક્કરે ઉપસ્થિત સર્વેનું સ્વાગત કરીને જય અંબેના નાદથી આવકાર આપેલ. વધુમાં તેમણે જણાવ્યું કે સમાજના પ્રમુખશ્રી અશોક મહેતાના દરેક કચ્છી ઘટક સમાજના પરિવારજનોને વિવિધ કાર્યક્રમોના માધ્યમથી એક તાંતણે બાંધી રાખવાના તેમના પ્રયત્નોમાં સૌ તન-મન-ધનથી સહયોગ આપે તેવી ઇચ્છા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ મંત્રીશ્રીએ સર્વે મહેમાનો, મહાનુભાવો તેમજ કચ્છી ઘટક સમાજોના હોદ્દેદારો, દરેક સમાજોના પરિવારજનો ખાસ કરીને કચ્છ કડવા પટેલ સમાજ તેમજ ગાંધીનગરથી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા સર્વે પરિવારજનોનો ખાસ આભાર માન્યો હતો.

ત્યારબાદ પ્રાચીન - અર્વાચીન અને હાલના માહોલને અનુરુપ ફેરફારો સાથેના ખૂબ સુંદર વસ્ત્ર પરિધાનમાં સજ્જ ખેલૈયાઓએ રાસ-ગરબાના રાઉન્ડ શરૂ કર્યા હતા, જે મોડી રાત્રિ સુધી ચાલુ રહ્યા હતા. ઑરકેસ્ટ્રા પાર્ટી દ્વારા કામણગારા અને મદમાતો સૂર-સંગીતના માધ્યમથી સૌ ખેલૈયાઓ પોતાની રીતે અવનવા કસબ સાથે માતાજીના રાસ-ગરબામાં તલ્લીન થઈ ગયા હતા.

ઉપસ્થિત સર્વેએ મહેસુસ કર્યું હતું કે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત નવરાત્રિ મહોત્સવ નિમિત્તેના રાસ-ગરબાનો કાર્યક્રમ એટલે એકતા, સહિયારો પુરુષાર્થ, ભક્તિ, ખુશી - આનંદથી છલોછલ નવલો કાર્યક્રમ.

સર્વે ખેલૈયાઓના વિવિધ પ્રકારના અવનવા ડ્રેસિસ, ઓર્નામેન્ટ્સ તેમજ તેમની રમવાની ખૂબ સુંદર રીતભાતથી સ્પર્ધાના નિર્ણાયકો પણ મુંઝવણ અનુભવતા હતા.

આ વખતે જાહેરાતોના બેનર્સના બદલે વિજ્ઞાપનની તમામ વિગત ડિજિટલ બોર્ડ પર સળંગ રીતે પ્રદર્શિત થઈ રહી હતી, જેની સૌએ પ્રશંસા કરી હતી.

કાર્યક્રમ તેમજ બેનર્સ માટે વિવિધ પ્રકારના સૌજન્ય દાતાશ્રીઓની યાદી અલગથી રજૂ કરી છે. સમાજ દ્વારા તેમનો તથા સર્વે કાર્યકર્તાઓનો ખાસ આભાર માનવામાં આવ્યો હતો.

કાર્યક્રમની વિવિધ શ્રેણીઓની સ્પર્ધાના વિજેતાઓ નક્કી કરવા નિર્ણાયકો તરીકે નિધિ દત્તાણી તથા રાકેશ પૂજારાએ એ પોતાની સેવા આપી હતી.

કાર્યક્રમ દરમિયાન સંગીત, સ્વરો અને રાસ-ગરબાનું અદ્‌ભુત સંગમ થયું હતું. યુવા પેઢી તેમજ નાના-મોટા સૌએ તેના તાલ-સૂર-સંગીતમાં ઝુમીને અનોખી રંગત માણી હતી.

***હિમાંશુ ઠક્કર, કન્વીનર : નવરાત્રિ કાર્યક્મ***
***સહયોગ : દિનેશ આર. મહેતા***

## નવરાત્રિ પ્રસંગે જાહેર કરવામાં આવેલ ડોનેશન

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે રવિવાર, તા. ૨૪-૯-૨૦૧૭ના રોજ એક દિવસનો નવરાત્રિ કાર્યક્રમ ઉજવેલ હતો. અમારી અપીલને માન્ય રાખી, આ પ્રસંગે અનેક મહાનુભાવોએ પોતાના ઉદારદિલ ફાળાની નોંધણી કરાવેલ હતી. શ્રી કચ્છી સમાજ - અમદાવાદ આ સહુ મહાનુભાવોનો આભાર માને છે. જાહેર થયેલ ડોનેશન્સની વિગત નીચે મુજબ છે :

| | | | |
|---|---|---|---|
| *રૂા. ૨૫,૦૦૦/-* | *શ્રી કરશનભાઈ કાનજીભાઈ પટેલ* | *લક્ષ્મણભાઈ કન્સ્ટ્રક્શન* | *બેસ્ટ પરફોર્મન્સ સામે* |
| *રૂા. ૨૧,૦૦૦/-* | *શ્રી મેઘજીભાઈ ખેતાણી* | *પટેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ* | *બેસ્ટ ડ્રેસીસ સામે* |
| *રૂા. ૨૧,૦૦૦/-* | *શ્રી નરસિંહભાઈ પટેલ* | *ટીમ્બર પોઈન્ટ* | *પ્રસાદનું સૌજન્ય* |
| *રૂા. ૧૫,૦૦૦/-* | *શ્રી કલ્યાણજીભાઈ પ્રેમજીભાઈ પટેલ* | *ધોળુ કન્સ્ટ્રક્શન* | *પાસની પાછળ જાહેરાતના* |
| *રૂા. ૧૧,૦૦૦/-* | *શ્રી હિમાંશુભાઈ ઠક્કર* | *કેરિયર કાઉન્સેલર* | *પાસની પાછળ જાહેરાતના* |
| *રૂા. ૧૧,૦૦૦/-* | *શ્રી જેન્તીભાઈ લાકડાવાલા* | *હેક્ટર વુડન ડોર ફ્રેઈમ્સ* | *પાસની પાછળ જાહેરાતના* |
| *રૂા. ૧૧,૦૦૦/-* | *શ્રી પ્રવીણભાઈ કોટક* | *ઈસ્કોન મેગામોલ* | *મ્યુઝિકનું સૌજન્ય* |
| *રૂા. ૧૧,૦૦૦/-* | *શ્રી ધવલભાઈ આચાર્ય* | *રોયલ ગ્રુપ* | *મ્યુઝિકનું સૌજન્ય* |

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## નવરાત્રિ પ્રસંગે બેનર દ્વારા સૌજન્ય

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે તા. ૨૪-૯-૨૦૧૭ના રોજ એક દિવસનો નવરાત્રિ કાર્યક્રમ ઉજવેલ હતો. આ પ્રસંગે જે મહાનુભાવોએ બેનર દ્વારા પોતાના સૌજન્ય જાહેર કરેલ હતા તે સહુનો શ્રી કચ્છી સમાજ - અમદાવાદ આભાર માને છે. બેનર દ્વારા નીચે મુજબના મહાનુભાવોનો સાથ - સહકાર પ્રાપ્ત થયેલ છે.

| | | |
|---|---|---|
| *રૂા. ૫,૦૦૦/-* | *શ્રી અતુલ ગુલાબચંદ સંઘવી* | *વસ્ત્રમ / સ્ટુડિયો ૩૫* |
| *રૂા. ૫,૦૦૦/-* | *શ્રીમતી પારૂલ અમિત છેડા* | *નિવ્યા પેપર્સ પ્લાઝા* |
| *રૂા. ૫,૦૦૦/-* | *શ્રી અમૃતભાઈ લક્ષ્મણભાઈ પટેલ* | *અંજની ઈન્ફ્રાસ્પેસ લિમિટેડ* |
| *રૂા. ૫,૦૦૦/-* | *શ્રી અરવિંદભાઈ સોમજીભાઈ પટેલ* | *એ.એસ.એલ. રૂફિંગ શીટ્સ* |
| *રૂા. ૫,૦૦૦/-* | *શ્રી અલ્પેશભાઈ નારણભાઈ પટેલ* | *શાહીબાગ ગ્રીન* |
| *રૂા. ૫,૦૦૦/-* | *શ્રી અજયભાઈ કાંતિલાલ શાહ* | *આયોલાઈટ સોફ્ટવેર પ્રા.લિ.* |
| *રૂા. ૫,૦૦૦/-* | *શ્રી અતુલ કેશવલાલ સંઘવી* | *સંઘવી એસોસિએટ્સ* |
| *રૂા. ૫,૦૦૦/-* | *શ્રી કમલેશ મનુભાઈ શાહ* | *અમમ માર્કેટિંગ* |
| *રૂા. ૫,૦૦૦/-* | *શ્રી કમલેશ શામજીભાઈ લોડાયા* | *લાલજી મૂલજી ટ્રાન્સપોર્ટ* |
| *રૂા. ૫,૦૦૦/-* | *શ્રી કુણાલ નરેન્દ્ર શાહ* | *ઈન્ડોટેક્ષ પેઈન્ટ્સ* |
| *રૂા. ૫,૦૦૦/-* | *શ્રી અભિષુ ગિરીશભાઈ શાહ* | *કે.કે. વિનિયર* |
| *રૂા. ૫,૦૦૦/-* | *શ્રી ભાવેશ રજનીકાંત પારેખ* | *કેમ્પ્રિન ઈન્ટરનેશનલ* |
| *રૂા. ૫,૦૦૦/-* | *શ્રી પ્રફુલ્લભાઈ કર્મસિંહ ટાંક* | *કર્મા કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ* |
| *રૂા. ૫,૦૦૦/-* | *શ્રી સંજય ડાહ્યાભાઈ ઠક્કર* | *શ્રી હરિ કેરિયર્સ* |
| *રૂા. ૫,૦૦૦/-* | *શ્રી ભરત ભાણજી ગાલા* | *રાજુ એન્ટરપ્રાઈઝ* |
| *રૂા. ૫,૦૦૦/-* | *શ્રી બંકીમ મહેન્દ્રભાઈ ચત્રભુજ મર્ચન્ટ* | *મોતીલાલ ઓસવાલ સીક્યોરીટીઝ* |
| *રૂા. ૫,૦૦૦/-* | *શ્રી જગદીશભાઈ ખાંડવાલા* | *મોમાય સુગર સેલ્સ* |
| *રૂા. ૫,૦૦૦/-* | *શ્રી મેહુલ દિનેશ મણિલાલ શાહ* | *શ્રી મેહુલ દિનેશચંદ્ર શાહ* |
| *રૂા. ૩,૧૦૦/-* | *શ્રી મનહરલાલ વિશનજી શાહ* | *શ્રી મનહરલાલ વિશનજી શાહ* |

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

## વિનમ્ર અપીલ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે તાજેતરમાં જ નવરાત્રિ કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહપૂર્વકના વાતાવરણમાં ઉજવેલ હતો.

આ પ્રસંગે જેઓએ અનુદાનની રકમ જાહેર કરેલ હોય તથા જેઓએ બેનર સ્વરૂપે પોતાના સૌજન્ય નોંધાવેલ હોય તેઓના અનુદાનની રકમ જો અત્યાર સુધી શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસે પહોંચતી કરવામાં આવેલ ન હોય તો એ સહુ મહાનુભાવોને નમ્રભરી વિનંતી કે તેઓ પોતાના નોંધાવેલ સૌજન્યની રકમ શક્ય ત્વરાએ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસે પહોંચતી કરે.

તદુપરાંત જે મહાનુભાવોએ એન્ટ્રી પાસના વિતરણમાં સહકાર આપેલ હોય એ મહાનુભાવોને પણ નમ્રભરી વિનંતી કરવામાં આવે છે કે તેઓ પોતાના હિસાબની રકમ સમાજ પર શક્ય ત્વરાએ પહોંચતી કરે.

અંતમાં આ સૌ મહાનુભાવોનો ખૂબ ખૂબ આભાર.

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

# નવરાત્રિ પાસનું વિતરણ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે રવિવાર, તા. ૨૪-૯-૨૦૧૭ના રોજ સાન્નિધ્ય પાર્ટી પ્લોટ, સેટેલાઇટ ખાતે એક દિવસનો નવરાત્રિ કાર્યક્રમ યોજેલ હતો. આ કાર્યક્રમ દરમ્યાન સૌપ્રથમ ઉપસ્થિત સહુએ સમૂહભોજન લેવાનું હતું અને ત્યારબાદ રાસ-ગરબામાં ભાગ લેવાનો હતો. એન્ટ્રી પાસની કિંમત માત્ર રૂા. ૫૦/- રાખવામાં આવેલ હતી.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પરિવારોનું નિવાસ સ્થાન અમદાવાદની ચારેય દિશાના વિસ્તારોમાં ફેલાયેલું હોવાથી આ કાર્યક્રમના "એન્ટ્રી પાસ" વિતરણ કરવાના ૧૭ જેટલા કેન્દ્રો નિર્ધારીત કરવામાં આવેલ હતા. તદુપરાંત વ્યક્તિગત રીતે પણ અનેક મહાનુભાવોએ વિતરણની આ જવાબદારી સ્વીકારેલ હતી. **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તેના આ દરેક વિતરણ કેન્દ્રના સંચાલકોનો તથા જેઓએ વ્યક્તિગત રીતે સહકાર આપેલ છે તે સહુનો આભાર માને છે.**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, શ્રી કચ્છી લેવા પટેલ સમાજ તથા શ્રી દામુભાઈ વિદ્યાર્થી ભવને ખૂબ જ સુંદર સાથ અને સહકાર આપેલ હતો. એ જ રીતે દરેક વિતરણ કેન્દ્રે પણ અંગત રસ દાખવી આ પાસનું વિતરણ કાર્ય ખૂબ જ ઉત્સાહપૂર્વક સંભાળેલ હતું. વ્યક્તિગત રીતે શ્રી દીપકભાઈ ચૌહાણ, શ્રી સંજયભાઈ રાઠોડ, શ્રી અરુણભાઈ ચૌહાણ, શ્રી દિનેશ લખમશી મૈશેરી, ડૉ. કેતન શાહ, શ્રી પીયૂષ પારેખ, શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી સંજયભાઈ ડાહ્યાભાઈ ઠક્કર, શ્રી હીરેનભાઈ પલણ, શ્રીમતી રેખાબેન પટેલ, શ્રી શાંતિલાલ મુળજી સાવલા, શ્રી કિરણભાઈ મહેતા, શ્રી ઉલ્લાસ મનુભાઈ શાહ, શ્રી ચંદ્રકાંત રવિલાલ મહેતા, શ્રી લક્ષ્મણભાઈ સેંધાણી, શ્રી હસમુખભાઈ ખીમજી મહેતા, શ્રીમતી પારૂલબેન અમિત છેડા, શ્રી કિરણભાઈ શાહ તથા શ્રી મનીષ આણંદજી વીરાનો ખંતપૂર્વકનો સહકાર સાંપડેલ હતો.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, આ દરેકનો ખૂબ ખૂબ આભાર માને છે.

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**


## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' માટે જાહેરાતના માસિક દર

| ક્રમ | વિગત | કલર | આખુ પાનું રૂા. | અડધું પાનું રૂા. | ૧/૪ પાનું રૂા. | અંદર બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | અંકની અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૨. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૩. | અંદર બોટમ પટ્ટી ૭" x ૧" | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |

(૧) એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૨) એક સાથે **૦૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૩) એક સાથે **૦૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**_નોંધ_ : જાહેરાતની સાઈઝ**
(૧) ફુલ પેઈજ : ૭" x ૯.૫"
(૨) હાફ પેઈજ : ૭" x ૪.૫"
(૩) ૧/૪ પેઈજ : ૩.૨૫" x ૪.૨૫"
(૪) બોટમ પટ્ટી : ૭" x ૧"

**વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાતની વિગત**

**જાહેરાતની સાઈઝ** : ૯૦ mm x ૬૦ mm ● **કલર** : મલ્ટી કલર

**ભાવ – બાર મહિનાની જાહેરાતના દર**

- કવર પેઈજ નં.-૪ : રૂા. ૨૦,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)
- કવર પેઈજ નં.-૩ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)
- કવર પેઈજ નં.-૨ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)
- અંદરનું પાનું : રૂા. ૧૦,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)

# મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ
# કોબા મ્યુનિસિપલ સ્કૂલના સ્માર્ટ ક્લાસના રૂમનું ઉદ્‌ઘાટન કર્યું

કોબા ખાતેની મ્યુનિસિપલ પ્રાઈમરી સ્કૂલના સ્માર્ટ ક્લાસનું ઉદ્‌ઘાટન ગુરુવાર, તા. ૨૮ સપ્ટેમ્બરના ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોર્પોરેટ ક્ષેત્રના તથા અમદાવાદની વિવિધ સામાજિક સંસ્થાઓના અગ્રણીઓની ઉપસ્થિતિમાં કરેલ હતું. આ સ્માર્ટ ક્લાસની વિગતોથી અને અત્યારે ઊભી કરવામાં આવેલ સગવડોથી મુખ્યમંત્રીશ્રી ખૂબ જ પ્રભાવિત થયેલ હતા અને જેના માટે માત્ર ૧૫ મિનિટનો સમય ફાળવેલ હતો, ત્યાં ૯૦ મિનિટ સુધી રોકાઈને દરેક વિગતોની માહિતી રસપૂર્વક મેળવેલ હતી અને દરેક ક્લાસનું ઉંડાણપૂર્વક નિરીક્ષણ કરેલ હતું.

ડિજિટલ ઇન્ડિયાની ડ્રાઇવ હેઠળ દરેક સ્કૂલમાં સ્માર્ટ ક્લાસ ઊભા કરવાનું મૂળ વિઝન ભારત દેશની ખૂબ જ ઉત્સાહી અને દૂરંદેશી ધરાવતા વડાપ્રધાન માનનિય શ્રી નરેન્દ્રભાઈ મોદીનું હતું. ભારતના ઉજ્જવળ ભાવિ માટે કોર્પોરેટ ક્ષેત્રમાં જાણીતી કંપની દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે આ ઉમદા કાર્યની તક ઝડપી લીધી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ૩૦ જેટલી શાળાઓમાં ખૂબ જ ઓછા સમયમાં ઉમદા સ્માર્ટ ક્લાસ પોતાના ખર્ચે ઊભા કરાવી દીધા. માનનિય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને કોર્પોરેટ ક્ષેત્રના ઉપસ્થિત અગ્રણીઓએ આ કાર્યને ખૂબ જ સારી રીતે બિરદાવેલ હતું. એક શાળાના વિવિધ ક્લાસોને સ્માર્ટ ક્લાસમાં ફેરવવાનો અંદાજિત ખર્ચ રૂા. ૪થી ૫ લાખની આજુબાજુ થવા જાય છે કે જેમાં ડિજિટલ બોર્ડ, લેપટોપ વગેરેનો સમાવેશ થાય છે.




*ડિજિટલ સ્માર્ટ ક્લાસનું ઉદ્‌ઘાટન કરતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી*




*સ્માર્ટ ક્લાસ રૂમ - કોબા મ્યુનિસિપલ સ્કૂલ*



*દીપ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી પારસ સાવલા*

પ્રાઈવેટ સેક્ટરની મોટા ક્ષેત્રની જાહેર કંપની દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, એ ઓઈલ અને ગેસ ક્ષેત્રે કાર્યરત કંપની છે અને ભારતભરના અનેક ક્ષેત્રોમાં ગેસની શોધખોળના તેના કાર્યો અવિરતપણે ચાલતા રહે છે. પ્રથમના સ્ટેજમાં તે અમદાવાદની ૩૦ મ્યુનિસિપલ શાળાઓને ડિજિટલ ક્લાસ રૂમ શાળામાં ફેરવી નાંખવા માંગે છે અને તેનું લક્ષ્ય ૨૦૧૮ના અંત ભાગ સુધીમાં આ પ્રકારની ૧૦૦ શાળાઓને આવરી લેવાનો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઈન્ડિયાને લક્ષમાં રાખીને મ્યુનિસિપલ શાળાઓને ઈ-લર્નિંગમાં ફેરવી નાખવાના લક્ષ સાથે આ કંપની આગળ




*મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાથે દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ પરિવાર*

વધી રહી છે કે જેથી નબળા વર્ગના વિદ્યાર્થીઓ માટે પણ વિકાસની પૂરતી તક મળી રહે. કોબા મ્યુનિ. સ્કૂલના ક્લાસ રૂમોને ઇ-ક્લાસ અને સ્માર્ટ ક્લાસમાં ફેરવી નાખવાની સાથે આજના આ સમારંભના આયોજનને ધ્યાનમાં રાખતા અન્ય ઉદ્યોગપતિઓને પણ આ ક્ષેત્રે કાર્યરત કરવાનું લક્ષ પણ ધ્યાનમાં લેવામાં આવેલ છે. આવતા ૫ વર્ષમાં અન્ય ઉદ્યોગોને પણ વિકાસની આ લાઈનમાં જોતરી, આવતા ૫ વર્ષમાં ઓછામાં ઓછી ૧૦૦૦ શાળાઓને ડિજિટલ ક્લાસ રૂમમાં ફેરવી નાખવાનું આયોજન પણ વિચારવામાં આવેલ છે.

કોઈ પણ કચ્છીને એ જાણીને ગર્વ થશે કે ભારતભરમાં ગેસની શોધખોળ ક્ષેત્રે કાર્યરત એવી દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના મુખ્ય માલિકો ગુજરાત રાજ્યના કચ્છ વિભાગમાંથી આવે છે. તેઓ માંડવી તાલુકાના તુંબડી ગામના વતની છે. આ કંપનીની સ્થાપના તુંબડીના શ્રી શાંતિલાલ મુળજી સાવલા અને સ્વ. શ્રી કાંતિલાલ વેલજી સાવલાએ કરેલ હતી. સાબરમતીથી ગાંધીનગર જતા વચ્ચે જે વિસત પેટ્રોલ પંપ આવે છે, તે આ ભાઈઓની માલિકીનું છે. હાલે આ કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટરનું પદ શ્રી શાંતિલાલ મુળજી સાવલાના સુપુત્ર પારસ સાવલા શોભાવી રહેલ છે. સ્વ. શ્રી કાંતિલાલ વેલજી સાવલાના સુપુત્ર ડિરેક્ટરપદે રહી આ કંપનીની ટેકનિકલ જવાબદારી નિભાવી રહેલ છે.

આવતા દિવસોમાં તેઓ વધુ ને વધુ આગળ વધે તેવી અમદાવાદ - ગાંધીનગર સ્થિત સહુ કચ્છી પરિવારો વતી શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તેમને શુભેચ્છા પાઠવે છે. સાથે સાથે આ સમર્થ બંધુઓનું એ લક્ષ તરફ પણ ધ્યાન દોરવા માંગે છે કે અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી પરિવારોને એક સાંકળે જોડી રાખવા સમાજનું એક ઉમદા ભવન ઊભું કરવાના ક્ષેત્રે એ બુનિયાદથી આગળ વધે કે તેઓના રાહે અહીંના અન્ય ઉમદા અને સમર્થ કચ્છી મહાનુભાવો આગળ આવે અને એક ઉમદા પ્રોજેક્ટના કાર્યને સફળતા બક્ષે.

*દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડને આજના આ પ્રસંગે ફરી ફરી ધન્યવાદ.*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું સભ્યપદ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના હજુ સુધી આપશ્રી સભ્ય ના બન્યા હો તો વહેલી તકે સભ્ય બની જવા આપશ્રીને અનુરોધ કરવામાં આવે છે. સમાજની ઓફિસેથી સભ્યપદનું ફોર્મ મેળવી, એ ફોર્મ ભરીને શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસે મોકલી આપવા આપશ્રીને વિનંતી કરવામાં આવે છે.

નીચે મુજબની કેટેગરી અનુસાર જીવન પર્યંતના સભ્ય બની શકાય છે.

- **આજીવન સભ્ય** : રૂા. ૧,૦૦૦/-
- **માનદ્ સભ્ય** : રૂા. ૧૦,૦૦૦/-
- **દાતા સભ્ય** : રૂા. ૧,૦૦,૦૦૦/-
- **પેટ્રન સભ્ય** : રૂા. ૫,૦૦,૦૦૦/-

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## સપ્ટેમ્બર - ૨૦૧૭

★ **શનિવાર, તા. ૨-૯-૨૦૧૭**

- સરસ્વતી સન્માનના સમયે જે વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી શકેલ ન હતા તેવા ૧૧ વિદ્યાર્થીઓને તેમના એવોર્ડ સર્ટિફિકેટ / ગીફ્ટ સમાજની ઑફિસ પર આવી મેળવી લેવા ફોન કર્યા.

★ **સોમવાર, તા. ૪-૯-૨૦૧૭**

- નવરાત્રિ પ્રસંગના સૌજન્ય મેળવવા તથા બેનર માટે કેટલાક મહાનુભાવોને પત્રો લખ્યા.

★ **બુધવાર, તા. ૬-૯-૨૦૧૭**

- શ્રી મનુભાઈ કોટડિયાએ ખજાનચી તરીકેનો ચાર્જ આજે શ્રી અતુલભાઈ સોનીને સુપ્રત કર્યો.

★ **ગુરુવાર, તા. ૭-૯-૨૦૧૭**

- શ્રી હિમાંશુભાઈ ઠક્કરે ૩૦૦૦ નવરાત્રિ પાસ પ્રિન્ટ કરાવીને આજે સમાજ પર મોકલી આપ્યા. કચ્છશ્રુતિમાં જાહેર કરવામાં આવેલ ૧૭ સ્થળોએ આ નવરાત્રિ પાસનું વિતરણ કરવા માટે મોકલી આપવાની શરૂઆત કરી.
- મુંબઈથી નેનો-૯ વાળા શ્રી ભાઈલાલભાઈ વોરાએ વિ-ટ્રાન્સ દ્વારા મોકલી આપવામાં આવેલ લાઈબ્રેરી બુક્સના ૩ બંડલની ડિલીવરી મેળવી.
- શ્રી દિનેશભાઈ મહેતાએ આવતીકાલના ટ્રસ્ટ મંડળની મીટિંગ માટે મિનિટ બુકમાં જરૂરી લખાણ કરી રાખ્યું.

★ **શુક્રવાર, તા. ૮-૯-૨૦૧૭**

- આજે સાંજના શ્રી કચ્છી સમાજ પર ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિની એક સંયુક્ત મીટિંગ મળેલ હતી. આ મીટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી અતુલભાઈ સોની, શ્રી દિનેશભાઈ મહેતા, શ્રી મૂકેશભાઈ ચૌહાણ તથા શ્રી ચિત્રસેન શાહ ઉપસ્થિત રહેલ હતા. ગત મીટિંગની મિનિટ્સ પાસ કરવામાં આવી. સાન્નિધ્ય પાર્ટી પ્લોટનું ગત વર્ષનું અને ચાલુ વર્ષનું પેમેન્ટ શક્ય સગવડતાએ ચૂકવી દેવાનું નક્કી કરવામાં આવ્યું. કચ્છશ્રુતિ જાહેરાત સમિતિના કન્વીનર તથા સભ્યપદ નોંધણી સમિતિના કન્વીનરપદે રહેવાની કોઈએ તૈયારી ના દાખવતા તે મુદ્દા આવતી મીટિંગ પર પેન્ડિંગ રાખવામાં આવ્યા. દીપોત્સવી મિષ્ટાન્નનો પ્રોજેક્ટ ચાલુ વર્ષે ડ્રોપ રાખવાનું નક્કી કરવામાં આવ્યું. અન્ય મુદ્દાઓની ચર્ચા આવતી મીટિંગ પર લઈ જવાનું નક્કી કરવામાં આવ્યું.

★ **શનિવાર, તા. ૯-૯-૨૦૧૭**

- શ્રી જગદીશભાઈ ઠક્કર આજરોજ સમાજ પર આવ્યા હતા. શ્રી કચ્છી સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓ પર તેમની સાથે વિગતવાર ચર્ચા કરવામાં આવી.
- નવરાત્રિ કાર્યક્રમ માટે ટેલિફોન ડિરેક્ટરીની નોંધણી અનુસારના સભ્યોને SMS કરવાની શરૂઆત કરવામાં આવી.

★ **રવિવાર, તા. ૧૦-૯-૨૦૧૭**

- નવરાત્રિ કાર્યક્રમ માટે વિવિધ સભ્યોને ગઈકાલે ૩૦૦ અને આજે અંદાજિત ૯૦૦ SMS કરવામાં આવ્યા.

★ **સોમવાર, તા. ૧૧-૯-૨૦૧૭**

- નવરાત્રિ કાર્યક્રમના આજે બીજા ૬૦૦ SMS કરવામાં આવ્યા.
- નવરાત્રિ કાર્યક્રમના ફંડ કલેક્શન માટે શ્રી હિમાંશુ ઠક્કર સાથે જરૂરી આયોજનો વિચારવામાં આવ્યા અને તે માટે કેટલાક મહાનુભાવોને ફોન પણ કરવામાં આવ્યા.

★ **બુધવાર, તા. ૧૩-૯-૨૦૧૭**

- શ્રી દિનેશભાઈ મહેતાએ ગત તા. ૮-૯-૧૭ના રોજ મળેલ ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની સંયુક્ત મીટિંગની મિનિટ્સ મિનિટ બુકમાં લખી સભ્યોને વૉટ્સ એપ કરવા માટે તેને રીલીઝ કરી.

★ **ગુરુવાર, તા. ૧૪-૯-૨૦૧૭**

- શ્રી મનુભાઈ કોટડિયાએ શ્રી દીપકભાઈ શાહ સાથે બેસી સમાજનું ઉઘરાણીનું લિસ્ટ બનાવવાનું કામ કર્યું.

★ **શુક્રવાર, તા. ૧૫-૯-૨૦૧૭**

- આજરોજ ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની સંયુક્ત મીટિંગ યોજવામાં આવેલ હતી. આ મીટિંગમાં માત્ર ૪ સભ્યો ઉપસ્થિત રહી શકેલ હોવાથી મીટિંગની કાર્યવાહી પેન્ડિંગ રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- મીટિંગ મુલત્વી રાખ્યા બાદ શ્રી હિમાંશુ ઠક્કર સમાજ પર પહોંચેલ હોવાથી નવરાત્રિ કાર્યક્રમની કાર્યવાહી આગળ ધપાવી. સંગીત પાર્ટી, જજીસ તથા કેટરર્સ નક્કી કરી લેવામાં આવ્યા. સીસીટીવી કેમેરા તથા પોલીસ પરમિશનની કાર્યવાહી બાકી રહેવા પામેલ હતી.
- બેનર બનાવવા ૧૫ બેનરની વિગત શ્રી હિમાંશુ ઠક્કરને આપવામાં આવી.

★ **મંગળવાર, તા. ૧૯-૯-૨૦૧૭**

- શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી હિમાંશુભાઈ ઠક્કરે નવરાત્રિ કાર્યક્રમના અનુસંધાને આજે શ્રી કૌશિકભાઈ મજીઠિયા તથા શ્રી મેઘજીભાઈ ખેતાણીની મુલાકાત લીધેલ હતી.

★ **બુધવાર, તા. ૨૦-૯-૨૦૧૭**

- શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી હિમાંશુભાઈ ઠક્કરે નવરાત્રિ કાર્યક્રમના અનુસંધાને આજરોજ શ્રી હરીશભાઈ રંગવાલાની મુલાકાત લીધેલ હતી.
- શ્રી સંજયભાઈ ડાહ્યાભાઈ ઠક્કરની પણ મુલાકાત લેવામાં આવેલ હતી.
- શ્રી દીપકભાઈ શાહે સમાજની ઉઘરાણીનું લિસ્ટ તૈયાર કરીને આપ્યું. જે તે સભ્યોને પત્ર લખી શકાય તેવું વિગતવાર લિસ્ટ રજૂ કરવાનું બાકી રહ્યું.

★ **શુક્રવાર, તા. ૨૨-૯-૨૦૧૭**

- અલગ અલગ સેન્ટર પર મૂકેલ નવરાત્રિ પાસ વિતરણની કાર્યવાહી ચકાસતા આજ સુધી ૧૪૦૦ પાસનું વિતરણ કરી દેવામાં આવેલ છે. પાસ વિતરણની કાર્યવાહી હજુ પણ ચાલુ છે.

★ **રવિવાર, તા. ૨૪-૯-૨૦૧૭**

- સાન્નિધ્ય પાર્ટી પ્લોટ પર શ્રી કચ્છી સમાજ - અમદાવાદ આયોજિત દાંડિયા રાસનો કાર્યક્રમ આજે યોજવામાં આવેલ હતો. સાંજના ૭ વાગ્યાથી મહેરામણ ઉમટવા લાગેલ હતો. લગભગ ૧૫૦૦ની સંખ્યા થવા પામેલ હતી. પ્લોટ પર પણ પાસ વિતરણની કાર્યવાહી ચાલુ રાખવામાં આવેલ હતી. લગભગ ૭.૩૦ વાગ્યાથી જમવાની શરૂઆત કરી દેવામાં આવેલ હતી. ગેઈટ પર ડૉ. કેતન શાહ, શ્રી પીયૂષ પારેખ વગેરેએ જવાબદારી સંભાળી લીધેલ હતી. જમણવાર વિભાગમાં શ્રી સુનીલભાઈ દાવડા વગેરે લગભગ ૧૨ વ્યક્તિના ગ્રૂપે જમણવાર વ્યવસ્થાની જવાબદારી સંભાળી લીધેલ હતી. જ્યારે ગરબા રમવાના પટાંગણની વ્યવસ્થાની જવાબદારી શ્રી દીપકભાઈ ચૌહાણ, શ્રી સંજયભાઈ રાઠોડ, શ્રી મૂકેશભાઈ ચૌહાણ વગેરેએ સંભાળી લીધેલ હતી. વિવિધ કાઉન્ટર્સ પર શ્રી દિનેશભાઈ મહેતા, શ્રી મહેન્દ્રભાઈ શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રીમતી ચંદ્રાબેન શાહ, શ્રીમતી મીનાક્ષીબેન પારેખ, શ્રી દીપકભાઈ શાહ, શ્રી મૂકેશ દેસાઈ, શ્રી કિરીટભાઈ શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા. ગાંધીનગરથી શ્રી નીલેન્દુભાઈ વોરા તથા શ્રીમતી વર્ષાબેન મહેતા લગભગ ૩૦થી ૩૫ વ્યક્તિના સમુદાય સહિત ઉપસ્થિત રહેલ હતા. શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી મેઘજીભાઈ પટેલ, શ્રી અતુલભાઈ સોની, શ્રી નરસિંહભાઈ પટેલ, શ્રી જયમીનભાઈ સોની, શ્રી હંસરાજભાઈ કંસારા, શ્રી બી.કે. પટેલ, શ્રી લક્ષ્મણભાઈ સેંધાણી, શ્રી ગંગારામભાઈ પટેલ, શ્રીમતી રેખાબેન પટેલ, શ્રી શશીકાંતભાઈ પીંડોરિયા, શ્રી સંજયભાઈ ડાહ્યાભાઈ ઠક્કર, શ્રી જગદીશભાઈ ખાંડવાલા વગેરે અગણિત મહાનુભાવો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા. બરાબર ૮.૩૦ વાગ્યાના નિર્ધારીત સમયે મા અંબાની આરતી ઉતારવાનું શરૂ કરી દેવામાં આવેલ. ત્યારબાદ પ્રસાદના વિતરણ બાદ તરતમાં ગરબાની રમઝટ અને છેલ્લે રાસની રમઝટમાં લોકો તલ્લીન થઈ ગયેલ હતા. રાત્રે ૧ વાગે ખેલૈયાઓને વિવિધ ઈનામોથી નવાજવામાં આવેલ હતા અને બંને જજશ્રીનું બહુમાન કરવામાં આવેલ હતું. ત્યારબાદ કાર્યક્રમની પૂર્ણાહુતિ જાહેર કરવામાં આવેલ હતી.

★ **મંગળવાર, તા. ૨૬-૯-૨૦૧૭**

- નવરાત્રિ પાસના વિતરણનો હિસાબ ચાલુ. બધા સેન્ટર તથા કેટલાક મહાનુભાવોએ સાથે રહીને ૧૭૦૦ પાસનું વિતરણ કાર્ય કર્યું. તદુપરાંત લગભગ ૨૦૦ પાસનું કોમ્પ્લિમેન્ટરી તરીકે વિતરણ કરવામાં આવેલ હતું. ■

## અવસાન નોંધ

- **બુધવાર, તા. ૨૭-૯-૨૦૧૭**
  ડુંગરશીભાઈ રામજી ગાલા (રાયણ - કચ્છ)
  *(કચ્છના જાણીતા દાનવીર અને નવનીત પ્રકાશન પરિવાર)*
- **શનિવાર, તા. ૭-૧૦-૨૦૧૭**
  શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી હીરજી પાસુભાઈ શાહના ધર્મપત્ની શ્રીમતી જયાબેન હીરજી શાહ (ઉં.વ.-૮૫) (શેરડી (તા. માંડવી) - અમદાવાદ)નું દુઃખદ અવસાન થયેલ છે.

***સદ્‌ગતશ્રીઓના આત્માને પ્રભુ શાંતિ બક્ષે તેવી પ્રાર્થના.***



Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

HOME DESIGN
FURNITURE
Showroom & Mfg. of Wooden Furniture

Specialist for
Dining Table
Sofa Set
Bedroom Set

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

INDOTEX
PAINTS
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

જગદીશભાઈ શીવરામભાઈ મજીઠિયા (ઠક્કર)
ઉપપ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ, અમદાવાદ
સુગર બ્રોકર :
મોમાઈ સુગર કોર્પોરેશન - અશ્વિન : ૯૭૨૩૧૧૧૧૫૫
મહાકાલ સુગર સપ્લાયર્સ - ત્રિવિન : ૯૯૦૪૫૭૭૫૫૫
માધુપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

H. Patel & Associates
Chartered Accountant
Contact:
Harsukh Patel 9825070384
Ghanshyam Patel 9426172584
80, Pankaj Society, Near Anjali BRTS, Anjali Char Rasta,
Paldi Bhatha, Ahmedabad. Ph: (079) 25331982

આપના ફર્નિચરની દીર્ઘાયુષની ખાત્રી સાથે
ઈમ્પોર્ટેડ પાઈનવુડના M.R., B.W.P.,
ફલસડોર, બ્લોકબોર્ડ, પ્લાયવુડ
વિલમોર પ્લાય પ્રા.લિ.
All Products ISI
ભચાઉ-અંજાર રોડ, મુ. વરસામેડી, તા. અંજાર,
જિ. કચ્છ E-mail : willmoreply@yahoo.com
સંપર્ક :
નરસિંહભાઈ એન. પટેલ - ૯૮૨૫૨ ૪૩૫૫૭
ચંદ્રકાન્તભાઈ ઘોઘારી - ૯૮૨૫૦ ૩૨૦૫૪
અર્જુનભાઈ પટેલ - ૯૪૨૭૬ ૧૪૩૩૦



AMBICA TIMBER MART
logs. lumber. select veneers.
THE AARYAN (Construction Company)
FORESTRY PRODUCTS (Export and Import)
ALL NATURAL (Agro and Mineral Products)
Opp. The Grand Bhagwati, S.G.Road, Bodakdev, Ahmedabad - 54.
Tel: 079 - 26855764, 26852438, 65416036 Fax: +91-79 - 26855804
E-mail: ambica9002@yahoo.co.in Website : www.ambicatimbermart.com

Available on HIRE
- Gas Engine Driven Generators
Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

We Provide
- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
Deep Industries Limited
6th Floor, N.G. Tower,
Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
Deep Industries Limited
Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

MAHESHBHAI
M. : 92272 11715
SWASTIK
GUM INDUSTRIES (INDIA)
MANUFACTURERS & EXPORTERS OF
Guar Gum Refined Splits,
Powder & All Types of Textile Thickners,
Korma, Churi (Cattle Feed), Spices & Crude Drugs
328, G.V.M.M. Vasahat, Odhav, Ahmedabad-382 415.
Phone : (O) 2290 0063, 2290 0064 (R) 2287 0062
Fax : 91-79-2290 0065 E-mail : sgi@bom3.vsnl.net.in

REGD. NO. GAMC/1028/2015-17 VALID UPTO 31-12-2017 • R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH • POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

મારુ સ્વાસ્થ્ય - મારી હોસ્પિટલ
કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ
સીમ્સ હોસ્પિટલ - સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર
શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઈન્ટમેન્ટ માટે : ૯૧-૭૯-૩૦૧૦૧૨૦૦, ૩૦૧૦૧૦૦૮
મો. : +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧ • ફેક્સ : +૯૧-૭૯-૨૭૭૧૨૭૭૦
Email : opd.rec@cims.me
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (પાંચ નંબર)
Email : info@cims.me • Web. : www.cims.me

PRARAMBH
"ek nayi Zindagi ka"
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

A WORLD OF PRECISION
The cage making business is all about precision engineering
Precisely what our customers need to set the ball rolling !
TAPER ROLLER BEARING CAGES • SPHERICAL ROLLER CAGES
BRASS MACHINED CAGES • BALL BEARING CAGES
POLYAMIDE CAGES • STAMPED AUTO COMPONENTS
HARSHA ENGINEERS
Harsha Engineers Limited
Sarkhej-Bavla Road, Changodar,
Ahmedabad - 382 213.
Ph. : 91-2717-391200 Fax : 91-2717-391259
Email : marketing@harshaengineers.com
Visit us at : www.harshaengineers.com
ISO/TS 16949:2002 CERTIFIED

MEET RUDANI
+91 9726066655
MILAP PATEL
+91 9737524821
RUDANI
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle,
Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

અશોક રઘુરામ ઠક્કર
કરી લો ઘર આપના પોકેટમાં
વિષ્ણુધારા હોમ્સ હવે આપના બજેટમાં.
શ્રી વિષ્ણુધારા @ Gota. HOMES
1 & 2 BHK Apartments
સાઈટ ઓફીસઃ
વોડાફોન ટાવર પાછળ, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ-૮૧.
કોર્પોરેટ ઓફીસઃ બીજો માળ-૧૪, જે.બી.આર. આર્કેડ,
સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૬૦.
ફોન : ૮૮૬૬૧૦૪૪૯૯, ૮૮૬૬૩૦૪૪૯૯
ઉપલબ્ધ સુવિધાઓઃ
• ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડ્સ • સિનિયર સીટીઝન એરિયા
• ચિલ્ડ્રન પ્લે એરિયા • લેન્ડસ્કેપ ગાર્ડન

વિવિધ
યાદગાર પ્રસંગોએ
સ્વજનો-મિત્રોને ભેટ
આપવા જેવાં પુસ્તકો



ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો રૂમ
ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
સંસ્કાર સાહિત્યમંદિર
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કોલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259
ગૂર્જર સાહિત્ય પ્રકાશન
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટીસેન્ટર પાસે
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 98252 68759
ઈમેલ : gurjarprakashan@gmail.com

फ्रुटी भी, ज्युसी भी और मिल्की भी
सब मस्त है!



MICHI'S
Candies & Toffees
Manufacturer & Marketer of Confectionery Products
JRJ FOODS PVT. LTD.
#314 / 315, G.I.D.C., Phase 1, Chhatral, Taluka Kalol, Dist. Gandhinagar - 382 729. Gujarat INDIA
Phone : +91-2764-234400 / 11 / 12 • Cell : +91 99090 23957/58 • Fax : +91-2764-234200
E-mail : salessupport@jrjfoods.com • Website : www.jrjfoods.com facebook.com/MichisTreats

The Name Says its all
Il Radha Vallabh Group



Bonafide Brokers
138/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Phone : 22124412, 22120234, 22160418 (R) 22865419
Mobile : Chamanbhai - 9925070719, Nileshbhai - 98250 70719
Nelco Agency
137/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Amitkumar : 9879024849
Aryan Agency
Chamanbhai : 9925070719
Jaya Marketing
Hirenkumar : 9879997777
Branch Office :
A-410, City Center, Opp. Idgah Police Chowki, Prem Darwaja Road, Ahmedabad.
Web : www.bonafidebrokers.com

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/-